દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 247 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ આશ્વિન સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 October 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૭ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સરકારી કર્મચારીઓ અને ખેડૂતોને દિવાળીની ભેટ

## ડીએ અને ડીઆરમાં વધારો પહેલી જુલાઈથી લાગુ પડશેઃ રવી પાકના લઘુતમ ટેકાના ભાવ વધારાયા

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાંમાં પહેલી જુલાઈથી લાગુ પડે તે રીતે ત્રણ ટકા (પર્સન્ટેજ પૉઈન્ટ)નો વધારો કરવાની, રવી પાકના લઘુતમ ટેકાનો ભાવ વધારવાની અને રવી પાક માટે યુરિયા સિવાયના ખાતર માટે રૂ. ૨૪,૪૭૫ કરોડ ફાળવવાની બુધવારે જાહેરાત કરી હતી.

દિવાળી પહેલાં સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયને કારણે ૪૯.૧૮ લાખ સરકારી કર્મચારીઓ અને ૬૪.૮૯ લાખ પેન્શનરો એમ કુલ મળીને એક કરોડ કરતાં પણ વધુ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે.

પ્રધાનમંડળની બેઠક બાદ કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના ડિયરનેસ અલાવન્સ (ડીએ)માં અને પેન્શનરોના ડિયરનેસ રિલીફ (ડીઆર)માં ત્રણ ટકાનો વધારો કરવાના પ્રસ્તાવને પ્રધાનમંડળની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

કેન્દ્ર સરકારના તમામ કર્મચારીઓ અને પેન્શનરોને તેમણે દિવાળીની શુભેચ્છા પણ આપી હતી.

સરકારના આ નિર્ણયને કારણે સરકારની તિજોરી પર પ્રતિવર્ષ રૂ. ૯,૪૪૮ કરોડનો બોજો પડશે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ આ વર્ષના માર્ચમાં સરકારે પહેલી જાન્યુઆરી ૨૦૨૪થી અમલી બને તે રીતે ડીએ/ડીઆરમાં ચાર પર્સન્ટેજ પૉઈન્ટનો વધારો કરી પચાસ પર્સેન્ટ કર્યો હતો.

ઑલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ-ઈન્ટસ્ટ્રિયલ વર્કર્સની બાર મહિનાની સરેરાશ આવકને આધારે ડીએમાં વધારો કરવામાં આવે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી પ્રધાનમંડળની બેઠકમાં આ માટેના વધારાના ભંડોળને મંજૂરી આપવામાં આવી હતી.

સાતમા વેતન પંચે કરેલી ભલામણ મુજબ સ્વીકાર્ય ફોર્મ્યુલા મુજબ જ આ વધારો કરવામાં આવ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૫-૨૬ની રવી પાકની મોસમ માટે સરકારે ઘઉંના લઘુતમ ટેકાના ભાવ પ્રતિક્વિન્ટલ ૬.૫૯ ટકા એટલે કે રૂ. ૨૨૭૫ પ્રતિક્વિન્ટલથી વધારીને રૂ. ૨,૪૨૫ કરવાનો નિર્ણય લીધો હતો.

મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હી વિધાનસભાની ચૂંટણી અગાઉ ઘઉંના લઘુતમ ટેકાના ભાવમાં પ્રતિક્વિન્ટલ રૂ. ૧૫૦નો વધારો કરવાના લેવામાં આવેલા નિર્ણયને મહત્ત્વનો માનવામાં આવે છે.

કરડીના લઘુતમ ટેકાના ભાવ પ્રતિક્વિન્ટલ રૂ. ૧૪૦ વધારીને રૂ. ૫,૯૪૦ પ્રતિક્વિન્ટલ, મસૂરના લઘુતમ ટેકાના ભાવ પ્રતિક્વિન્ટલ રૂ. ૨૭૫ વધારીને રૂ. ૬,૭૦૦, કઠોળના ભાવ પ્રતિક્વિન્ટલ રૂ. ૨૧૦ વધારીને રૂ. ૫,૬૫૦ અને સરસોંના ભાવમાં પ્રતિક્વિન્ટલ રૂ. ૩૦૦નો  કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં રવી પાકના લઘુતમ ટેકાના ભાવમાં દેશના સરેરાશ ઉત્પાદન ખર્ચના ૧.૫ ગણા કરવાની કરવામાં આવેલી જાહેરાતને અનુસરીને રવી પાકના પાકમાં આ વધારાની જાહેરાત કરવામાં આવી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આને કારણે ખેડૂતોને વધુ વળતર મળશે અને તેઓ આ પાકના ઉત્પાદન તરફ વળશે. (એજન્સી)

## ઉમર અબદુલ્લા બન્યા કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીરના પહેલા મુખ્ય પ્રધાન

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઉમર અબદુલ્લાએ બુધવારે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના પ્રથમ મુખ્ય પ્રધાન બનવાનું માન મેળવ્યું હતું. ઉમર જોડે સુરિન્દર ચૌધરીએ કાશ્મીરના નાયબ મુખ્ય પ્રધાન તરીકે સોગંદ લીધા હતા. કૉંગ્રેસ પ્રધાનમંડળમાં સામેલ થયું નથી. કૉંગ્રેસે સરકારને બહારથી ટેકો આપવાની જાહેરાત કરીને કહ્યું હતું કે તે કેન્દ્ર સરકારથી નારાજ છે, કારણ કે તેણે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો દેવાનું વચન પાળ્યું નથી.

સકીના ઈટ્ટુ, સતીશ શર્મા, જાવેદ ડાર અને જાવેદ રાણાએ કેબિનેટ પ્રધાન તરીકે સોગંદ લીધા હતા. જમ્મુના સુરિન્દર ચૌધરી ઉપરાંત જાવેદ રાણાને પ્રધાન બનાવતા સ્પષ્ટ થાય છે કે ઉમરે જમ્મુ વિસ્તાર તરફ ખાસ ધ્યાન આપ્યું છે. કાશ્મીરના બે પ્રધાનો છે-સકીના ઈટ્ટુ ને જાવેદ ડાર.



**નવા મુખ્ય પ્રધાનઃ** શ્રીનગરમાં શપથગ્રહણ કરતા અગાઉ જમ્મુ-કાશ્મીરના લે. ગવર્નર મનોજ સિંહાએ મુખ્ય પ્રધાનપદના દાવેદાર ઉમર અબદુલ્લાને અભિનંદન આપ્યા હતા. (એજન્સી)

સોગંદ સમારોહમાં ઈન્ડિયા બ્લોકના ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. કૉંગ્રેસ તરફથી પક્ષપ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને પક્ષનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી હાજર રહ્યાં હતાં. નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબદુલ્લાના આમંત્રણને માન આપીને ઈન્ડિયા બ્લોકના અનેક નેતાઓ આમાં હાજર રહ્યા હતા.

હાલમાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સ સૌથી મોટો પક્ષ તરીકે ઉભર્યો હતો. તેણે પોતાના દમ પર ૪૨ સીટ જીતી હતી. નેશનલ કોન્ફરન્સને જમ્મુ ક્ષેત્રના ચાર અપક્ષ વિધાનસભ્યોનો ટેકો મળ્યો. તદુપરાંત સીપીઆઈ-એમના એક સભ્યનો ટેકો પણ ઉમરને મળ્યો હતો. કૉંગ્રેસના છ વિધાનસભ્યોએ પણ નેશનલ કોન્ફરન્સની સરકારને ટેકો આપ્યો હતો. જેથી તેમને કુલ ૫૩ વિધાનસભ્યોને ટેકો મળ્યો હતો. જમ્મુમાં ભાજપે ૨૯ સીટ જીતીને તેનો દબદબો જાળવી રાખ્યો હતો. જોકે આ સંખ્યા સરકાર બનાવવા પૂરતી નહોતી. કાશ્મીરમાં ભાજપનું કમળ ખીલ્યું જ નહોતું. શુક્રવારે ઉમરને ચાર અપક્ષ અને કૉંગ્રેસના છ વિધાનસભ્યોનો સમર્થનપત્ર મળ્યો હતો. ઉમરે રાજભવન જઈને સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો. રવિવારે સાંજે રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ શાસન હટાવવાની અધિસૂચના જારી કરી હતી. આથી અહીં સરકાર રચવાનો માર્ગ મોકળો થયો હતો. સોમવારે ઉપરાજ્યપાલ એલ. જી. સિંહાએ ઉમરને ૧૬ ઓક્ટોબરે સરકાર રચવા આમંત્રણ આપ્યું હતું. મુખ્ય પ્રધાનના સોગંદ લેતા પહેલાં ઉમરે શ્રીનગરમાં શેરે કાશ્મીર શેખ મોહમ્મદ અબ્દુલ્લાની મજાર-એ-અનવર પર જઈને અંજલિ આપી હતી. જમ્મુ-કાશ્મીર પ્રદેશ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ તારીક હમીદ કર્રાએ બુધવારે કહ્યું હતું કે કૉંગ્રેસે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની જોરદાર માગણી કરી છે. વડા પ્રધાને જાહેર સભામાં રાજ્યનો દરજ્જો આપવાનું વચન દીધું હતું, પરંતુ હજી સુધી બહાલ કર્યો નથી. અમે નારાજ છીએ એટલે અમે તાત્પૂરતા પ્રધાનમંડળમાં સામેલ થયા નથી. કૉંગ્રેસ તેની લડાઈ ચાલુ રાખશે.

## સરહદ પારથી ત્રાસવાદ ફેલાવવાનું બંધ કરોઃ જયશંકર



ઈસ્લામાબાદમાં બુધવારે મળેલી એસસીઓ કાઉન્સિલ ઑફ હેડ્સ ઑફ ગવર્નમેન્ટની બેઠક દરમિયાન હસ્તધૂનન કરી રહેલા ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર અને પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફ. (એજન્સી)

ઈસ્લામાબાદઃ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે બુધવારે પાકિસ્તાન પર આડકતરો પ્રહાર કરતાં કહ્યું હતું કે સરહદ પારથી ત્રાસવાદ ફેલાવવાનું બંધ કરો. પાકિસ્તાન જ્યાં સુધી આતંકવાદ, ઉગ્રવાદ અને અલગતાવાદને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ બંધ નહીં કરે ત્યાં સુધી બંને દેશ વચ્ચે વેપાર, ઊર્જા, કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં આગળ વધવું શક્ય નથી. શાંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ)ને સંબોધન કરતાં જયશંકરે ભારપૂર્વક કહ્યું હતું કે બંને દેશ વચ્ચેના સહકારનો આધાર પરસ્પર આદર, સમાનતા, પ્રાદેશિક એકતા અને અખંડિતતા જાળવવા જેવી બાબતો પર છે. પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફના વડપણ હેઠળ મળેલી એસસીઓની બેઠકમાં જયશંકરે ભારતના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. જો બધા સાથે મળીને પ્રયાસ કરીશું અને આગળ વધીશું તો એને કારણે એસસીઓના તમામ સભ્ય દેશોને લાભ થશે. (એજન્સી)

## તમિળનાડુમાં ભારે વરસાદ, ડેમ છલકાયા

ચેન્નઈઃ પ્રાદેશિક હવામાન કેન્દ્ર, ચેન્નઈએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ચેન્નઈ અને તમિળનાડુના કેટલાક ભાગોમાં 'અત્યંત ભારે વરસાદ' થયો હતો જેના પરિણામે ડેમ ઝડપથી ભરાઈ ગયા હતા.

૧૫ ઓક્ટોબરે ઉત્તરપૂર્વ ચોમાસું શરૂ થયું ત્યારે પડોશી તિરુવલ્લુર જિલ્લામાં ચોલાવરમ જળાશયમાં એક જ દિવસે ૩૦૨.૬ મિમી વરસાદ થયો હતો.

અહીં નજીકના રેડહિલ્સ તળાવમાં ૨૭૯.૨ મિમી વરસાદ નોંધાયો હતો જ્યારે ચેમ્બરમબક્કમમાં ૮૫ મિમી, કન્નનકોટ્ટાઈ થરવોય કંડિગાઈમાં ૬૨, પૂંડીઃ ૬૦ અને વીરાનમમાં ૫૦.૨૦ મિમી વરસાદ નોંધાયો હતો.

ચેન્નઈ અને ઉપનગરોમાં પૂંડી, ચોલાવરમ, પુઝહલ (રેડહિલ્સ), કન્નનકોટ્ટાઈ થરવોય કંડિગાઈ, ચેમ્બરમબક્કમ અને વીરાનમ જળાશયોમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે, એમ જળ સંસાધન વિભાગે જણાવ્યું હતું..

આ છ ડેમમાં સંયુક્ત સંગ્રહ ૪૧.૬૧ ટકા (૫,૫૦૨.૧૭ એમસીએફટી, જે મંગળવારે ૪,૮૪૪.૨૦ એમસીએફટીથી વધીને) આજે ૬,૭૮૯ ક્યુસેક પાણીના સંયુક્ત પ્રવાહ સાથે રહ્યો હતો. ગયા વર્ષે આ જ દિવસે સંયુક્ત સંગ્રહ ૯,૧૪૨ એમસીએફટી હતો.

સમગ્ર રાજ્યમાં ૧૪,૧૩૯ સિંચાઈ ટાંકીઓમાંથી લગભગ ૮૯૧એ તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરી લીધી છે.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે બંગાળની ખાડી પરનું નીચા દબાણનું ક્ષેત્ર ડિપ્રેશન બનવાની સંભાવના છે અને મંગળવારે ચેન્નઈ તથા તમિલનાડુના અન્ય પ્રદેશોમાં તૂટક તૂટક, વ્યાપક વરસાદ પડ્યો હતો.


ચેન્નઈ, તિરુવલ્લુર અને રાજ્યના અન્ય ભાગોમાં મધ્યમથી ભારે, વ્યાપક વરસાદ પડ્યો હતો. સોમવાર રાતથી ચેન્નઈ અને તેના ઉપનગરોમાં અવાર-નવાર વરસાદ પડી રહ્યો છે. નાગરિક પ્રશાસને જણાવ્યું હતું કે ચેન્નઈમાં સબવેમાં પાણી ભરાયા નથી, જો કે, ઘણી જગ્યાએ પાણી ભરાયા હતા, અને ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશને કહ્યું હતું કે તે વરસાદી પાણીનો પમ્પથી નિકલ કરી રહ્યું છે.

સતત વરસાદ અને વાવાઝોડા સાથે શહેર અને ઉપનગરોમાં માર્ગ વપરાશકર્તાઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો છે. ચન્નઈ કોર્પોરેશને હેલ્પલાઈન નંબર ૧૯૧૩ જાહેર કર્યો હતો. શાળાઓ અને કોલેજો માટે રજા જાહેર કરવામાં આવી છે અને સરકારે લોકોને હવામાન અપડેટ્સ માટે તમિલનાડુ એલર્ટ એપ તપાસવા વિનંતી કરી છે.

મેટ્રો રેલ સહિતની ફ્લાઈટ અને ટ્રેન કામગીરીને અત્યાર સુધી કોઈ અસર થઈ નથી.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગમાં મંગળવાર સવાર સુધીમાં નીચા દબાણનો વિસ્તાર રચાયો છે.

'એક્સ' પરની એક પોસ્ટમાં, હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી બે દિવસ દરમિયાન તે ડિપ્રેશન તીવ્ર બનશે અને પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ ઉત્તર તમિલનાડુ, પુડુચેરીને અડીને આવેલા દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે આગળ વધવાનું ચાલુ રાખે તેવી શક્યતા છે.



ભારે વરસાદઃ ચેન્નઈમાં બુધવારે થયેલા ભારે વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જતાં લોકોને સલામત સ્થળે ખસેડવા બૉટનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી તો અનેક લોકોએ પાણી વચ્ચેથી પગપાળા માર્ગ કાઢ્યો હતો. (એજન્સી)



**સલામીઃ** અલ્જેરિયાની મુલાકાત દરમિયાન ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનું ગાર્ડ ઑફ ઑનરથી સન્માન કરવામાં આવ્યું હતું. (એજન્સી)

## દિલ્હી-બેંગલૂરુ વિમાનમાં બૉમ્બની ધમકી

નવી દિલ્હી : આકાસા એરના દિલ્હીથી બેંગલૂરુ વિમાનમાં બૉમ્બ હોવાની ધમકી મળતાં પ્લેન દિલ્હી પાછું ફર્યું હતું. આ પ્લેનમાં ૧૮૦ ઉતારુ અને કર્મચારી  હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે ફ્લાઈટ ક્યુપી૧૩૩૫ સલામત રીતે દિલ્હી હવાઈમથકે ઉતર્યું હતું. બૉંબની ધમકીને પગલે હવાઈમથકે કટોકટી જાહેર કરાઈ હતી.

વિમાનને આઈસોલેશન બેમાં મૂકવામાં આવ્યું હતું અને ઉતારુ અને કર્મચારીઓની સુરક્ષા માટે બધી જરૂરી પ્રોસિજરનું અનુસરણ કરવામાં આવ્યું હતું, એવી માહિતી દિલ્હી પોલીસે આપી હતી. છેલ્લા બે દિવસથી ભારતની બારેક ફ્લાઈટને બૉમ્બની ધમકી મળી છે, પરંતુ પ્લેનમાં કશું મળી આવ્યું નથી. આ ફ્લાઈટોમાં  અમુક વિદેશ મુકામે જનારી હતી.

દિલ્હી પોલીસે નિવેદનમાં કહ્યું હતું કે આકાસા એર ફ્લાઈટ દિલ્હીથી બેંગલૂરુ જઈ રહી હતી ત્યારે બૉમ્બની ધમકીનો સિક્યોરીટી એલર્ટ મળ્યો હતો. સ્ટાન્ડર્ડ સેફ્ટી પ્રોટોકોલને અનુસરીને ફ્લાઈટને પાછી દિલ્હી બોલાવામાં આવી હતી. વિમાને દિલ્હીના આઈજીઆઈ હવાઈમથકે સલામત ઉતરાણ કર્યું હતું. પોલીસના ડેપ્યુટી કમિશનર ઉષા રંગનાનીએ કહ્યું હતું કે વિમાનને આઈસોલેશન બેમાં મૂકવામાં આવ્યું હતું અને ઉતારુ અને કર્મચારીઓની સુરક્ષા માટે બધી જરૂરી પ્રોસિજરનું અનુસરણ કરવામાં આવ્યું હતું, (એજન્સી)

## નાઈજીરિયામાં ટેન્કરમાં વિસ્ફોટ થતાં ૧૪૦નાં મોત, ૫૦ ઘાયલ

અબુજાઃ નાઈજીરિયામાં ગેસોલિનનું ટેન્કર પલટી ગયા પછી એમાં થયેલા વિસ્ફોટમાં ૧૪૦ લોકો માર્યા ગયા હતા અને ૫૦ લોકો ઘાયલ થયા છે. ટેન્કર પલટી ગયા પછી અનેક લોકો એનું બળતણ મેળવવા માટે વાહન તરફ ધસી ગયા હતા ત્યારે વિસ્ફોટ થયો હતો.

પોલીસ પ્રવક્તા લવાન આદમે જણાવ્યું હતું કે, યુનિવર્સિટીની નજીકના હાઇવે પર મુસાફરી કરતી વખતે ટેન્કર ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવી દેતાં જીગાવા રાજ્યમાં મધ્યરાત્રિએ એ પલટી ગયું હતું અને પછી એમાં વિસ્ફોટ થયો હતો.

આદમે જણાવ્યું હતું કે, ''રહેવાસીઓ પલટી ગયેલા ટેન્કરમાંથી બળતણ કાઢી રહ્યા હતા, ત્યારે વિસ્ફોટ થયો હતો તેના કારણે એક વિશાળ આગ ફાટી નીકળી હતી જેમાં ૯૪ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતાં.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ માટે ઝારખંડમાં જીત શક્ય, મહારાષ્ટ્રમાં કપરા ચઢાણ

**અંતે** મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી. હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીરની ચૂંટણીની સાથે જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવશે એવું મનાતું હતું પણ ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણીની તારીખોની જાહેરાત ટાળી હતી. હવે બંને રાજ્યોમાં ચૂંટણીની પ્રક્રિયા પૂરી થતાં જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. બલ્કે પંચે જાહેરાત કરવી પડી છે કેમ કે મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે અને ઝારખંડનો કાર્યકાળ ૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પૂરો થાય છે.

આ સંજોગોમાં ઝારખંડમાં ચૂંટણી પંચ પાસે બે મહિના જેટલો સમય છે પણ મહારાષ્ટ્રમાં રાહ જોઈ શકાય તેમ નથી એટલે ચૂંટણી પંચે મંગળવારે બપોરે ૩.૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરીને મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી નાખી. ચૂંટણી પંચે ૧૪ રાજ્યોની ૪૮ વિધાનસભા અને ૩ લોકસભા સીટો માટે પેટાચૂંટણીની તારીખોની પણ જાહેરાત કરી નાખી છે.

ચૂંટણી પંચે કરેલી જાહેરાત પ્રમાણે મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે જ્યારે ઝારખંડમાં બે તબક્કામાં ૧૩ અને ૨૦ નવેમ્બરે મતદાન થશે. મહારાષ્ટ્રમાં છેલ્લા બે વખત એટલે કે ૨૦૧૪ અને ૨૦૧૯માં એક તબક્કામાં જ ચૂંટણી યોજાઈ હતી કેમ કે મહારાષ્ટ્ર શાંત રાજ્ય છે અને ચૂંટણી દરમિયાન હિંસાનો ટ્રેક રેકોર્ડ નથી. ૨૦૧૪માં તમામ ૨૮૮ બેઠક માટે ૧૫ ઓક્ટોબરે મતદાન થયું હતું જ્યારે ૨૦૧૯માં એક તબક્કામાં ૩૦ નવેમ્બરે મતદાન થયું હતું. તેનાથી વિપરીત ઝારખંડમાં ચૂંટણી વખતે હિંસા ના થાય તો જ નવાઈ એવી હાલત છે. ઝારખંડમાં તો ચૂંટણી ધૂમધડાકાભેર જ થાય છે.

ઝારખંડમાં છેલ્લી બે વિધાનસભા ચૂંટણી પાંચ-પાંચ તબક્કામાં કરવી પડી છે ત્યારે આ વખતે બે જ તબક્કામાં મતદાન થશે એ સારું છે. બંને રાજ્યોનાં ચૂંટણી પરિણામો ૨૩ નવેમ્બરે આવશે. કેરળના વાયનાડમાં ૧૩ નવેમ્બરે જ્યારે બંગાળના બસીરહાટ અને મહારાષ્ટ્રના નાંદેડમાં ૨૦ નવેમ્બરે લોકસભા બેઠકો માટે મતદાન થશે. કેરળની વાયનાડ બેઠક રાહુલ ગાંધીના રાજીનામાને કારણે ખાલી થઈ છે, મહારાષ્ટ્રની નાંદેડ બેઠક કૉંગ્રેસના સાંસદનું અવસાન થવાથી ખાલી થઈ છે અને પશ્ચિમ બંગાળની બસીરહાટ બેઠક તૃણમૂલના સાંસદના નિધનને કારણે ખાલી થઈ છે.

આ ઉપરાંત ૧૩ નવેમ્બરે ૪૭ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે અને તેમાં સૌથી મહત્ત્વની ઉત્તર પ્રદેશની ૯ બેઠકો છે. ઉત્તર પ્રદેશની નવ વિધાનસભા બેઠકો પર ૧૩ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે અને ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર થશે. યુપીમાં ૧૦ બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની હતી, પરંતુ કોર્ટમાં દાખલ અરજીને કારણે મિલ્કીપુરમાં પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી નથી. ઉત્તરાખંડની કેદારનાથ વિધાનસભા બેઠક પર ૨૦ નવેમ્બરે મતદાન થશે.

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની સાથે સાથે આ તમામ પરિણામો ૨૩ નવેમ્બરે આવશે. ચૂંટણી પંચે કરેલી જાહેરાતના કારણે હવે દેશમાં ૨૩ નવેમ્બર લગી ચૂંટણીમય માહોલ રહેશે. બજારમાં અત્યારે સાવ મંદીનો માહોલ છે અને દિવાળી હોવા છતાં દિવાળી જેવું લાગતું નથી ત્યારે આ સામાન્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓના કારણે ગરમીનો માહોલ આવશે એવી આશા છે.

રાજકીય રીતે મહારાષ્ટ્ર અને ઝારખંડ એ બંનેમાં વિધાનસભા ચૂંટણી અત્યંત મહત્ત્વની છે અને ભાજપ તથા કૉંગ્રેસ એ બંને રાજકીય પક્ષો માટે નિર્ણાયક છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ સ્પષ્ટ બહુમતી ના મેળવી શક્યો પણ હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પ્રમાણમાં સારો દેખાવ કર્યો છે. હરિયાણામાં ભાજપ ૪૮ બેઠક જીતીને સળંગ ત્રીજી વાર સરકાર બનાવવા જઈ રહ્યો છે.

હરિયાણામાં અત્યાર સુધી કોઈપણ રાજકીય પક્ષે સતત ત્રણ વખત સરકાર બનાવી નથી. હરિયાણામાં ભાજપન જીતની આશા નહોતી છતાં ભાજપ જીતી ગયો એ મોટી વાત છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ યોજાયેલી ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસે જીત મેળવી છે અને ઉમર અબ્દુલ્લાના નેતૃત્વમાં ગઠબંધન સરકાર બનાવવા જઈ રહી છે. કૉંગ્રેસ-નેશનલ કોન્ફરન્સને ગઠબંધનને ૪૮ બેઠક મળી હતી. ૧૫ વર્ષ પહેલાં ૨૦૦૯માં પણ કૉંગ્રેસ અને એનસી ગઠબંધનની સરકાર બની હતી. ત્યારે ઓમર ૩૮ વર્ષના હતા અને રાજ્યના સૌથી યુવા મુખ્ય પ્રધાન બન્યા હતા. આ વખતે ભાજપ સરકાર ના રચી શક્યો પણ તેનો દેખાવ ખરાબ નથી. ભાજપે ૨૯ બેઠક જીતીને પ્રમાણમાં સારો દેખાવ કર્યો છે.

જો કે મહારાષ્ટ્ર અને ઝારખંડ ભાજપ માટે વધારે મહત્ત્વનાં છે. મહારાષ્ટ્ર તો ઉત્તર પ્રદેશ પછી દેશનું બીજા નંબરનું સૌથી મોટું રાજ્ય છે. યુપીમાં લોકસભાની ૮૦ બેઠકો છે જ્યારે મહારાષ્ટ્રમાં ૪૮ બેઠકો છે એ જોતાં રાજકીય રીતે તો મહારાષ્ટ્ર મહત્ત્વનું છે જ પણ દેશનું કોર્પોરેટ કેપિટલ હોવાથી સૌથી વધારે ચૂંટણી ફંડ મળે છે તેથી મહારાષ્ટ્રમાં સત્તા હોય તેને ઘી-કેળાં થઈ જાય. આ કારણે પણ ભાજપ માટે મહારાષ્ટ્ર વધારે મહત્ત્વનું છે.

લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર અને ઝારખંડ બંનેમાં ભાજપનો દેખાવ બહુ વખાણવા જેવો નહોતો. મહારાષ્ટ્રમાં મહાયુતિ એટલે કે શિવસેના, ભાજપ અને એનસીપી અજિત પવાર જૂથની સરકાર છે પણ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આ મહાયુતિને કારમી હાર મળી હતી. મહારાષ્ટ્રની ૪૮ બેઠકમાંથી ઈન્ડિયા ગઠબંધનને ૩૦ અને એનડીએને ૧૭ બેઠક મળી હતી, જેમાં ભાજપને ૯, શિવસેનાને ૭ અને એનસીપીને માત્ર ૧ સીટ મળી છે. ભાજપને કુલ ૨૩ બેઠકનું નુકસાન થયું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને ૪૧ બેઠક મળી હતી. ૨૦૧૪માં આ આંકડો ૪૨ હતો એ જોતાં ૨૦૨૪માં ભાજપને અડધા કરતાં પણ ઓછી બેઠકો મળી છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીનાં પરિણામોને આધારે આગાહી થઈ રહી છે કે, ભાજપની વિધાનસભામાં લગભગ ૬૦ બેઠકો સુધી ઘટી જશે. એમવીએ એટલે કે મહાવિકાસ આઘાડીને રાજ્યની ૨૮૮ બેઠકમાંથી ૧૬૦ બેઠક મળવાનો અંદાજ છે જ્યારે ભાજપનો મોરચો ૧૦૦ બેઠકોમાં સમેટાઈ જશે. ભાજપ માટે મરાઠા આંદોલન સૌથી મોટો પડકાર છે. શિવસેના અને એનસીપીમાં ભંગાણ કરાવતાં લોકો ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે તેના કારણે ભાજપ મહારાષ્ટ્રમાં જીતશે તો હરિયાણા પછી બીજો મોટો ચમત્કાર હશે.

ઝારખંડમાં મહાગઠબંધન એટલે કે ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ની આગેવાની હેઠળની સરકાર છે જેમાં કૉંગ્રેસ, આરજેડી અને ડાબેરી પક્ષો છે પણ લોકસભા ચૂંટણીમાં ૧૪માંથી ૯ બેઠકો સાથે ભાજપનો હાથ ઉપર રહેલો તેથી ભાજપ જીતનો આશાવાદ ધરાવે છે. ઝારખંડમાં ભાજપે સંથાલ પરગણા અને કોલ્હાન વિભાગની ૩૨ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જાન્યુઆરીમાં હેમંત સોરેનને ભ્રષ્ટાચારના કેસમાં જેલભેગા કરાતાં રાજીનામું આપવું પડેલું અને ૧૫૬ દિવસ ચંપાઈ સોરેન મુખ્ય પ્રધાન બનેલા. હવે ચંપાઈ ભાજપમાં જોડાયા તેથી ભાજપને ચંપાઈ ફળવાની પણ આશા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌરશરદઋતુ), ગુરુવાર, તા. ૧૭-૧૦-૨૦૨૪. કાર્તિક સ્નાનારંભ, મહર્ષિ વાલ્મીકિ જયંતી

- ભારતીય દિનાંક ૨૫, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૬-૧૯ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૬-૧૯ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૪ , અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭ સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૨ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧-૧૮, મધ્ય રાત્રે ક. ૦૦-૦૪ (તા. ૧૮)
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૪ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - પૂર્ણિમા. કાર્તિક સ્નાનારંભ, જયેષ્ઠાપત્ય નિરાંજન નવાન્નભક્ષણ, કુલધર્મ સૂર્ય નિરયન તુલા રાશિમાં ક. ૦૭-૪૩. સંક્રાંતિ પુણ્યકાળ ક. સૂર્યોદયથી ક. ૧૧-૫૨. અન્વાધાન, મહર્ષિ વાલ્મીકિ જયંતી, વિષ્ટિ ક. ૦૬-૪૮ સુધી, પંચક સમાપ્તિ ક. ૧૬-૧૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સૂર્યોદયથી ક. ૧૨-૫૨માં શુભકાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-બુધ ગ્રહદેવતાનું પૂજન, પૂષા દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શાંતિપૌષ્ટિક, સર્વશાંતિપૂજા, સૂર્ય સંક્રાંતિ પુણ્યકાળમાં સાંસારિક શુભ કાર્યો વર્જ્ય છે. પુણ્યકાળમાં તીર્થમાં સ્નાન, સૂર્ય, વિષ્ણુ, ઋષિ, પિતૃતર્પણનો મહિમા, પ્રાયશ્ચિત્ત સ્નાનનો મહિમા, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ. ચંદ્રબળ જોઈ શુદ્ધ સમયમાં સીમંત સંસ્કાર.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ વ્યવહારમાં મુશ્કેલી આવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-મિથુન, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# તમન્ના બર આઈ નહીં, ઉમ્મીદ નજર આતી નહીં: એક બાદશાહે જ્યારે તેના ત્રણ રાજકુંવરોની કસોટી કરી

*મત સોચ જિંદગીમે કિતને પલ હૈ*
*દેખો કે હર પલમે કિતની જિંદગી હૈ.*

ગાલિબ સા'બની ઉપરોક્ત પંકિતઓથી આજના આ પ્રતીકાત્મક બોધ કથાથી લેખનો પ્રારંભ કરવાની રજા લઉં છું:

એક અતિ વિશાળ સામ્રાજ્યનો પ્રજાપ્રિય વત્સલ અને ન્યાયી મહારાજા હતો. સુખી રૈયત અમન-ચમનમાં રહેતી હતી કોઈપણ સંજોગોમાં રાજા રાજધર્મ નિભાવતો હતો.

- હવે તે વૃદ્ધ થતો જતો હતો, અને રાજકાજનો ભાર વહેવા અસમર્થ થતો જતો હતો.

- પોતાનો અનુગામી ઘોષિત કરવાનો તેણે નિર્ણય કર્યો.

- તેને ત્રણ રાજકુંવરો હતા.

- તે જયેષ્ઠ નહીં, પરંતુ યોગ્ય પુત્રને રાજ્યનું સુકાન સુપ્રત કરવા ઈચ્છતો હતો.

- પુત્રોની કસોટી કરવા તેણે તકલાદી ત્રણ ખોરડા બનાવી પુત્રોને આપ્યા અને સાથે ૧૦૦ સોનામહોરો આપી અને કહ્યું કે દરેકને ૧૦૦ સોનામહોરો આપું છું. ત્રણ માસ પછી જોઈશ કે તમે તેનો કેવો ઉપયોગ કર્યો છે. તમારા દરેક માટે કાચાં મકાનો બાંધ્યાં છે, તે તકલાદી છે. ક્યારે પણ પડી જાય તેથી સાવચેત રહેજો.

- જોતજોતામાં ત્રણ માસ વીતી ગયા. મહારાજ પુત્રોનાં પરાક્રમો નિહાળવા નીકળ્યા:

- પહેલા પુત્રના મકાને ગયા. તે ખાલીખમ હતું. પુત્રને મહોર વિષે પૂછ્યું. પુત્ર કહે, પિતાજી ૧૦૦ મહોરમાં શું થાય? ખાઈપીને મજા માણવામાં ગણત્રીના જ દિવસમાં ઊડી ગયા. ઉપરાંત દેવું થઈ ગયું.

- મહારાજ બીજા પુત્રને મકાને ગયા. દ્વાર ખોલતાં જ અસહ્ય દુર્ગંધ આવી. મહારાજ અને રસાલાએ નાકે કપડું ધરવું પડ્યું.

- આ પુત્રને નગરની ચિંતા, રહેવાસીઓની નકારાત્મક માહિતી, કુટેવો વગેરે એકઠા કરી તેમાં મરચું-મીઠું ભભરાવી રસદાયક અફવાઓ ફેલાવે.

હવે મહારાજ ત્રીજા પુત્રને ઘરે આવ્યા. તેણે મકાન ખોલી રાજાને સન્માનથી આવકારી આસન ધર્યું.

- ઘર ખાલીખમ હતું. રાજાએ તેની ઉપલબ્ધી વિષે પૂછ્યું. પુત્રે એક કોડિયામાં ઘી ભરી રૂની વાટકી કરી તેને પ્રગટાવ્યો ઓરડો પ્રકાશથી ઝળહળી ઊઠ્યો. પુત્ર કહે, મેં માત્ર બેજ મહોર વાપરી છે. હજી ૯૮ મહોર મારી પાસે છે.

- કહેવાની જરૂર નથી કે રાજાએ રાજપાટ કોને આધીન કર્યું.

પ્રિય વાચક મિત્રો! આ પ્રતીકાત્મક બોધકથા છે.

* ખોરડું માનવ શરીર છે. જે ઘણું જ તકલાદી છે. ક્યારે પણ તૂટી પડે.

* ૧૦૦ સોનામહોરો આયુષ્ય છે જે મહત્તમ એકસો વર્ષનું હોઈ શકે. તેના સદુપયોગ અથવા દૂરુપયોગ આપણા હાથની વાત છે.

* રાજકુંવરોનું આચરણ દર્શાવે છે કે આ જગતમાં ત્રણ વર્ગના મનુષ્યો વસે છે.

* પ્રથમ વર્ગ માને છે કે માત્ર અય્યાશી કરવા જ અમો અવતરિયા છીએ. વૈભવશાળી જીવન માટે નાણાં ઉપલબ્ધ કરવા યેન-કેન માર્ગો અપનાવે છે. આભ આંબતી મહત્ત્વકાંક્ષાઓ પૂરી કરવા ઉધાર ધનથી વિશાળ રોકાણો કરે છે. તમામ હદો ઓળંગાઈ જાય છે. અને એક દિવસ ચારે તરફથી આર્થિક ભીંસમાં સપડાઈ જાય છે. તમન્ના બર આઈ નહીં, ઉમ્મીદ નજર આતી નહીં. આત્મહત્યા સિવાય કોઈ વિકલ્પ સૂઝતો નથી.

સ્વ, પરિવારસહ અથવા પરિવારની હત્યા કરી મૃત્યુ ભેટનારાઓના સમાચાર અવારનવાર વાંચીએ છીએ.

- પવિત્ર કુરાન તેમને ચેતવતા કહે છે:

* ''પોતાના હાથને તદ્દન છૂટો દોર આપી ન દો કે જેથી નિંદાપાત્ર અને નિઃસહાય બનીને રહી જાઓ.''

- બીજો વર્ગ અન્યોની ત્રૂટીઓ અને વેદનાઓ ખંખોળવામાં વ્યસ્ત રહે છે. અફવાઓ ફેલાવી સંસારો ઉજાડવા અને સમાજમાં વૈમન્યસતા પ્રસારવી તેમનું મુખ્ય કાર્ય!

- આ વિનાશક તત્ત્વો વિષે પવિત્ર કુરાન કહે છે:

* અવશ્ય અમૂક કુશંકાઓ થાય છે. જાસુસી તેમજ એકબીજાની કાનકસી ન કરો. અને કુથલીની ધૃણા કરો. * ત્રીજો વર્ગ પવિત્ર કુરાન કહે છે: * અમે માનવજાતને અને જીન્નાતોને અમારી ઉપાસના માટે સર્જ્યા...! તેને યથાર્થ કરે છે. * તે કોઈનામાં હસ્તક્ષેપ કે વિક્ષેપ કરતો નથી. ઈસ્લામમાં તેની વિચારધારાને સુસગ સઘળી જીવન પ્રવૃત્તિઓ ઈબાદત છે. * લગ્ન કરવા, * સંતાનોને ઉછેરવા, * આજીવિકા કમાવવી, * નિંદ્રાધીન થવું, * દાંપત્ય ભોગવવું, * સુગમ સંબંધો નભાવવા - વગેરે દરેક શ્વાસો શ્વાસમાં બંદગી સમાયેલી છે.

- હવે વિચારી જુઓ કે આમાં આપનો પ્રકાર કેવો છે?

**-આબિદ લાખાણી**

*******

### ઈન્સાનને ગુમરાહ કરતું સેતાન ઈબ્લીસના પ્રભાવનું કારણ

અલ્લાહના પયગંબર હુઝૂરે અનવર (સલ.)મે ફરમાવ્યું કે, 'એક દિવસ હઝરત મુસા (અ.સ.) બેઠા હતા, ત્યારે તેમની સેવામાં ઈબ્લીસ આવ્યો. ઈબ્લીસ પોતાના માથા પરથી ટોપી ઉતારીને તેઓ સામે ઊભો રહી ગયો અને સલામ કરી.'

- હઝરત મુસાએ પૂછ્યું, 'તું કોણ છે?'

- તેણે કહ્યું, 'હું ઈબ્લીસ છું.'

- હઝરત મુસાસાહેબે કહ્યું, 'ખુદા તારો છાયો કોઈ પર પડવા ન દે!'

- ઈબ્લીસે કહ્યું, 'અલ્લાહની નજરોમાં આપનો બહુ ઊંચો દરજ્જો છે, તેથી હું આપને સલામ કરવા માટે હાજર થયો છું.'

- હઝરત મુસા અલૈહિસલ્લામે કહ્યું, 'મને એ તો કહે કે, એવા કયા ગુનાહ છે કે જેના લીધે તું લોકો પર કાબૂ મેળવી લે છે અને તેનાથી લોકો તારા કાબૂમાં આવી જાય છે, તારા નિયંત્રણની કેદમાં ફસાય જાય છે?'

- ઈબ્લીસે કહ્યું, 'અય હઝરત! જ્યારે કોઈ માણસ પોતાની જાતને કંઈક સમજવા લાગે છે અને તેના મગજમાં હું પદ અને અભિમાન-ઘમંડ પેદા થઈ જાય છે, ત્યારે તરત જ તે મારા કબજામાં આવી જાય છે. એવા જ લોકો મારા શિકાર બની જાય છે કે જે પોતાને મોટા સમજવા લાગે છે, તેમ જ નાનકડા કામને મોટી સફળતા સમજી લે છે. પોતાના ગુનાહોને હલકા સમજનારા સહેલાઈથી મારી જાળમાં ફસાઈ જાય છે.'

- આ દાસ્તાન (કથની, હકીકત) બયાન-રજૂ કર્યા પછી અંતમાં આપ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલૈયહિ વઆલેહિસ્સલ્લામ (ભાવાનુવાદઃ આપના પર અલ્લાહના આશીર્વાદ રહે, આપને અને આપના વંશજનો-પરિવારજનો પર પોતાની શુભેચ્છા મોકલે, શાંતિ અર્પે) એ ફરમાવ્યું કે,

- 'અલ્લાહતઆલાએ પયગંબર હઝરત દાઉદ (અ.સ)ને વહી (આકાશવાણી) ફરમાવી કે, અય દાઉદ! ગુનેગારોને મારી રહમત (દયા, દેણગી)ની ખુશખબરી આપો અને નેક લોકો (પ્રમાણિક, ભલાઈ, સચ્ચાઈ પર ચાલનારા)ને મારા અઝાબ (દુઃખ, કષ્ટ, વિપતી, યાતના)થી ડરાવો...!'

- હઝરત દાઉદ (અ.સ.)એ પૂછ્યું, 'યા ખુદાયા! હું ગુનેગારોને ખુશખબરી કઈ રીતે આપું અને નેક લોકોને કઈ રીતે ડરાવું?'

- ત્યારે અલ્લાહે ફરમાવ્યું, 'અય દાઉદ! ગુનેગારોને ખુશખબરી આપો કે હું તૌબા (કરેલા ગુનાઓની માફી-ક્ષમા ફરી ન કરવાની શરતે) કબૂલ કરું છું, ગુનાહોને માફ કરું છું, અને સદ્દીકીન (સત્યનિષ્ઠ)ને ડરાવો કે તેઓ પોતાના અમલ (કર્મ) પર ઘમંડ-અભિમાન ન કરે, કેમ કે મેં જેને હિસાબની જગ્યામાં ઊભા રાખ્યા તે હલાક (મૃત) નિષ્ફળ થયા છે...!' (સફાનતુલ બેહાર, ભાગ-૨, પાના-૧૬૨નું ભાવાનુવાદ)

******

### સાપ્તાહિક સંદેશ

જેવી રીતે તમે મુસીબતની હાલતમાં ખુદાથી ડરો છો તેવી રીતે સુખી હાલતમાં પણ ખુદાથી ડરતા રહો, કેમ કે જેને ખુદા માલોદોલત આપે છે તે તેને ખુદાની તરફથી અજમાયશ-પરીક્ષા ન સમજે તો એવો ઈન્સાન ભવિષ્યમાં ખોફ-ડરથી બેગમ (દુઃખ વિનાનો) રહે છે અને જેના માલને ખુદા લઈ લે છે તેને જો ખુદાની તરફથી અજમાયશ ન સમજે તો તે ભવિષ્યમાં ખુદાની રહમત (દયા, દેણગી)થી નાઉમ્મેદ (નિરાશ) રહે છે.

**બોધઃ** સુખ અને દુઃખ બંને સ્થિતિ પરીક્ષાની છે. માટે એ બંને સ્થિતિઓમાં આશા અને ભય વચ્ચે રહેવું જોઈએ. હદીસઃ હુઝૂરે અનવર (સલ.)ના કથન-વાક્ય. ■

# મોદી ભાજપના પ્રથમ 'સક્રિય સભ્ય' બન્યા



**ભાજપના પ્રથમ સક્રિય સભ્યઃ** પક્ષના વડા જે. પી. નડ્ડા અને મહામંત્રી વિનોદ તાવડેની ઉપસ્થિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સક્રિય સદસ્ય અભિયાનના પ્રથમ સક્રિય સભ્ય બન્યા હતા. (એજન્સી)

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ભાજપના પ્રથમ સક્રિય સભ્ય બન્યા હતા. તેમણે પક્ષનું 'સક્રિય સભ્ય અભિયાન' લોન્ચ કર્યું હતું.

મોદીએ 'સક્રિય સદસ્યતા'ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડા અને મહામંત્રી વિનોદ તાવડે જેઓ રાષ્ટ્રવ્યાપી સદસ્યતા ઝુંબેશના કન્વીનર છે તેમની હાજરીમાં સ્વીકારી હતી. ભાજપના સક્રિય સભ્યે ઓછામાં ઓછા ૫૦ વ્યક્તિઓને બૂથ કે વિધાનસભા બેઠકમાં પક્ષના સભ્યો બનાવવા પડે. ફક્ત સક્રિય સભ્યો પક્ષની સંસ્થાકીય ચૂંટણીમાં ભાગ લઈ શકશે. આ ઝુંબેશ પતી ગયા બાદ ભાજપમાં સંસ્થાકીય ચૂંટણી થશે.

મોદીએ 'એક્સ' પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે વિકસિત ભારત સર્જવાના અમારા પ્રયાસો વેગવંતા બન્યા. ભાજપ કાર્યકર્તા તરીકે પ્રથમ સક્રિય સભ્ય બનીને અને 'સક્રિય સભ્ય અભિયાન' લોન્ચ કરીને ગર્વ અનુભવું છું. આ ચળવળથી આપણો પક્ષ જમીની સ્તરે મજબૂત બનશે અને રાષ્ટ્રીય પ્રગતિમાં આપણા પક્ષના કાર્યકર્તાના અસરકારક યોગદાનની ખાતરી મળશે. મોદીએ નોંધ લીધી હતી કે 'સક્રિય સભ્યો મંડળ કમિટી માટે ચૂંટણીમાં ઊભા રહી શકશે. આ સાથે તેમને ભવિષ્યમાં પક્ષ માટે કામ કરવાની અનેક તક મળશે. ભાજપ દર છ વર્ષે સભ્ય બનાવાની ઝુંબેશ લોન્ચ કરે છે. હાલના ભાજપના દરેક સભ્યે નવેસરથી સભ્ય બનવું પડશે. આની સાથે નવા સભ્યોને પણ સામેલ કરાય છે. (એજન્સી)

## ત્રણ સગીરોને બાંધીને પરેડ કરાવવા બદલ બે ઈસમ સામે કેસ નોંધાયો

ભોપાલ : મધ્ય પ્રદેશના છત્રપુર જિલ્લામાં સગીર વયના ત્રણ છોકરાઓએ ચોરી કરી છે એવી શંકાથી પ્રેરાઈને તેમને બાંધીને પરેડ કરવા બદલ પોલીસે બે ઈસમ સામે કેસ નોંધ્યો છે. રવિવારે હરપાલપુરમાં પોલીસે સગીર વયના ત્રણ છોકરાઓ સામે લૂંટનો કેસ નોંધ્યો હતો. આ ત્રણેને સાથે બાંધીને તેમની નગરમાં પરેડ કરાવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર આનો વીડિયો વાઈરલ થતાં અને સગીર વયના એક છોકરાએ ફરિયાદ કરતાં પોલીસે રવિવારે સાંજે કૈલાસ દ્વિવેદી અને દેવ પરમાર સહિત અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો હતો, એવી માહિતી પોલીસે આપી હતી. પોલીસે કહ્યું હતું કે આરોપીની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૬ (અશ્લીલ હરકત), ૧૧૫(૨) (ઈજા પહોંચાડવી), ૩૫૧(૨) (ફોજદારી ધમકી), ૩(૫) (સામાન્ય હેતુ માટે અનેક લોકોએ કરેલું ફોજદારી કૃત્ય) અને ૧૨૭(૨) (ખોટી રીતે બંદી બનાવવો) અને જુવેલાઈન જસ્ટિસ એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ કરાયો છે. (એજન્સી)



હરિયાણાના મુખ્ય પ્રધાનઃ હરિયાણાના પંચકુલામાં સર્વાનુમતિથી મુખ્ય પ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા બાદ નાયબ સિંહ સૈનીને અભિનંદન આપી રહેલા કેન્દ્રીય પ્રધાન અમિત શાહ. (એજન્સી)

# ગુજરાતની વાવ બેઠક પર આપ ઝંપલાવશેઃ ત્રિપાંખિયો જંગ ખેલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનુ રણશિંગુ ફૂંકાઇ ચૂક્યું છે. આ બેઠક પર સતત બે વાર કૉંગ્રેસ જીતી ચૂકી છે. છેલ્લે લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી સાસંદ બનેલા ગેની બેન ઠાકોરે વાવના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યા બાદ ખાલી પડેલી આ બેઠકની પેટા ચૂંટણીમાં ફરી એકવાર ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે જંગ જામવાની ચર્ચાએ વચ્ચે હવે આમ આદમી પાર્ટી પણ આ બેઠક પર ચૂંટણી લડશે. સીધા મુકાબલામાં જીતતી કૉંગ્રેસ આ વખતે ત્રિપાંખિયા જંગમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી વખતે થયેલા સેટબેક જેવો સામનો કરવો પડશે એવું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં આપ ત્રીજા મોરચા તરીકે મેદાનમાં ઉતરતા કૉંગ્રેસનાં પરંપરાગત વોટમાં મોટુ ગાબડુ પડ્યું હતું અને રાજકીય ઇતિહાસમાં સૌથી ઓછી ૧૭ બેઠકો જ મળતા વિધાનસભામાં વિપક્ષી પદથી પણ વંચિત રહેવું પડ્યું હતું. વિધાનસભામાં થયેલા કડવા અનુભવ બાદ કૉંગ્રેસે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ગઠબંધન કરીને આપને લોકસભાની ભાવનગર અને ભરુચ એમ બે બેઠકો આપી હતી પરંતુ વાવ વિધાનસભા બેઠક પર હવે આ ગઠબંધન રહેવાનું નથી. આમ આદમી પાર્ટીના ઉમેદવાર સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે. આપ વતી નેતા રમેશ પટેલ વાવથી ચૂંટણી લડે એવી પૂરી શકયતા છે.

દરમિયાન બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી મિહિર પટેલે વાવ વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત માહિતી આપતા જણાવ્યું હતું કે, વાવ વિધાનસભા વિસ્તારમાં કુલ ૩,૧૦,૬૮૧ મતદારો નોંધાયા છે. જેમાં ૧,૬૧,૨૯૩ પુરુષ તથા ૧,૪૯,૩૮૭ સ્ત્રી મતદારો અને ૦૧ અન્ય મતદારનો સમાવેશ થાય છે. ૦૭-વાવ વિધાનસભા બેઠક માટે તા.૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. વાવ વિધાનસભા બેઠક માટે તા.૧૮ ઑક્ટોબરથી તા.૨૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય ઉમેદવારીપત્રો ભરવામાં આવશે.

વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૩૨૧ પોલીંગ સ્ટેશન આવેલા છે. જેમાં તા.૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં ૧,૬૧,૨૯૩ પુરુષ, ૧,૪૯,૩૮૭ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૧ મતદારોનો સમાવેશ થાય છે. કુલ ૨૫૮૧ પી.ડબલ્યુ.ડી.મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, કુલ ૦૭ સખી મતદાન મથકો, ૦૧ આદર્શ મતદાન મથક તથા ૧-૧ પી.ડબલ્યુ.ડી. અને ઇકો ફ્રેન્ડલી મતદાન મથક ઊભું કરાશે. દરેક મતદાન મથક પર મેડિકલ સ્ટાફ રહેશે. મતદાન મથકો ખાતે કુલ ૧૪૧૨ જેટલા અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવશે.

જિલ્લા કક્ષાના વેર હાઉસ ખાતે વાવ વિધાનસભા ચૂંટણી માટે ૬૨૬ સી.યું, ૬૩૪ બી.યુ અને ૬૨૩ વી.વી.પેટ ઉપલબ્ધ છે. રાજકીય પક્ષોમાં પ્રતિનિધિઓની હાજરીમાં રેન્ડમાઇઝેશન પ્રક્રિયા હાથ ધરાશે. પોલીસ બંદોબસ્તથી લઈને તમામ પારદર્શિત કામગીરી કરવામાં આવશે. જિલ્લામાં વિવિધ કામગીરીને લઈને નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર સક્રિય હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું. ■

# કંડલા બંદર પર ખાદ્ય તેલના ટાંકામાં ઉતરેલા પાંચ કર્મચારીઓનાં ગૂંગળાઈ જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના કંડલા બંદરની નજીક આવેલી ઈમામી એગ્રોટેક નામની કંપનીનો નકામા ખાદ્ય તેલના કદડાનો સંગ્રહ કરનારી એક ટાંકી જાણે મોતનો કૂવો બની હોય તેમ તેમાં ઝેરી ગેસના ગળતરના કારણે એક સાથે પાંચ-પાંચ કર્મચારીઓનાં ગૂંગળાઈને મોત નીપજતાં કચ્છભરમાં અરેરાટી ફેલાવા પામી છે.

આ દુર્ઘટના મંગળવારે મધ્યરાત્રી બાદ બનવા પામી હતી અને નકામા ખાદ્ય તેલના કદડાનો સંગ્રહ કરતી ટાંકીના નિરીક્ષણ માટે એક સુપરવાઈઝર ગયા હતા પણ ગણતરીની સેકંડોમાં જ તેને ઝેરી ગેસથી ગૂંગળામણ થતાં તે બેહોશ થઈને ટાંકીમાં પટકાયા હતા. સુપરવાઈઝરને ટાંકીમાં તરફડતા જોતાં તેની સાથેના અન્ય ચાર કર્મચારીઓ પણ એક બીજાને બચાવવાના હેતુથી આ મોતના ટાંકામાં પડ્યા હતા પણ તે તમામના ઝેરી ગેસના ગળતરથી, ગૂંગળાઈ જવાથી મોત નીપજ્યાં હતાં.

મળતી સત્તાવાર માહિતી પ્રમાણે, મૃત્યુ પામનારા કર્મચારીઓમાં સિદ્ધાર્થ તિવારી,અજમત ખાન, આશિષ ગુપ્તા, આશિષ કુમાર અને સંજય ઠાકોરનો સમાવેશ થાય છે. આ દુર્ઘટના અંગે જાણ થતાં કંડલા પોલીસ અને ફેક્ટરી ઇન્સ્પેકટર સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી છે. આજની દુર્ઘટનામાં માર્યા ગયેલા તમામ હતભાગીઓની ઉંમર માત્ર ૨૮થી ૩૦ વર્ષની હોવાનું જાણવા મળે છે. જે ફેકટરીમાં આ ઘટના બનવા પામી છે તે ઈમામી એગ્રોટેક ખાદ્ય તેલ અને બાયો ડીઝલનું ઉત્પાદન કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષ ૨૦૨૪માં કચ્છમાં ગંભીર પ્રકારની ઔદ્યોગિક હોનારતોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. ગત મકરસંક્રાંતિના સપરમા દિવસે ભચાઉ તાલુકાના બુઢારમોરા ખાતે આવેલી એક ફેકટરીમાં સળગતાં લોખંડના પ્રવાહીની ઝપટમાં આવી જવાથી સાત કામદારોનાં મોત નીપજ્યાં હતાં. ■

## અમદાવાદમાં ૧૨ વર્ષમાં ૧૯૧૪ કેસ ભળસેળયુક્ત ઘીના કેસઃ માત્ર ૨૩૫ કેસનો નિકાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં છેલ્લા ૧૨ વર્ષમાં ૧૯૧૪ કેસ ભળસેળયુક્ત ઘીના નોંધાયા છે. જેમાંથી ફક્ત ૨૩૫ કેસનો નિકાલ આવ્યો છે અને બાકીનાનો હજુ સુધી કોઈ નિકાલ આવ્યો નથી.

કૉંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ભેળસેળયુક્ત ઘીનું વેચાણ રાજ્યમાં ખુબ વધી ગયું છે. અત્યાર સુધી રાજ્યમાં લાખો રૂપિયાનું ભેળસેળયુક્ત ઘી પકડાયુ છે. અમદાવાદ જેવા મોટા શહેરમાં ૧૬ ફૂડ સેફ્ટી ઓફિસરો છે. હાલમાં શહેરમાં એક જ હરતી ફરતી લેબ કાર્યરત છે. ફૂડ સેફ્ટીને લઈને રાજ્યમાં ખૂબ મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જે જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડા છે.

તેમણે એવું પણ કહ્યુ હતુ કે, અમદાવાદમાં ઘણી હોટલો અને રેસ્ટોરન્ટમાં ભળસેળયુક્ત ઘીનો ઉપયોગ વિવિધ વાનગીઓ બનાવવા માટે થાય છે. પરંતુ જ્યારે વાનગીઓમાં ભળસેળયુક્ત વસ્તુઓની મિલાવટ સામે આવે ત્યારે કેસ નોંધાતો હોય છે. ત્યારબાદ હોટલો કે રેસ્ટોરન્ટોની તપાસ થતી હોય છે પણ એ પહેલા આ વાનગીઓ ગ્રાહક જમીને જાય પછી રિપોર્ટ આવે તો એ શું કામનું. ■

## ડીસામાં દિવાળી પહેલા ભેળસેળિયા પર દરોડાઃ ફડ વિભાગે ૩૬ લાખના માવાનો જથ્થો સીઝ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં નકલી ઘીના રેકેટનો પર્દાફાશ કર્યા બાદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ડીસામાં દરોડા પાડીને ૩૬ લાખની કિંમતનો માવાનો જથ્થો સીઝ કર્યો છે. ડીસામાં કોલ્ડ સ્ટોરેજમાં અખાદ્ય માવાનો જથ્થો પડ્યો હોવાની બાતમીના આધારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે તપાસ હાથધરી હતી. જેમાં ડીસા પાલનપુર હાઇવે પર આવેલ શ્રી કેસર કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલો માવાના જથ્થાના સેમ્પલ લીધા હતા. માવાનો જથ્થો શંકાસ્પદ જણાતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ₹૩૬ લાખની કિંમતનો જથ્થો સીઝ કર્યો હતો. આ અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ માવાના બે સેમ્પલ લેવાયા છે. જે પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલ્યા છે. રિપોર્ટ ના આવે ત્યાં સુધી માવાનો જથ્થો શંકાસ્પદ ગણી સીઝ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં અન્ય જગ્યાઓ પણ ચેકિંગ કરવામાં આવશે અને જે વેપારીઓ ભેળસેળ કરતા હશે તેમની સામે દંડનીય અને સીલ મારવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ડેરીના ધંધા સાથે સંકળાયેલા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. ■

# ગુજરાતના લોથલ ખાતે બનશે ભારતનું પ્રથમ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય પ્રધાન મંડળે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સના વિકાસને મંજૂરી આપી છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા સંચાલિત આ પહેલનો ઉદ્દેશ્ય ભારતના ૪,૫૦૦ વર્ષ જૂના દરિયાઈ વારસાનું સન્માન કરવાનો અને તેને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો છે. નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સનો શિલાન્યાસ માર્ચ ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો, જે વિશ્વનું સૌથી મોટું મેરિટાઇમ કોમ્પ્લેક્સ બનવા જઇ રહ્યું છે. આ આખો પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. દરેક તબક્કો મુલાકાતીઓના અનુભવ અને શૈક્ષણિક પ્રભાવને વધારવાના ઉદ્દેશથી ડિઝાઇન કરવામાં આવ્યો છે. એનએમએચસીનો તબક્કો હાલ પ્રગતિ હેઠળ છે, જેમાં ૬૦ ટકાથી વધુ કામ પૂર્ણ થયું છે. આ તબક્કા હેઠળ એનએમએચસી મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે, જેમાં છ ગેલેરીઓ સમાવિષ્ટ કરવામાં આવશે. આ મ્યુઝિયમ ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ્સને સમર્પિત કરવામાં આવશે, અને તે દેશમાં સૌથી મોટું મ્યુઝિયમ હશે તેવી અપેક્ષા છે. આ ગેલેરીમાં આઇએનએસ નિશાંક, સી હેરિયર એરક્રાફ્ટ અને યુએચ૩ હેલિકૉપ્ટર જેવા નૌકાદળના યુદ્ધજહાજો પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, તબક્કા ૧એ માં પ્રાચીન લોથલ ટાઉનશિપનું મોડેલ, એક ઓપન એક્વેટિક (જળચર) ગેલેરી અને જેટ્ટી વોકવેનો સમાવેશ કરવામાં આવશે. ₹૧,૨૩૮.૦૫ કરોડના અંદાજિત ખર્ચ સાથે આ તબક્કા હેઠળનું કાર્ય વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે મુખ્ય બંદરો, સંરક્ષણ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલયના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

તબક્કા ૧ બી માં, એનએમએચસી મ્યુઝિયમમાં વધુ આઠ ગેલેરીઓ તેમજ એક લાઇટહાઉસ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. લાઇટહાઉસ મ્યુઝિયમને વિશ્વનું સૌથી ઊંચું મ્યુઝિયમ બનાવવાની યોજના છે. તેમાં એક બગીચા કોમ્પ્લેક્સનો પણ સમાવેશ થાય છે, જેમાં લગભગ ૧,૫૦૦ વાહનો માટે પાર્કિંગ, એક ફૂડ હોલ અને મેડિકલ સેન્ટર હશે. આ લાઇટહાઉસ મ્યુઝિયમનો અંદાજિત ખર્ચ ₹૨૬૬.૧૧ કરોડ છે, જે માટે ડિરેક્ટોરેટ જનરલ ઑફ લાઇટહાઉસ એન્ડ લાઇટશિપ્સ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. ■

## ઈન્ડિગોની મુંબઈ-દિલ્હી ફ્લાઈટને બોંબની ધમકીઃ ફ્લાઈટ અમદાવાદ ડાયવર્ટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા તેને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. જો કે તપાસ બાદ આ સમાચાર અફવા સાબિત થઈ હતી અને પ્લેનમાંથી કંઈ મળ્યું ન હતું. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, મંગળવારે મોડી રાત્રે મુંબઈથી ફ્લાઇટ ઊપડ્યા પછી તરત જ એક અજાણ્યા વ્યક્તિએ ટ્વિટમાં દાવો કર્યો હતો કે વિમાનમાં બોમ્બ મૂકવામાં આવ્યો હતો, ફ્લાઇટમાં લગભગ ૨૦૦ મુસાફરો અને ક્રૂ હતા.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે મુંબઈ એટીસી દ્વારા એલર્ટ કરાયા બાદ પાઈલટોએ અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જે દિલ્હી જવા માટે ફ્લાઈટના રૂટ પર સૌથી નજીકનું એરપોર્ટ હતું. મધ્યરાત્રિ દરમિયાન અહીં ઊતર્યા પછી લગભગ ૨૦૦ મુસાફરો અને ક્રૂને લઈને આવેલા વિમાનની સુરક્ષા એજન્સીઓ દ્વારા આખી રાત સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. જો કે, કંઇ શંકાસ્પદ વસ્તુ ન મળતાં ગ્રીન સિગ્નલ મળ્યા બાદ બુધવારે સવારે લગભગ ૮ વાગે વિમાને દિલ્હી માટે ઉડાન ભરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસમાં કુલ ૯ વિમાનોને બોમ્બની ધમકી મળી ચુકી છે. ૧૫ ઓક્ટોબરે ૭ ફ્લાઈટમાં બોમ્બની ધમકીઓ મળી હતી. દિલ્હીથી શિકાગો જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ પણ આ ફ્લાઈટમાં સામેલ હતી. તેને કેનેડા ડાયવર્ટ કરવામાં આવી અને ઇકલુટ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવી હતી. મદુરાઈથી સિંગાપોર જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટને ધમકી મળ્યા બાદ સિંગાપોર એરફોર્સે સુરક્ષા માટે બે ફાઈટર પ્લેન મોકલ્યા હતા. આ વિમાનોએ ચાંગી એરપોર્ટ પર ફ્લાઇટ લીધી હતી. દિવસભરમાં ૭ ફ્લાઈટ પર જોખમ હોવાના કારણે સુરક્ષા એજન્સીઓએ ઘણા એરપોર્ટ પર આતંકવાદી વિરોધી કવાયત હાથ ધરી હતી. ■

# કૉંગી ધારાસભ્યએ ‘અસંસ્કારી વર્તન’ બદલ આઈપીએસ સામે વિશેષાધિકારની દરખાસ્ત માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કૉંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ સિનિયર આઈપીએસ અધિકારી રાજકુમાર પાંડિયન સામે વિશેષાધિકારના ભંગ બદલ કાર્યવાહીની માગણી કરી હતી, અને દાવો કર્યો હતો કે, જ્યારે તેઓ મીટિંગ માટે આઈપીએસની ઓફિસમાં ગયા ત્યારે તેમણે ‘‘અસંસ્કારી અને ઘમંડી રીતે’’ વર્તન કર્યું હતું.

મેવાણીએ ગુજરાત વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરીને સોંપેલા પત્રમાં આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં દલિતોને લગતા કેટલાક મુદ્દાઓ અંગે ગાંધીનગર રાજ્ય એસસી/એસટી સેલના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ (એડીજીપી) પાંડિયન જ્યારે તેમની ઑફિસમાં આઈપીએસ અધિકારીને મળવા ગયા ત્યારે તેમનું અપમાન કર્યું હતું.

કૉંગ્રેસના નેતાઓનું કહેવું હતું કે, સિનિયર આઈપીએસ રાજકુમાર પાંડિયને મોબાઈલ બહાર રાખવા જેવી સામાન્ય બાબતે ધારાસભ્ય સાથે ખરાબ વર્તન કર્યું હતું. મેવાણીએ કહ્યું હતું કે રાજ્યમાં દલિતો સાથે થઈ રહેલા અન્યાય મુદ્દે અમે સિનિયર આઈપીએસનો સંપર્ક કર્યો હતો તેઓ એસસી-એસટી સેલના એડિશનલ ડીજી પણ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ધારાસભ્ય પાસે મોબાઈલ ફોન હોવાથી તે ગુસ્સે થઈ ગયા હતા અને તેમણે મોબાઈલ બહાર રાખવા કહ્યું હતું, જેના પર ધારાસભ્યએ તેમને પૂછ્યું હતું કે, પોલીસ અધિકારીને મળવા સમયે મોબાઈલ ફોન ન રાખી શકાય તેવું ક્યાં લખેલું છે. તેમણે તેમના સ્ટાફને ધારાસભ્ય અને તેના સાથીદારોના મોબાઈલ ફોન લઈ લેવા કહ્યું હતું. જે બાદ મેવાણીએ કહ્યું હતું કે, અમે દલિતોના પ્રશ્નો અને સમસ્યાઓ વિશે વાત કરવા આવ્યા છીએ. જો તમે ઈચ્છો તો તમારો મોબાઈલ બહાર રાખી શકો છો, પરંતુ તમે જે ભાષા બોલી રહ્યા છો તે યોગ્ય નથી. મેવાણીએ ધારાસભ્ય સાથેની વાતચીતના પ્રોટોકોલનું પાલન ન કરવા સામે વિરોધ પણ કર્યો હતો.

મેવાણીએ પાંડિયન પર આરોપ લગાવ્યો હતો કે, વરિષ્ઠ પોલીસ અધિકારીએ પણ ટી-શર્ટ પહેરેલી હોવાની ટિપ્પણી કરી હતી, જે યોગ્ય નથી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ ધારાસભ્ય અને તેમના સહયોગીઓ સાથે જે રીતે વર્તન કર્યું તે યોગ્ય નથી. અને તેમના આત્મસન્માનને ઠેસ પહોંચી છે. અધિકારીએ નિયમોનું પાલન કર્યું ન હતું, જેના માટે તેમની સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહીની માગ કરવામાં આવી રહી છે. આ દરમિયાન મેવાણી સાથે કૉંગ્રેસ ધારાસભ્ય દળના નેતા અમિત ચાવડા અને વરિષ્ઠ ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરી પણ હાજર રહ્યા હતા. ■

# ગુજરાતના ૨૭માંથી ૨૬ અભ્યારણ્ય પ્રવાસીઓ માટે ફરી ખુલ્લા મુકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ૨૭માંથી ૨૬ અભ્યારણ ચાર મહિના સદંતર બંધ રહ્યા બાદ પ્રવાસીઓ માટે ફરી ખુલ્લા મુકવામાં આવ્યા હતા. જયારે કચ્છના નાના રણમાં ભારે વરસાદના પગલે ઘુડખર અભ્યારણ દિવાળી પછી પ્રવાસીઓ માટે ખુલશે. હાલ અભ્યારણ વિભાગ દ્વારા રણ ૩૧ ઑક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં રણમાં ભારે વરસાદના પગલે પ્રવાસીઓ કે વાહનો જઈ શકે એમ નથી, ત્યારે દિવાળી વેકેશનમાં પ્રવાસીઓ વધારે આવતા હોવાથી આવકમાં પણ મોટો ફટકો પડશે.

કચ્છના નાના રણમાં ૪૯૫૪ ચો. કિમીમાં ફેલાયેલા ઘુડખર અભ્યારણ સહિતના ગુજરાતના તમામ ૨૭ અભ્યારણો દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઑક્ટોબર સુધી સસ્તન પ્રાણીઓનો સંવનનનો સમયગાળો હોવાથી એમને ખલેલ ન પડે એ માટે પ્રવાસીઓ માટે સદંતર બંધ રાખવામાં આવે છે. અને ૧૬ ઓક્ટોબર એટલે કે આજથી ગુજરાતનાં તમામ અભ્યારણો પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવે છે.

પરંતુ ત્રણ ચાર દિવસ અગાઉ કચ્છના નાના રણમાં ખાબકેલા મુશળધાર ત્રણ ઇંચ વરસાદના પગલે અને બીજી બાજુ બનાસ, રૂપેણ અને સરસ્વતી નદી સહિત ઉત્તર ગુજરાત અને રાજસ્થાનની ૧૧૦ નદીઓના પાણી રણમાં ફરી વળતા હાલમાં કચ્છનું નાનું રણ મીની સમુદ્રમાં ફેરવાઈ ગયું છે. ■

## વાવ વિધાનસભા પેટાચૂંટણી માટે ભાજપે એક પ્રભારીઃ ત્રણ નિરીક્ષકની નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીની જાહેરાત ચૂંટણી પંચે કરી હતી. ચૂંટણીપંચની જાહેરાત બાદ ભાજપે આ બેઠક પર પ્રભારી અને નિરીક્ષકોના નામની જાહેરાત કરી હતી. ગુજરાત સરકારના પૂર્વ પ્રધાન અને હાલ મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણને પ્રભારી બનાવવામાં આવ્યા છે. જ્યારે દર્શના વાઘેલા, યમલ વ્યાસ અને જનક બગદાણાને નિરીક્ષકની જવાબદારી સોંપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં ભરત આર્યને વાવ પેટાચૂંટણીની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટાચૂંટણીની જાહેરાત થઈ હતી. ૧૮ ઑક્ટોબરે વાવ બેઠકની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે. ત્યારબાદ ૨૫ ઓક્ટોબર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે અને આગામી ૧૩મી નવેમ્બરે વિધાનસભા બેઠક પર મતદાન યોજવામાં આવશે, જ્યારે ૨૩મી નવેમ્બરના દિવસે મતગણતરી યોજવામાં આવશે.

કૉંગ્રેસના નેતા ગેનીબેન ઠાકોર લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરી સામે લડ્યા હતા અને જીત્યા હતા. તેમના સાંસદ બનવાથી વાવ વિધાનસભા બેઠક ખાલી પડી હતી. જેથી ચૂંટણીપંચે ત્યાં પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. ■

# રાજ્ય સરકાર કર્મચારીઓના પગારની એડવાન્સ ચુકવણી કરશેઃ ૨૫ ઓક્ટો.એ ખાતામાં જમા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના કર્મચારીઓ, નિવૃત્ત પેન્શનર્સ આગામી દિવાળીના તહેવારની ઉજવણી આનંદ ઉલ્લાસથી કરી શકે તે માટે રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. આ વર્ષે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને કર્મચારીઓને મળતા માસિક પગાર તેમજ પેન્શનર્સને પેન્શનની રકમની ચુકવણી એડવાન્સમાં કરાશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ અંગે નાણાં વિભાગને આપેલા દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારના કર્મચારીઓ, પેન્શનર્સને ઓક્ટોબર માસની ૨૩થી ૨૫ તારીખ દરમિયાન આ મહિનાના પગાર અને પેન્શનનું એડવાન્સ ચુકવણું કરવામાં આવશે. મુખ્ય પ્રધાન સમક્ષ વિવિધ કર્મચારી મંડળો, એસોસિયેશન અને અગ્રણીઓની આ સંદર્ભમાં મળેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ઑક્ટોબર-૨૦૨૪ના પગાર-પેન્શન એડવાન્સમાં ચૂકવવાનો આ નિર્ણય કર્યો હતો. ■

## સાસણ ગીર નેશનલ પાર્કમાં વેકેશન પૂરુંઃ સિંહ દર્શન માટે ૧૫ નવેમ્બર સુધીના તમામ સ્લોટ બૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાટિક લાયન માટે પ્રખ્યાત સાસણ ગીર નેશનલ પાર્કમાં સિંહ દર્શનની શરૂઆત થઈ ગઈ છે. આ સાથે જ છેલ્લા ચાર મહિનાથી સાસણમાં સિંહ નિહાળવાની રાહ જોઈ રહેલા પ્રવાસીઓની આતુરતાનો અંત આવ્યો છે. સિંહના મેટિંગ પિરિયડને કારણે ચોમાસાના ચાર મહિના માટે બંધ રહેતાં સાસણ સફારી પાર્ક બુધવારથી ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

સફારી પાર્ક ખૂલ્યાનાં પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં પ્રવાસીઓ સિંહદર્શન માટે પહોંચ્યા હતા. પ્રથમ દિવસે જ પ્રવાસીઓએ એક ફૂટ દૂરથી જ સિંહનાં દર્શન કર્યાં હતાં. સિંહ જોવા માટે પ્રવાસીઓની એટલી પડાપડી કરી હતી કે ૧૫ નવેમ્બર સુધીના તમામ સ્લોટ બુક થઈ ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગીર નેશનલ પાર્ક સફારી ખુલવાનો સમય સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી ત્યાર બાદ બપોરે ૦૩:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી છે, ગીર નેશનલ પાર્ક સફારી બુકિંગ એન્ટ્રી ફી ૪ સીટર જીપ (ભારતીય)- રૂપિયા ૫૫૦૦ / જીપ (એક જીપમાં મહત્તમ ૪ પુખ્ત અને ૧ બાળકની મંજૂરી છે) તે જ પ્રમાણે ૬ સીટર જીપ (ભારતીય) - રૂપિયા ૬૫૦૦ / જીપ (એક જીપમાં મહત્તમ ૬ એડલ્ટ અને ૧ બાળકની મંજૂરી છે), જ્યારે ૮ સીટર જીપ (ભારતીય) - રૂપિયા ૮૦૦૦ / જીપ છે, એક જીપમાં મહત્તમ ૮ એડલ્ટ અને ૧ બાળકની મંજૂરી છે. ■

## ગુજરાત બોર્ડ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ (એસએસસી), સંસ્કૃત પ્રથમા અને ધોરણ-૧૨ (એચએસસી) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫માં લેવાનાર મુખ્ય પરીક્ષાની તારીખની જાહેરાત કરી દેવામાં આવી હતી. ગુજરાત બોર્ડે જાહેર કરેલા કાર્યક્રમ અનુસાર, ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. બોર્ડની પરીક્ષા ૧૩, માર્ચ ૨૦૨૫ સુધી ચાલશે. બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જીએસઈબીની વેબસાઈટ પર મુકવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા દર વર્ષે ૧૫ માર્ચથી શરૂ કરવામાં આવી હતી. પરંતુ ચાલુ વર્ષે ૧૫ દિવસ વહેલી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૦ની અને ૧૨ની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પણ ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ સુધી યોજાશે, જ્યારે ધોરણ ૧૨ની સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ પ્રવાહની ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય ૧૦થી ૧.૧૫ સુધીનો રહેશે. જ્યારે ધોરણ ૧૨નો સમય ૩થી ૬.૧૫ સુધીનો રહેશે. ધોરણ ૧૦ના વોકેશનલ કોર્સ સિવાયના તમામ વિષયોના પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે.

દરેક પ્રશ્ન પત્રમાં ૧૫ મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટેની શરૂઆતની પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવશે. અને જવાબ લખવા માટે નિયમ મુજબ ૧ કલાકથી ૩ કલાક સુધીનો સમય રહેશે. પ્રથમ પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓએ પરીક્ષા સેન્ટર પર શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં પહોંચવાનું રહેશે. બાકીના દિવસોએ ૨૦ મિનિટ અગાઉ પહોંચવાનું રહેશે. ■

# ઓન-ડ્યૂટી પોલીસ પર હુમલો કરવા બદલ પિતા-પુત્રને એક વર્ષની જેલની સજા

મુંબઈઃ અહીંની એક અદાલતે ૨૦૧૮ માં કેટલાક પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા બદલ પિતા-પુત્રની જોડીને એક વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે નોંધ્યું કે આવી ઘટનાઓ વધી રહી છે અને જાહેર સેવકો માટે તેમની ફરજ નિભાવવી મુશ્કેલ બની રહી છે.

એડિશનલ સેશન્સ જજ, વી એમ સુંદલેએ ૧૪ ઓક્ટોબરે આપેલા ચુકાદામાં રુદ્રપાલ અગ્રવાલ (૬૦) અને તેના પુત્ર તુષાર (૨૯)ને ભારતીય દંડ સંહિતા (આઈપીસી) કલમ ૩૫૩ (લોકસેવકને તેમની ફરજ બજાવવાથી રોકવા માટે ફોજદારી બળનો ઉપયોગ કરવો) અને ૩૩૨ (જાહેર સેવકને નુકસાન પહોંચાડવું) હેઠળ આચરવામાં આવેલા ગુના માટે દોષિત ઠેરવ્યા હતા. ફરિયાદ મુજબ, ૧૫ મે, ૨૦૧૮ ના રોજ તેમના ભાઈ અશોક અગ્રવાલનો ડિસ્ટ્રેસ કોલ મળ્યા બાદ પોલીસ દક્ષિણ મુંબઈના કેમ્પ્સ કોર્નર ખાતે રુદ્રપાલ અગ્રવાલના ઘરે ગઈ હતી. ત્યાં પહોંચીને પોલીસે જોયું કે બંને ભાઈઓ અને તેમના પરિવારના સભ્યો વચ્ચે ઝઘડો થયો હતો. ટીમમાં સામેલ સબ-ઇન્સ્પેક્ટર વિનોદ કાંબલેએ કોર્ટ સમક્ષ પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે તેમણે અને અન્ય કર્મચારીઓએ જોયું કે ઝઘડો વધી રહ્યો છે તેથી તેમણે બંને પક્ષોને શાંત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ આરોપીઓ અને અન્ય પરિવારના સભ્યોએ તેમના પર હુમલો કર્યો હતો. તુષારે તેને થપ્પડ મારી હતી, જ્યારે અન્ય પરિવારના સભ્યોએ તેને અને અન્ય અધિકારીઓને ગાળો આપી હતી અને હુમલો કર્યો હતો. ■

## હોમ લોન છેતરપિંડીમાં નૌકાદળના અધિકારીની પત્ની, અન્ય બે સામે ગુનો

થાણેઃ નવી મુંબઈ પોલીસે નૌકાદળના અધિકારીની પત્ની અને અન્ય બે જણ સામે ૪૦ લાખ રૂપિયાની હોમ લોન મેળવવા માટે બનાવટી દસ્તાવેજ રજૂ કરવા અને કથિત છેતરપિંડી કરવા માટે ગુનો નોંધ્યો હતો. મુંબઈમાં રહેતા પીડિતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તે રશિયામાં ડ્યૂટી પર હતો ત્યારે તેની બૅંકમાં કામ કરતી પત્ની તથા અન્ય વ્યક્તિએ સાથે મળીને આ વર્ષની શરૂઆતમાં આ ગુનો કર્યો હતો. પુણેમાં ફ્લેટ ખરીદવા માટે જોઇન્ટ લોનની અરજી કરવામાં આવી હતી જેમાં તેનો મોબાઇલ નંબર અને બનાવટી ઇમેઇલ આઇડી નોંધવામાં આવી હતી. આ સિવાય ત્રીજા આરોપીના અંગુઠાની છાપ દસ્તાવેજ પર લગાવવામાં આવી હતી. તેઓએ ૪૦ લાખ રૂપિયાની લોન લઇને ડાયરેક્ટ બિલ્ડરને આપી હતી. બૅંક તરફથી લોન લીધી અને આ સંપૂર્ણ વ્યવહાર માટે નૌકાદળના પીડિત અધિકારીને અંધારામાં રાખવામાં આવ્યો હતો. ■

## ૧૧ વર્ષની બાળકીની સતામણી, આરોપી પકડાયો

થાણેઃ થાણેમાં ૧૧ વર્ષની બાળકીની કથિત છેડતી અને સતામણી કરવા બદલ એક શખસની ધરપકડ કરવામાં આવી હતી. બાળકીની સ્કૂલેથી ઘરે જતી વખતે ૩૦ વર્ષીય આરોપી દ્વારા છેડતી કરવામાં આવતી હતી. આરોપીએ તેને પકડીને રિક્ષામાં બેસવા માટે પણ જબરદસ્તી કરી હતી, એમ નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### અંધેરી લોખંડવાલાની

પડોશીને જણાઈ આવ્યું હતું. તેમની પાસે ચંદ્રકાંત સોનીના ઘરની ચાવી હંમેશા રહેતી હોવાથી તેમણે દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અંદરથી મોટા પ્રમાણમાં ધુમાડો નીકળી રહ્યો હતો. તેથી તેઓ કંઈ કરી શક્યા નહોતા. આ દરમિયાન ફાયરબ્રિગેડ આવી ગઈ હતી અને તેણે અડધા કલાકમાં આગ પર નિયંત્રણ મેળવ્યું હતું.

ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગ બુઝાવ્યા બાદ અંદર પ્રવેશ કરવાની સાથે જ બેડરૂમમાં પતી-પત્ની જમીન પર પડયા હતા, જેમાં ચંદ્રકાંત લગભગ ૮૦ ટકાથી પણ વધુ દાઝી ગયા હતા. તો તેમના પત્ની હાથ-પગ અને છાતી પર દાઝી ગયા હતા. જ્યારે તેમનો નોકર ધુમાડાને કારણે ગૂંગળાઈને બેહોશ થઈને પડ્યો હતો. તેમને તુરંત કૂપર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યા ડૉકટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

#### ૩૫ વર્ષથી ફાયરબ્રિગ્રેડ સ્ટેશન ફક્ત કાગળ પર

અંધેરી લોખંડવાલા ઓશિવરા સિટિઝન અસોસિયેશનના ડાયરેકટર ધવલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે બુધવારે ઓશિવરાની હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગ લાગી ત્યારે આગ બુઝાવવા માટે ફાયરબ્રિગ્રેડની ગાડી અંધેરી બહારથી આવી હતી. અંધેરી(પશ્ચિમ)માં વર્સોવા, સાત બંગલો, લોખંડવાલા, ઓશિવરા જેવા વિસ્તારમાં રિડેવલપમેન્ટના કામ ચાલી રહ્યા છે. હાઈરાઈઝ ઈમારતની સંખ્યા વધી રહી છે પરંતુ તેની સામે અહીં આ વિસ્તારમાં ફાયરબ્રિગેડ સ્ટેશન નથી. ૧૯૯૧ના ડેવલપમેન્ટ પ્લાનમાં વર્સોવામાં ચિત્રકુટ ગ્રાઉન્ડ પરના પ્લોટને ફાયરબ્રિગેડ સ્ટેશન બનાવવા માટે રિઝર્વ કરવામાં આવ્યો હતો. આ પ્લોટ ખાનગી ડેવલપર પાસે એમ જ પડી રહ્યો છે.

વર્ષોથી ફાયરબ્રિગેડ માટે જગ્યા રિઝર્વ હોવા છતાં અહીં સુધરાઈએ કોઈ પગલાં લીધા નથી. આ બાબતે તાજેતરમાં પાલિકા કમિશનરન આ બાબતે પત્ર લખીને તેમનું ધ્યાન પણ દોરવામાં આવ્યું હતું. તેમણે આ બાબતે ઘટતું કરવાનું આશ્વાસન આપ્યું છે, પરંતુ પ્રત્યક્ષમાં કામ કયારે આગળ વધશે તેની રાહ જોવામાં આગ જેવી દુર્ઘટનામાં વધુ જાનહાનિ ના થાય. ■

### સ્પેશિયલ બ્રાન્ચની

આવ્યો હતો.

કહેવાય છે કે આ ઘટના પછી એસબી દ્વારા સતત નજર રાખવામાં આવી રહી હતી. સૂત્રો પાસેથી મળેલી માહિતીને આધારે એસબીએ અસામાજિક તત્ત્વો દ્વારા મોટી ઘટનાને અંજામ આપવામાં આવે એવી ચેતવણી એસબીએ આપી હતી, પરંતુ પોલીસે ચેતવણીને ગંભીરતાથી લીધી ન હોવાનું કહેવાય છે.

ઝીશાન સિદ્દીકી અને બાબા સિદ્દીકીની સુરક્ષા બાબતે પોલીસ સતર્ક રહી હોત તો આ હુમલો ટાળી શકાયો હતો. બાબા સિદ્દીકીને પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં આવી હોવા છતાં હત્યારાઓએ શનિવારની રાતે ગોળીબાર કર્યો હતો, જેમાં બે ગોળી છાતીમાં વાગવાથી સિદ્દીકીએ જીવ ગુમાવવો પડ્યો હતો.

બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં પોલીસે બે શૂટર ગુરમેલ સિંહ (૨૩) અને ધર્મરાજ કશ્યપ (૧૯)ને હુમલાની ગણતરીની મિનિટોમાં જ પકડી પાડ્યા હતા. બાદમાં ક્રાઈમ બ્રાન્ચે પ્રવીણ લોણકર (૩૦)ને પુણેથી, જ્યારે હરીશકુમાર બાલકરામ નિષદ (૨૬)ની ઉત્તર પ્રદેશથી ધરપકડ કરવામાં આવી હતી. ■

### મુંબઈમાં આજથી

મુખ્યત્વે વૈતરણા બંધમાંથી પાણીપુરવઠો કરવામાં આવે છે. આ બંધમાંથી પાણી લઈ જનારી વૈતરણા પાઈપલાઈનની યંત્રણામાં તારાળી ખાતે ૯૦૦ મિલીમીટર વ્યાસ બગડી ગયા છે. તેનું સમારકામ તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. તે માટે બંધમાંથી પાણી લઈ જનારી યંત્રણા આંશિક રીતે બંધ કરવામાં આવી છે. તેથી મુંબઈ શહેર એ ઉપનગરમાં પાણીપુરવઠો કરનારા ભાંડુપ ફિલ્ટરેશન પ્લાન્ટમાં પણ પાણી ઓછું આવી રહ્યું છે.

આ સમારકામમાં ઓછામાં ઓછા ૪૮ કલાકનો સમય લાગવાની શક્યતા છે. તેથી ગુરવારથી શુક્રવાર બે દિવસ પાણીકાપનો સામનો કરવો પડશે. શનિવારથી પાણીપુરવઠો પૂર્વવત્ત થશે. ■

### મોબાઈલ સ્વીચ ઓફ

ગગરાણીએ કરી છે, જેઓ આગામી વિધાનસભાની ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે પણ ફરજ બજાવવાના છે. બુધવારે તેમણે પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી કે મતદાન મથકોની અંદર મોબાઈલ ફોનને મંજૂરી આપવામાં આવશે નહીં.

મતદાન મથકમાં મતદારોને પોતાની સાથે મોબાઈલ ફોન લઈ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમને પોતાનો ફોન ઘરમાં છોડીને આવવો પડશે અથવા તો બહાર કોઈને સોંપવો પડશે. તાજેતરમાં લોકસભાની ચૂંટણી દરમિયાન અમુક મતદાન મથકમાં મોબાઈલ ફોન સ્વીચ ઓફ તેમને અંદર લઈ જવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે વિધાનસભાની ચૂંટણી દરમિયાન મોબાઈલને લઈને જે મૂંઝવણ હતી તેને હવે દૂર કરવામાં આવી છે.

મુંબઈ મહાનગરમાં કુલ ૩૬ વિધાનસભા મતવિસ્તારનો સમાવેશ થાય છે, જેમાં ૧૦ મુંબઈ શહેર જિલ્લા અને ૨૬ મુંબઈ ઉપનગર જિલ્લામાં છે. હાલ મુંબઈના સંવેદનશીલ મતદાર મથકોનું મેપિંગ ચાલી રહ્યું છે. અત્યાર સુધી કોઈ વિસ્તારને સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો ન હોવાનું કમિશનરે જણાવ્યું હતું.

#### ચૂંટણીને લગતા મહત્ત્વના મુદ્દા

- ઉપનગરમાં સૌથી વધુ ૪,૪૬,૭૬૭ મતદારો છે, જ્યારે વડાલામાં સૌથી ઓછા ૨,૦૪,૯૦૪ મતદાર છે.
- શહેરમાં તમામ ગેરકાયદે પોસ્ટરો/બેનરો વહેલામાં વહેલી તકે દૂર કરવામાં આવશે.
- 'ક્યુઆર કોડ' સાથે મતદાન મથકો વિશેની માહિતી ધરાવતા અને સંબધિત મતદાર નોંધણી અધિકરી દ્વારા સહી કરાયેલા પત્રો દરેક મતદારના ઘરે પહોંચાડવામાં આવી રહ્યા છે.
- ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખના ૧૦ દિવસ પહેલા સુધી એટલે કે ૧૯ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં વોટર રજિસ્ટ્રેશન થઈ શકશે.
- મતદાર નોંધણીના ફોર્મ સંબંધિત મતદાર નોંધણી અધિકારીની વિધાનસભાની ચૂંટણી ઓફિસમાં ઉપલબ્ધ છે. ફોર્મ ફરીને ઓફિસમાં જમા કરાવી શકાશે.
- ઓનલાઈન મતદાર નોંધણી માટે https://voters.eci.gov.in/ ની મુલાકાત લેવી. વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ (ટોલ-ફ્રી) પર સંપર્ક કરો.
- Voter Helpline આ મતદાર પોતાનું નામ મતદાર યાદીમાં તપાસી શકશે અને નવા મતદારોનું રજિસ્ટ્રેશન આ ઍપથી કરી શકશો.
- KYC App ઉમેદવારો વિશેની માહિતી આ ઍપ પર ઉપલબ્ધ રહેશે.

#### મુંબઈ ઉપનગરીય માહિતી

મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરમાં કુલ ૭,૫૭૪ મતદાન કેન્દ્ર છે. સહકારી ગૃહનિર્માણ હાઉસિંગ સોસાયટીમાં ૫૫૩ મતદાન કેન્દ્ર છે. ઝૂંપડપટ્ટી પરિસરમાં ૨૨૯ મતદાન કેન્દ્ર રહેશે. મુંબઈ શહેર જિલ્લામાં મંડપમાં મતદાન કેન્દ્રની સંખ્યા ૧,૩૦૨ છે. પહેલા માળા પર ૧૩૯ મતદાન કેન્દ્ર રહેશે.

#### મુંબઈ શહેરની માહિતી

મુંબઈ શહેર વિસ્તારમાં કુલ ૨,૫૩૭ મતદાન કેન્દ્ર રહેશે. બહુમાળીય ઈમારતમાં મતદાન મથકોની સંખ્યા ૧૫૬ રહેશે. સહકારી હાઉસિંગ સોસાયટીમાં મતદાન મથકોની સંખ્યા ૧૦૦ અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મતદાન મથકોની સંખ્યા ૩૧૩ રહેશે. મુંબઈ સિટી ડ્રિસ્ટ્રિક્ટમાં મંડપમાં ૭૫ મતદાન મથકો રહેશે. પહેલા માળઆ પર ૧૭ મતદાન કેન્દ્ર હશે. ■

#### ચૂંટણી લગતી ફરિયાદો

છે. મતદારો માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ રહેશે. ડિસ્ટ્રીક્ટ કલેક્ટર મુંબઈ સબર્બન ઓફિસ ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૬૮૨૯૧૦ રહેશે. તો ડિસ્ટ્રીક્ટ કલેક્ટર મુંબઈ શહેર ઓફિસ કંટ્રોલ રૂમ નંબર ૦૨૨-૨૦૮૨ ૨૭૮૧ રહેશે. એ સિવાય ઈલેકશન કંટ્રોલ રૂમનો નંબર ૭૯૭૭૩૬૩૩૦૪ પણ ઉપલબ્ધ રહેશે. ■

### એમવીએ વિકાસ વિરોધી

રામદાસ આઠવલે સાથે મુંબઈમાં સંયુક્ત તાકાત દેખાડી પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. ફડણવીસે કહ્યું હતું કે શાસક સાથી પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણીની ચર્ચા અંતિમ તબક્કામાં છે.

શિંદે, ફડણવીસ અને અજિત પવારે વિપક્ષ પર જૂઠાણું ચલાવવાનો આરોપ મૂકી મહાયુતિના સાથી પક્ષોએ છેલ્લા બે વર્ષના સરકારના કામનું રિપોર્ટ કાર્ડ રજૂ કર્યું હતું. અગાઉની મહાવિકાસ આઘાડી સરકાર અને વર્તમાન મહાયુતિ સરકાર દ્વારા કરવામાં આવેલા કામની તુલના કરતા રિપોર્ટ કાર્ડને ગર્વ સાથે દર્શાવી શિંદેએ કહ્યું હતું કે શાસક જોડાણ લોકોની અદાલતમાં જવા માટે તૈયાર છે. મુખ્ય પ્રધાને વિપક્ષ પર મહારાષ્ટ્રને બદનામ કરવાનો આરોપ મૂકી જણાવ્યું હતું કે 'વિપક્ષ મહાવિકાસ આઘાડી (એમવીએ) વિકાસ વિરોધી દ્રષ્ટિકોણ સાથે કામ કરે છે.' એમવીએમાં કૉંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) અને શરદ પવારના નેતૃત્વવાળી એનસીપી (એસપી)નો સમાવેશ થાય છે.

પુરોગામી ઉદ્ધવ ઠાકરે કે તેમના પુત્ર અને પૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેનું નામ લીધા વિના શિંદેએ જણાવ્યું હતું કે મેટ્રો પ્રોજેક્ટની કિંમતમાં (મુંબઈમાં) ૧૪ હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે કારણ કે આરે કાર શેડનો બાળહઠ અને ઘમંડને કારણે વિરોધ કરવામાં આવ્યો હતો. હાઈ સ્પીડ મુંબઈ-અમદાવાદ રેલવે (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ જેવા તમામ વિકાસકાર્યો અગાઉની એમવીએ સરકારે અટકાવી દીધા હતા. (પીટીઆઈ) ■

### વિપક્ષ ફેક નેરેટિવ

અજિત પવારે કહ્યું કે ચૂંટણી પંચે ચૂંટણીની જાહેરાત કરી હતી. પણ વિપક્ષી દળના લોકો તો 'ફેક નેરેટિવ સેટ' કરી રહ્યા છે. ચૂંટણી પંચના પોતાના નિર્ણયો હોય છે. અમે ૨૦૨૨થી લઈને ૨૦૨૪ સુધી રિપોર્ટ કાર્ડ આપ્યું છે. હું મહારાષ્ટ્રના લોકોને કહીશ કે છેલ્લા કેટલાક દિવસોમાં જે કેબિનેટે નિર્ણયો લીધા છે, જે યોજનાઓ જાહેર કરી છે તેના પર પણ સવાલો કરવામાં આવ્યા છે.

'લાડલી બહન યોજના' અન્વયે અમે મહિલાઓ માટે કામ કર્યું છે. હવે એના પર પણ વિપક્ષ તરફથી કહેવાયું છે કે આ પૈસા આવશે નહીં, જ્યારે પૈસા આવ્યા તો કાઢી લેવાનું કહ્યું હતું. વિપક્ષના નેતાઓ કંઈ પણ બોલી રહ્યા છે, એમ અજિત પવારે જણાવ્યું હતું.

વિપક્ષી પાર્ટીનું કહેવું છે કે મહારાષ્ટ્રમાં કંઈ આવી રહ્યું નથી. યોજનાઓ અને પૈસા બીજી જગ્યાએ જાય છે. અમે અમારી યોજનાઓની સમગ્ર માહિતી આપી છે. અમે તમામ વર્ગના લોકો માટે કામ કર્યું છે. અમારી કામગીરીને જોઈને વિરોધીઓ ગભરાયા છે, એમ ઉમેરતા અજિત પવારે કહ્યું કે ચૂંટણીઓ તો આવતીજતી રહેશે. અમે તમામ યોજનાઓ સમજી-વિચારીને જાહેર કરીએ છીએ. અગાઉની સુશીલ કુમાર શિંદેની સરકારે ચૂંટણી પહેલા અને પછી જે કાંઈ કર્યું હતું, એવું અમારી સરકાર કરશે નહીં. દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે અમારા માટે ચૂંટણીની જાહેરાત થઈ છે, પરંતુ અમુક લોકો માટે જાહેરાત થઈ નથી. ■

### મહાવિકાસને સીએમનો

આઘાડી સીએમ ચહેરાની જાહેરાત કરી રહી નથી કારણ કે તેમને નથી લાગતું કે ચૂંટણી પછી તેમના સીએમ આવશે. તેમણે વધુમાં કહ્યું કે, 'અમારે મુખ્ય પ્રધાનના ચહેરાની જાહેરાત કરવાની કોઈ જરૂર નથી કારણ કે અમારા મુખ્યપ્રધાન અહીં બેઠા છે. હું પવાર સાહેબને પડકાર આપું છું કે તેઓ મુખ્ય પ્રધાન પદ માટે તેમના નામની જાહેરાત કરે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવારે મુંબઈમાં તેમની સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન 'મહાયુતિ' સરકારનું રિપોર્ટ કાર્ડ બહાર પાડ્યું. આ દરમિયાન આરપીઆઈ (એ)ના વડા અને કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે પણ હાજર રહ્યા હતા. ફડણવીસે કહ્યું, 'અમે તમામ યોજનાઓની જાહેરાત કરી છે. તે યોજનાઓ માટે તમામ નાણાકીય જોગવાઈઓ અને બજેટ તૈયાર કરવામાં આવ્યું છે અને એટલું જ નહીં, અમે અમારા મેનિફેસ્ટોમાં દરેક માટે કેટલીક નવી યોજનાઓ અને લાભોની પણ જાહેરાત કરીશું. હું તમને ખાતરી આપું છું કે અમારા દ્વારા જાહેર કરવામાં આવેલી તમામ યોજનાઓ અને વચનોને નાણાકીય જોગવાઈને સંપૂર્ણ સમર્થન મળશે અને કોઈપણ યોજનામાં અમારી તરફથી નાણાકીય સહાયમાં કોઈ કમી નહીં રહે. શરૂઆતમાં જ્યારે અમે 'લાડકી બહિન યોજના'ની જાહેરાત કરી ત્યારે વિપક્ષે દાવો કર્યો હતો કે ખાતામાં પૈસા જમા નહીં થાય, પરંતુ અત્યાર સુધીમાં રાજ્યના ૨.૫ કરોડથી વધુ લાભાર્થીઓના ખાતામાં ઓછામાં ઓછા ૪ થી ૫ હપ્તા જમા કરવામાં આવ્યા છે. ■

### એમવીએ લાડકી બહિન

રાહતોની જાહેરાત કરવાના આડમાં સરકારે અદાણી જૂથને ફાયદો પહોંચાડવાના નિર્ણયો લીધા હતા.

''સરકારે લાડકી બહિન યોજના અને ટોલ માફીનો નિર્ણય અગાઉ કેમ ન લીધો? અમે લાડકી બહિન યોજના અને ટોલ માફીને રદ નહીં કરીએ. તેના બદલે અમે (લાડકી બહિન યોજના હેઠળ આપવામાં આવતી નાણાકીય સહાય)ની રકમમાં વધારો કરીશું. શિંદે સરકારની મુખ્ય 'મુખ્યમંત્રી મારી લાડકી બહિન યોજના' હેઠળ પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય મળે છે.

સરકારે ૧૪ ઓક્ટોબરની મધ્યરાત્રિથી તમામ પાંચ બૂથ પર મુંબઈમાં પ્રવેશતા હળવા મોટર વાહનો માટે ટોલ માફ કર્યો હતો. (પીટીઆઈ) ■

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. મંજુલા ચંદે (ઉં. વ. ૭૦) ગામ કચ્છ વરલી હાલે મુંબઈ (પરેલ) તે સ્વ. શરદ હીરજી ચંદેના ધર્મપત્ની ૧૫-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. શાન્તાબેન હીરજી ચંદેના પુત્રવધૂ. ગં.સ્વ. રશિલા, જવેર, લક્ષ્મી જયંત ભરતના ભાભી. કોકિલા હંસાના જેઠાણી. સ્વ. લક્ષ્મીબેન ઠાકરશી આઈયાના સુપુત્રી. સ્વ. કીરતીભાઈ, કુસુમ, પ્રીતી, ભરતના બેન. દિપેશ, ડિમ્પલના મમ્મી. બન્ને પક્ષની પ્રાર્થના રાખેલ છે. ૧૭-૧૦-૨૪, ૫.૩૦ થી ૭. ઠેકાણુંઃ ગોપુરમ હોલ, મુલુંડ (વેસ્ટ), આર.પી. રોડ, મુંબઈ-૮૦.

કેવલ પંડીત પોત્રા (ઉં. વ. ૫૪) તે કિશોરી અને જીતેન્દ્ર (કુમાર) ચત્રભુજ પંડીત પોત્રા ગામ મેઘપર, હાલે ઘાટકોપરના પુત્ર. તે જયશ્રીના પતિ. રાજના પિતા. યોગિનિ રાજેષ મહેરાના ભાઈ. અભિષેકના મામા. સુધબેન અને સ્વ. જયંતિભાઈ પ્રેમજી અથવાણિ કોચીનવાળાના જમાઈ ૧૧-૧૦-૨૪ના શિકાગો, યુએસએમાં શ્રીરામશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર કે પ્રાર્થનાસભા રાખેલ નથી.

સ્વ. કાંતાબેન કલ્યાણજી સચદે ગામ મોટી ધુફીવાળા હાલે વિટાવા થાણેના કિશોર ઉર્ફે જનક (ઉં. વ. ૬૬) તે સ્વ.સૌ. રીટા અને સ્વ.સૌ. ક્રિણ્ણાબેનના પતિ સોમવાર ૧૪-૧૦-૨૪ના પરમધામ સિધાવેલ છે. તે સ્વ. જશોદાબેન શિવજી મીઠુભાઈ ચંદે ગામ અકરીવાળા હાલે પુનાના નાના જમાઈ. તેજસ અને સૌ. વિધીના પિતાશ્રી. સુહાના અને અનિલ જોગિન્દર શર્માના સસરાજી. સ્વ. મૈયાબેન રામદાસ, સ્વ. જયાબેન પ્રાગજી, સ્વ. નિર્મલા વિજયકુમાર, દેવમણી ગોપાલદાસ, જયશ્રી ભૂપેન્દ્ર, અંજના નરેશકુમાર, હેમલતા જ્યોતિન્દ્રના ભાઈ. કિયારા, જેનિષા અને ત્હાનીના નાના-દાદા. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ગુરુવાર ૧૭-૧૦-૨૪ના ૫.૩૦ થી ૭. શ્રી સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (પ). બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

દ્વારકાવાળા હાલ કાંદિવલી રિટા માવાણી (ઉં.વ. ૬૧) તે જીતેન્દ્ર દ્વારકાદાસ માવાણીના ધર્મપત્ની. નિસર્ગ તથા કેયાના માતુશ્રી. ગં.સ્વ. સરલાબેન શાંતિલાલ બદિયાણીના દીકરી. કિરણ, કિશોરી, જાગૃતિ, અતુલ, મિલનના મોટાબહેન. ૧૪/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ગામ ભંડુરીવાળા હાલ કાંદિવલી ગોપાલદાસ ગિરધરદાસ સુંદરજી તન્ના (ઉં.વ. ૭૩) તે નલિનીબેનના પતિ. પલ્લવી રાજેશકુમાર શેઠના પિતા. પુરુષોત્તમદાસ, હરેશભાઇ, રામદાસભાઈ, સ્વ. વિમળાબેન વલ્લભદાસ, સ્વ. તારાબેન હરિદાસ, ગં.સ્વ. લક્ષ્મીબેન જેન્તીલાલ, ગં.સ્વ. ચંદ્રિકાબેન હિંમતલાલના ભાઈ. બળેજવાળા હાલ કાંદિવલી સ્વ. તારાબેન ગીરધરલાલ કુરજી ઠકરારના જમાઈ. કશિશના નાના. ૧૬/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૭/૧૦/૨૪ના ૪.૩૦ થી ૬.૩૦. લોટસ હોલ, ચોથે માળે, રઘુલીલા મેગા મોલ, પોઇસર કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ગં.સ્વ. ગીતાબેન કિશોરચંદ્ર (સ્વ. મનુભાઈ) લાખાણી (ઉં.વ. ૭૫) સ્વ. નારાયણદાસ અમરસી ગોકાણીના પુત્રી. સ્વ. કાનજી ભગવાનજી લાખાણીના પુત્રવધૂ. શિલ્પા નિલેશ મજીઠીયા, મેહુલના માતુશ્રી. અનિતા લાખાણીના સાસુ. વિરેન, વત્સલના દાદી. પંક્તિ, ઈશાના નાની. હાલ ગિરગાંવ મુંબઈ તા. ૧૫/૧૦/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે, પ્રાર્થનાસભા તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪, ગુરુવારે ૫ થી ૭. શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ૬/૧૦, ઠાકુર દ્વાર રોડ, મુંબઈ-૨.

**દશા સોરઠીયા વણિક**

મોટી ખિલોરી નિવાસી હાલ કાંદીવલી ગં.સ્વ. ધીરજબેન નગીનદાસ શેઠ (ઉં. વ. ૯૩) ૧૪-૧૦-૨૪ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અમૃતલાલ સુંદરજી ગોરસીયાના દીકરી. કમલેશ, અરૂણ, જયેશ, દક્ષા તથા મીનાના માતુશ્રી. સ્વ. વૃજલાલભાઈ, સ્વ. ચંદુલાલ, અનંતરાય, સુરેશચંદ્ર, સ્વ. મુક્તાબેન માલવીયા, સ્વ. અનસુયાબેન કાટકોરીયાના ભાભી. તે માલીની, સ્મીતા, સ્નેહા તથા પ્રકાશકુમાર મહેતાના સાસુજી. અંકીત, જીલ, રીયા, વિકી, બરખા, પ્રતીક, જીતેન, પ્રીતી, પીંકી તથા અજયના દાદી/નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

સરધાર નિવાસી (હાલ વિલેપાર્લા) દિનેશ અનોપચંદ પારેખ (ઉં. વ. ૭૭) સોમવાર, ૭-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે નલીનીબેનના પતિ. હિમાંશુ-મોના અને ચેતન-મેઘાના પિતાશ્રી. સ્વ. હરેશભાઈ, ચંદ્રકાંતભાઈ, મંજુલાબેન, ગીતા ભરતભાઈ રઘાણીના મોટાભાઈ. રંજનબેન બીપીનભાઈ, અરવિંદભાઈ શ્રીમાંકરના બનેવી. બીપીનભાઈ પારેખ, મહેન્દ્રભાઈ આણંદપરાના વેવાઈ. દિવ્યા, કાવ્યાના દાદા. (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**નવગામ વિસાનાગર વણિક**

પિલવાઈ નિવાસી હાલ મલાડ મુંબઈ અ.સૌ. ઉર્મિલાબેન શાહ (ઉં. વ. ૭૮) ૧૩-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ નિરંજનભાઈ મંગલદાસના ધર્મપત્ની. કેતન, સીમાના માતુશ્રી. સેજલબેન, જયેશકુમારના સાસુ તથા મંગલદાસ મોહનલાલના પરિવાર, ગો.વા. કાંતાબેન કાંતીલાલના સુપુત્રી. બંને પક્ષે પ્રાર્થનાસભા ૧૭-૧૦-૨૪ ગુરુવાર ૫ થી ૭, બીજે માળે લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ કાંદીવલી સ્વ. હીરાલક્ષ્મી દામોદરદાસ હરકીસનદાસ પારેખના સુપુત્ર રાજુ (ઉં. વ. ૬૮) તેઓ મોક્ષદાબેનના પતિ. અ.સૌ. માનસી દર્શક મહેતાના પિતા. ઉમેશ-સુરભી, શૈલેષ-મયુરી, અ.સૌ. મનીષા દીનેશ મોદીના મોટાભાઈ. શ્વસુર પક્ષે ડુંગરવાળા સ્વ. હંસાબેન દોલતરાય મહેતાના જમાઈ. ચિતલવાલા સ્વ. મોહનલાલ વનમાળીદાસ મોદીના ભાણેજ. ૧૪-૧૦-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વપક્ષે પ્રાર્થનાસભા ૧૭-૧૦-૨૪ ગુરુવારના ૫ થી ૭. ચક્ષુદાન કરેલ છે. કેવળબાગ ટ્રસ્ટ, કિલાચંદ રોડ, ડેલીકેસી હોટલની પાસે, કાંદીવલી ફ્લાયઓવર, કાંદીવલી (વેસ્ટ).

**મ. કા. ચા. મોઢ બ્રાહ્મણ**

રસીકલાલ ભટ્ટ (ઉં.વ. ૭૭) તે સ્વ. માર્કંડરાય અને સ્વ. વિદ્યાગૌરીના પુત્ર. ચંદનબેનના પતિ. નર્મદાશંકર પી. દવે (માંડવી)ના જમાઈ. મુકેશ, આનંદ, ભાવેશના પિતા. સ્વ. મહેન્દ્રભાઈ, શીરીષભાઈ, સ્વ. યોગેશભાઈ, મહેશ મહારાજ, સ્વ. નભીબેન દેવશંકર, સ્વ. ઉર્મિલાબેન ગુલાબશંકર, સ્વ. મૃદુલાબેન કમલકાંત, હંસાબેન જનકરાય, સ્વ. પ્રતિમા પી.ના ભાઈ અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭/૧૦, ગુરુવારે ૫ થી ૬. વાગડ બે ચોવીસી સમાજવાડી, આરટીઓ સર્કલ ભુજ.

**હાલાઇ ભાટિયા વીરજીયાણી**

પ્રવીણ કાપડિયા (ઉં.વ. ૮૩) તે સ્વ. જમનાબેન તથા સ્વ. કરસનદાસ કાપડિયાના પુત્ર. પ્રીતિબેનના પતિ. સ્વ. નરેન્દ્ર, સ્વ. યતીન તથા ગં.સ્વ. મધુબેન ત્રિભોવનદાસ ભાટિયાના ભાઈ. નીપા સંજય ભાટિયા, રાખી કેતન ઉદેશી, ખ્યાતિના પિતા, રતનબાઈ શિવજી લક્ષ્મીદાસ મરચન્ટના જમાઈ. ૧૫/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી સોની**

સુરતવાળા હાલ કાંદિવલી સ્વ. રણજિતલાલ છગનલાલ અને ગં.સ્વ. કલાવતી કંચનવાલાના પુત્ર સ્વ. શૈલેન કંચનવાલા ૧૪/૧૦/૨૪ના અવસાન પામ્યા. નયનાબેનના પતિ. સ્વ. ભારતીબેન, સ્વ. નરેશભાઈ, પૂર્ણિમાબેન, વર્ષા પરેશ મહેતાના મોટાભાઈ. કુંજેશ, અંજેશ અને હેતલ કૌશિક ઝવેરીના પિતા. નૈતિક અને પ્રિયાંશના દાદા, પ્રાર્થનાસભા ૧૭/૧૦/૨૪ના પાવનધામ, મહાવીરનગર કાંદિવલી (પશ્ચિમ) ૪ થી ૬. લૌકિક પ્રથા બંધ છે.

**૧૫ ગામ કડવા પાટીદાર સમાજ**

મેરવાડા (મહેસાણા) હાલે કાંદિવલી પુરુષોત્તમ છગનદાસ પટેલ (ઉં.વ. ૮૩) કૃષ્ણશરણ પામેલ છે. કાંતાબેનના પતિ. સંદીપ, દિપાલી ફોરમના પિતા. કરિશ્મા, દિનેશ, દુષ્યંતના સસરા. તિર્થા દક્ષના દાદા. ઘોષાંક, હર્ષાંક, આર્યાના નાના. પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૮/૧૦/૨૪ના ૫ થી ૭. તેરાપંથ ભવન ત્રીજે માળે, ઠાકુર કોમ્પલેક્ષ, કાંદિવલી પૂર્વ.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ બ્રહ્મપુરી (હાલ વાલકેશ્વર) નિવાસી ચિ. ભાવિન (ઉં.વ. ૪૨), તે દીપિકાબેન અને કીરીટભાઇ જટાશંકર મહેતાના પુત્ર. હર્ષાબેન-કિશોરભાઇ, મહેશ્વરીબેન-વિનોદભાઇ, કિરણબેન-બીરજુભાઇના ભત્રીજા. રોનક, કુણાલ, હેમાન્ગ અને જયના ભાઇ. સ્વ. ધનગૌરીબેન નારાયણભાઇ ત્રિવેદીના દોહિત્ર તા. ૧૫/૧૦/૨૪ને મંગળવારે અક્ષરધામ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મેવાસાવાળા ગં.સ્વ. હસમુખબાળા ગોકળદાસ હરજીવનદાસ મહેતા (ઉં. વ. ૮૮) મંગળવાર ૧૫-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. નિલેશ, અંજલી, ભાવનાના માતુશ્રી. અ.સૌ. રૂપલ, હરેશકુમાર, જનકકુમાર દુબલના સાસુ. સ્વ. મનસુખભાઈ, સ્વ. જસુભાઈ, રાજેશભાઈ, સ્વ. મંજુલાબેન ભૂતા, સ્વ. રૂક્ષ્મણીબેન પારેખ, ગં.સ્વ. રેણુકાબેન દોશી, અ.સૌ. જ્યોત્સનાબેન સંઘવીના ભાભી. પિયર પક્ષે દેલવાડાવાળા દ્વારકાદાસ નરોત્તમદાસ ગોરડીયાના દીકરી. સ્વ. કિસનભાઈ, સ્વ. હરકીસનભાઈ, સ્વ. રાજેન્દ્રભાઈ, સ્વ. ધીરૂબેન, રસિકબેન, ભારતીબેનના બહેન. માનસી વિશાલ કોઠારી તથા ચિ. કરણના દાદી. લૌકિક પ્રથા, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા સોરઠીયા વણિક**

સરધાર નિવાસી હાલ મુંબઈ સ્વ. પદમાબેન અને સ્વ. મગનલાલ બેચરદાસ પારેખના પુત્ર જ્યોતિન્દ્રભાઈ પારેખ (ઉં. વ. ૮૩) ૧૬-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અ.સૌ. જ્યોત્સનાબેન પારેખના પતિ. અમિત અને હેમાલીના પિતાશ્રી. તે પ્રીતિ અને મનોજ કોઠારીના સસરા. તે સ્વ. પ્રભાબેન અને સ્વ. ચતુરભુજદાસ નરસીદાસ જવેરીના જમાઈ. તે ઈન્દુબેન અને નરેન્દ્રભાઈના ભાઈ. પ્રાર્થનાસભાઃ ૧૭-૧૦-૨૪ ગુરુવાર, ૫ થી ૬.૩૦. રંગસ્વર હૉલ, ચોથે માળે, વાય. બી. ચવ્હાણ સેન્ટર, જે. ભોસલે માર્ગ, મંત્રાલયની સામે, નરીમન પોઈન્ટ, મુંબઈ-૨૧.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ (મલાડ) મુંબઈ સ્વ. ધીરજલાલ ગાંગજીભાઈ ગાંધીના પુત્ર રાજેન્દ્ર ગાંધી (ઉં. વ. ૬૩) તા. ૧૫.૧૦.૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. તે અશ્વિનભાઈ, પ્રફુલભાઈ, જયવંતીબેન, મંજુલાબેન તથા પૂજ્ય ધર્મિલાબાઈ મહાસતીના ભાઈ. તે સ્વ. હરસુખલાલ તથા લલિતભાઈના સાળા. તે કૃતિ દુર્ગેશ વિશ્વકર્મા તથા કૃપા પુરવ દોશીના પિતાશ્રી. તે સસરા પક્ષે સ્વ. હિંમતલાલ જેચંદ દોશીના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરાપુર-બરવાળા નિવાસી હાલ ઘાટકોપર સુશીલા દોશી, તેઓ નવનીતલાલ વીરચંદ દોશીના ધર્મપત્ની મંગળવાર ૧૫-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. અમીચંદ વીરચંદ દોશી, મનસુખલાલ, શીવલાલ વિરચંદ દોશીના ભાભી. રંભાબેન શીવલાલ ગોસલીયાના દીકરી. સ્વ. ભોગીભાઈ, સુરેશભાઈ, ધીમંતભાઈ, શરદભાઈ તથા નીખીલભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સ્થા. જૈન**

જૂનાગઢ નિવાસી હાલ વસઇ જનકલાલ છોટાલાલ શાહ (ઉં.વ. ૯૩) દમયંતીબેનના પતિ, ૧૬/૧૦/૨૪ના અરિહંતશરણ પામ્યા છે. ગોંડલ નિવાસી સ્વ. જગન્નાથ પારેખના જમાઈ. ભાવિક, જેમિનીના પિતા. વર્ષા, બીનાના સસરા. પ્રાચી, દેવશ્ય, યાત્રી, તીરથના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલારી વિસાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ કોલ્હાપુર સ્વ. તવરાબેન ઠાકરશી દેવસી વસાના સુપુત્ર ગજેન્દ્રભાઈ (બાબાભાઈ) (ઉં.વ. ૮૬) તે સાધનાબેનના પતિ. સ્વ. જયેશભાઇના પિતા. સ્વ. હેમુભાઈ, સ્વ. રાજાભાઈ, સ્વ. જયચંદ્રભાઈ, સ્વ. હસમુખરાય, સ્વ. સુભાષભાઈ તથા સ્વ. જયાબેનના ભાઈ. સ્વ. પ્રાણલાલભાઈ માધવજી મેહતાના જમાઈ તા. ૧૬/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનસભા શુક્રવાર, તા. ૧૮/૧૦/૨૪ના ૧૧ થી ૧૨, રુઇકર કોલોની હોલ, કોલ્હાપુર.

**દિગમ્બર વિસા મેવાડા સમાજ જૈન**

રૂદેલ નિવાસી હાલ મુંબઈ સ્વ. શ્રી ભાઇલાલભાઈ કાલિદાસ શાહના સુપુત્ર જશવંતલાલ શાહ (ઉં.વ. ૮૯) તા. ૩૦-૯-૨૪ના દેવગતિ પામેલ છે. તે ઇન્દીરાબેનના પતિ. નિલેશ તથા અલ્પેશના પિતા. મિત તથા કવિના દાદા. અશોકકુમાર, સ્વ. અનસૂયાબેન, સુશીલાબેન, સ્વ. પુષ્પાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯-૧૦-૨૪ના ૧૦ થી ૧૨, ઇવેન્ટ બેંક્વેટ, કામત ક્લબલેન, એસ.વી. રોડ,ગોરેગાવ વે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે.મૂ. જૈન**

સુરેન્દ્રનગર નિવાસી દીનાબેન દિપકકુમાર બારભાયાના સુપુત્ર ચિ. શાશ્વત (ઉં.વ. ૩૨) તે શ્રી હીરાબેન ન્યાલચંદ હરગોવિંદદાસ બારભાયાના પૌત્ર. સંગીતા રાજુભાઈ, નિશા દિનેશ, શીતલ વિપુલના ભત્રીજા. અક્ષત, તિર્થ, સમકિત, પર્વ, પ્રકૃતિ મિતલકુમાર, આયુષી રુચિતકુમારના મોટાભાઈ. પ્રવીણભાઈ, જસુભાઈ, જીનદાસભાઈ, કિશોરભાઈ, કુંદનબેન પરસોતમદાસ, કોકીલાબેન હસમુખલાલના ભાણેજ. સોમવાર, તા. ૧૪/૧૦/૨૪ના અમદાવાદમાં અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ કાંદીવલી સ્વ. શ્રી ગુણવંતભાઈ અમૃતલાલ શાહના ધર્મપત્નિ રસીલાબેન (ઉં.વ. ૮૦) તે સ્વ. કેતનભાઈ, રચનાબેન જીતેન્દ્રભાઈ, ગીતાબેન મુકેશકુમાર, લતાબેન કિરીટભાઈ, અમીબેનના માતુશ્રી. આકૃતિબેન મૌલીનભાઈ, ધરાબેનના દાદી. સ્વ. જયાબેન, સ્વ. નીરંજનભાઈ, ડોલરબેન, શોભનાબેન, ભાવનાબેન, સ્વ. મંજુલાબેન, પ્રતિભાબેન, કેવલ્યા જ્યોતિશ્રીજી મ.સાહેબના સંસારીના ભાભી. પીયરપક્ષે સ્વ. વાલજીભાઈ મગનભાઈ દોશીના દીકરી. મંગળવાર, તા. ૧૫-૧૦-૨૪નાં અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેરાવાસી જૈન**

પાટણ નિવાસી સ્વ. મૃદુલાબેન ભુપેન્દ્રભાઈ શાહ (કુંભારીયા પાડો) તે તારામતીબેન સેવંતીલાલ જવેરીના સુપુત્રી. ધીરીશભાઈના બેન. જયશ્રીબેનના નણંદ તા. ૧૫-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાલનપુરી જૈન**

સ્વ. રમેશભાઈ કોઠારીના પત્ની કુંજબાલા કોઠારી (ઉં.વ. ૯૧) તા. ૧૫-૧૦-૨૪ના અવસાન પામેલ છે. તે પ્રભાવતીબેન અને કાલીદાસ મંછાચંદ શાહના પુત્રી. શશીબેન, નાનાલાલ ચંદુલાલ કોઠારીના પુત્રવધૂ. ચેતન, બેલા અને નીકીના માતા. નીતા, પ્રવિણ અને સંજીવના સાસુ. સોહિલના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સ્પેશિયલ બ્રાન્ચની ચેતવણીને ગંભીરતાથી ન લેવાને કારણે બાબા સિદ્દીકીનો જીવ ગયો?

મુંબઈ: બાન્દ્રાના એસઆરએ પ્રોજેક્ટ મામલે થયેલા વિવાદમાં મોટા હુમલાની સ્પેશિયલ બ્રાન્ચે (એસબી) આપેલી ચેતવણીને પોલીસે ગંભીરતાથી ન લીધી એના કારણે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીએ જીવ ગુમાવ્યો હોવાનું સૂત્રોનું કહેવું છે.

બાન્દ્રાના સંત જ્ઞાનેશ્વર નગર સ્થિત સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) પ્રોજેક્ટનો બાબા સિદ્દીકીના વિધાનસભ્ય પુત્ર ઝીશાન સિદ્દીકી સહિત અન્યોએ વિરોધ કર્યો હતો. સ્થાનિક રહેવાસીઓને વિશ્વાસમાં લીધા વિના આ પ્રોજેક્ટ હાથ ધરાઈ રહ્યો હોવાનો આરોપ તેમણે કર્યો હતો.

પ્રોજેક્ટના સર્વેના વિરોધમાં ઝીશાને ત્રણ દિવસ સુધી આંદોલન પણ ચલાવ્યું હતું. આ મામલે સરકારી કામમાં વિઘ્ન ઊભું કરવા બદલ પહેલી ઑગસ્ટે ખેરવાડી પોલીસ સ્ટેશનમાં ઝીશાન સહિત અન્યો વિરુદ્ધ ગુનો નોંધવામાં

(જુઓ પાનું ૪) ▸▸

## હત્યારાઓએ ડ્રગ્સનું સેવન કર્યું હતું

બાબા સિદ્દીકીની હત્યા કરનારા શૂટરોએ ડ્રગ્સનું સેવન કર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. શૂટરોએ કુર્લાની પટેલ ચાલમાં રૂમ ભાડે લીધી હતી. પોલીસે રૂમની તપાસ કરતાં શરાબ અને કોલ્ડ ડ્રિન્ક્સની બૉટલો સાથે ડ્રગ્સની એક પડીકી મળી આવી હતી. પૅકેટમાં ગાંજો હોવાનું કહેવાય છે. ડ્રગ્સનો નશો કર્યા પછી સિદ્દીકી પર હુમલા માટે નીકળેલા શૂટરો ઘર નજીકની રેકડી પર અંડાપાંઉ ખાવા રોકાયા હતા. ત્યાંથી રિક્ષામાં બાન્દ્રા પહોંચ્યા હોવાનું કહેવાય છે. પોલીસ શૂટરોને ડ્રગ્સ પૂરું પાડનારાની શોધ ચલાવી રહી છે. પોલીસે સિદ્દીકીના ઘર-ઑફિસની રૅકી માટે શૂટરોએ વાપરેલી બાઈક પણ જપ્ત કરી હતી. આ સેકન્ડ હેન્ડ બાઈક યુપીથી પકડાયેલા આરોપી હરીશકુમાર નિષદે પુણેમાં ખરીદી હતી. બાઈક ખરીદવા માટે પુણેના પ્રવીણ લોણકરે નિષદને ૬૦ હજાર રૂપિયા આપ્યા હતા. ■

## વિધાનસભ્ય ઝીશાન સિદ્દીકીની જૉઈન્ટ કમિશનર સાથે મુલાકાત

બાન્દ્રામાં ગોળી ધરબી બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવ્યા પછી તેમના વિધાનસભ્ય પુત્ર ઝીશાન સિદ્દીકી બુધવારે સાંજે જૉઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) લખમી ગૌતમને મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ પિતાની હત્યા પ્રકરણની તપાસ સંબંધી વિગતો મેળવવા અને હત્યા પાછળનો હેતુ જાણવા ઝીશાન વરિષ્ઠ પોલીસ અધિકારીને મળવા આવ્યા હતા. જોકે લખમી ગૌતમ સાથેની મુલાકાત પછી ઝીશાને પત્રકારો સાથે વાત કરવાનું ટાળ્યું હતું. ■

## નધણિયાતી બૅગમાંથી પિસ્તોલ અને કારતૂસો મળી

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી) અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની હત્યાના ૬૦ કલાક બાદ ક્રાઈમ બ્રાન્ચને એક નધણિયાતી બૅગ મળી હતી, જેમાંથી ૭.૬૨ એમએમની પિસ્તોલ અને કારતૂસો મળી હોવાનું કહેવાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ બાબા સિદ્દીકીની હત્યા જે સ્થળે થઈ તેનાથી અમુક અંતર સુધીના પરિસરમાં પોલીસે સર્ચ હાથ ધરી હતી. ઘટનાસ્થળેથી લગભગ ૧૦૦ મીટરના અંતરે પોલીસને બૅગમાંથી પિસ્તોલ અને કારતૂસો ભરેલી મૅગેઝિન તેમ જ શંકાસ્પદ દસ્તાવેજો મળ્યા હતા. બૅગને તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચે તાબામાં લીધી હતી. પોલીસને શંકા છે કે મુખ્ય હુમલાખોર શિવકુમાર ગૌતમ ફરાર થઈ રહ્યો હતો ત્યારે બૅગ ફેંકી ગયો હશે અથવા તેના હાથમાંથી છટકી ગઈ હશે. પોલીસે બૅગમાંથી મળેલી પિસ્તોલ ફોરેન્સિક લૅબમાં તપાસ માટે મોકલી આપી હતી. આ કેસમાં પકડાયેલા બે શૂટર ધર્મરાજ કશ્યપ અને ગુરમેલ સિંહ પાસેથી પોલીસે બે પિસ્તોલ, ચાર મૅગેઝિન અને ૨૮ કારતૂસ જપ્ત કરી હતી. ■

આગ લાગી કે લગાવવામાં આવી?

# અંધેરી લોખંડવાલાની બહુમાળીય ઈમારતની આગમાં ત્રણનાં કરુણ મોત



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરી (પશ્ચિમ)માં લોખંડવાલા કૉમ્પલેક્સમાં ૧૪ માળની બહુમાળીય ઈમારતના ૧૦મા માળા પર આવેલા ફ્લેટમાં લાગેલી આગમાં સિનિયર સિટિઝન દંપત્તી સહિત નોકરનું મૃત્યુ થયું છે. મૃતકોમાં ૭૪ વર્ષના ચંદ્રપ્રકાશ સોની તેમના ૭૪ વર્ષના પત્ની કાંતા સોની અને ૪૨ વર્ષના નોકર પેલૂબેટાનો સમાવેશ થાય છે. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. જોકે પોલીસ ઘટના સ્થળેથી થીનર જેવું કેમિકલ મળી આવ્યું હોવાથી શોર્ટ સર્કિટ સહિત અન્ય એન્ગલથી પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું ઓશિવરા પોલીસે જણાવ્યું હતું.

લોખંડવાલા કૉમ્પ્લેક્સમાં રિયા પૅલેસ નામની ૧૪ માળની બિલ્ડિંગ આવેલી છે. બિલ્ડિંગના ૧૦ માળા પર ચંદ્રપ્રકાશ સોની અને કાંતા સોની રહેતા હતા. તેમના બે દીકરા વિદેશમાં સ્થાયી થયા છે, જેમાં એક સિંગાપુર અને એક અમેરિકામાં રહે છે. બુધવારે સવારના લગભગ આઠ વાગ્યાની આસપાસ તેમના ઘરમાંથી મોટા પ્રમાણમાં ધુમાડો નીકળી રહ્યો હોવાનું ઈમારતના એક રહેવાસી નીચે મોર્નિંગ વોક કરી રહ્યા હતા ત્યારે તેમને જણાઈ આવ્યું હતું. તેથી તેમણે તુરંત ફાયરબ્રિગેડને જાણ કરી હતી.

રિયા પૅલેસ બિલ્ડિંગના એક રહેવાસીના જણાવ્યા મુજબ આ દરમિયાન ચંદ્રકાંત સોનીના ઘરમાંથી ધુમાડો નીકળી રહ્યો હોવાનું તેમના

(જુઓ પાનું ૪) ▸▸

## આગ શંકાસ્પદ

પોલીસ વિભાગ સાથે સંકળાયેલા અધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે પરિવારનો મોટો બિઝનેસ છે, જે વિદેશમાં પણ ફેલાયેલો છે અને બંને દીકરા સંભાળે છે. અહીં પતી-પત્ની બંને એકલા નોકર સાથે રહેતા હતા. પરિવારની મુંબઈમાં ઓશિવરામાં વિસ્તારમાં પણ મોટી ઓફિસ આવેલી છે. મૃતક ચંદ્રપ્રકાશ તેઓ રિટાયર્ડ ઓફિસર હતા. જોકે વર્ષોથી પરિવારનો બિઝનેસમેન ચલાવી રહ્યા હતા. ઉંમરને કારણે તેમને આંખે થોડું ઓછું દેખાતું હતું. બુધવારે તેમના ફ્લેટમાં આગ લાગી ત્યારે તેમના બેડરૂમમાં પલંગ પાસે, ગાદલા પાસે થીનર ઢોળાઈ ગયેલું જણાઈ આવ્યું હતું. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી કે પછી બીજા કોઈ કારણથી તે ચોક્કસ તપાસ બાદ જ બહાર આવશે. ■

# મુંબઈમાં આજથી બે દિવસ પાંચથી દસ ટકા પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાને કરવામાં આવતા પાણીપુરવઠામાં આજે અને આવતી કાલે બે દિવસ માટે પાંચથી દસ ટકાનો પાણીકાપ મૂકવામાં આવ્યો છે. આ બે દિવસ દરમિયાન પાણી સંભાળીને વાપરવાની અપીલ પણ પાણીપુરવઠા વિભાગે કરી છે. સુધરાઈના પાણીપુરવઠા ખાતાના જણાવ્યા મુજબ વૈતરણા પાઈપલાઈનની યંત્રણામાં થાણેમાં આવેલા તારાળીમાં ૯૦૦ મિલીમીટર વ્યાસના વાલ્વ બગડી ગયા છે. તેથી પાણીની પાઈપલાઈનની યંત્રણાને આંશિક રીતે બંધ કરવામાં આવી છે. તેને કારણે મુંબઈ મહાનગરને પાણીપુરવઠો કરનારા ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં થનારા પાણીપુરવઠામાં પાંચથી દસ ટકાનો ઘટાડો થયો છે. તેથી મુંબઈમાં ગુરુવાર અને શુક્રવાર આ બે દિવસ પાંચથી ૧૦ ટકાનો ઘટાડો થયો છે. તેને કારણે પૂરા મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં ગુરુવાર ૧૭ ઑક્ટોબર, ૨૦૨૪થી શુક્રવાર, ૧૮ ઑક્ટોબર, ૨૦૨૪ આ બે દિસવ દરમિયાન પાંચથી ૧૦ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે. મુંબઈ શહેર અને ઉપનગરમાં

(જુઓ પાનું ૪) ▸▸

# વિધાનસભાની ચૂંટણી: રાજકીય પક્ષો એક્ટિવ મોડમાં

## એમવીએ વિકાસ વિરોધી છે: એકનાથ શિંદે

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ) પર વિકાસ વિરોધી દ્રષ્ટિકોણ સાથે કામ કરવાનો આરોપ મૂકી સહયોગીઓ સાથે મળી પોતાની સરકારના કામના લેખાજોખાની - રિપોર્ટ કાર્ડની - રજૂઆત કરી હતી. ચૂંટણી પંચે રાજ્યના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કર્યાના એક દિવસ બાદ શિંદેએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર તથા કેન્દ્રીય પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸

## મહાવિકાસને સીએમનો ચહેરો જાહેર કરવા માટે પડકાર: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને હવે માત્ર એક મહિનો બાકી છે. આવી સ્થિતિમાં રાજકીય પક્ષો પોતપોતાના સ્તરે તૈયારીઓમાં વ્યસ્ત છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારે આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણી માટે 'મહાયુતિ' એ છેલ્લા બે વર્ષમાં સરકારની કામગીરીનું રિપોર્ટ કાર્ડ રજૂ કર્યું. આ સાથે તેમણે વિપક્ષી ગઠબંધન મહાવિકાસ આઘાડી પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે મહાવિકાસ અઘાડી પર 'વિકાસ વિરોધી અભિગમ' સાથે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો.

ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે મહાવિકાસ

(જુઓ પાનું ૪) ▸▸

## વિપક્ષ ફેક નૅરેટિવ કરી રહ્યું છે: અજિત પવાર

મુંબઈ: વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થયા પછી મહારાષ્ટ્રમાં મહાયુતિ (ભાજપ-શિંદે શિવસેના અને અજિત પવાર એનસીપી)એ પહેલી પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. અહીંની બેઠકમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે વિપક્ષી દળના લોકો મહાયુતિ સામે 'ફેક નૅરેટિવ સેટ' કરી રહ્યા છે, પરંતુ તેમને કોઈ સફળતા મળશે નહીં. અમારી સરકારે બે વર્ષમાં જે કામકાજ કર્યું છે, તેનાથી વિરોધીઓ હરકતમાં આવી ગયા છે, પણ અમે તો કામ કરનારા લોકો છીએ, એમ અજિત પવારે જણાવ્યું હતું.

(જુઓ પાનું ૪) ▸▸

## એમવીએ લાડકી બહિન યોજના, ટોલ માફી રદ કરશે નહીં: આદિત્ય ઠાકરે

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે જણાવ્યું હતું કે જો મહારાષ્ટ્રમાં એમવીએ સત્તા પર પાછી આવશે, તો તે વર્તમાન મહાયુતિ સરકારની 'લાડકી બહિન યોજના' અને મુંબઈના એન્ટ્રી પોઇન્ટ પર ટોલ માફીને રદ કરશે નહીં. એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, ઠાકરેએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારને તેમની સરકારનું રિપોર્ટ કાર્ડ રજૂ કરવા બદલ ઉધડો લીધો અને કહ્યું કે રાજ્યના લોકોએ હવે તેમના ''ડિપોર્ટ કાર્ડ'' તૈયાર કર્યા છે. ''મહાયુતિ સરકાર હેઠળ રાજ્યમાંથી વ્યવસાયો અને નોકરીઓ બહાર જઈ રહી છે,'' તેમણે આરોપ લગાવ્યો. મહા વિકાસ આઘાડી સરકાર મલ્ટી-બિલિયન ડૉલરના ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ટેન્ડરને રદ કરશે. ઠાકરેએ દાવો કર્યો હતો કે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ચલાવી રહેલા અદાણી ગ્રૂપને મુંબઈની ૧,૦૮૦ એકર જમીન આપવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાને આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પહેલા મંત્રીમંડળમાં અનેક

(જુઓ પાનું ૪) ▸▸

# પરિણામ બાદ ત્રણ દિવસમાં સરકાર સ્થપાય એ જરૂરી નથી

## નોટિફિકેશન બહાર પાડીને વિધાનસભા સ્થપાશે

મુંબઈ: ૧૪મી વિધાનસભાનો કાર્યકાળ ૨૬મી નવેમ્બરે પૂરો થઇ રહ્યો છે. એટલે આગામી મહિનાની ૨૩મી નવેમ્બરે ચૂંટણીનાં પરિણામ જાહેર થયા બાદ ત્રણ જ દિવસમાં સરકાર કેવી રીતે સ્થાપવી, એવી શંકા રજૂ કરવામાં આવી રહી છે. પ્રત્યક્ષ રીતે ત્રણ દિવસમાં સરકાર સ્થપાય એ જરૂરી નથી. સરકાર સ્થાપવાની પ્રક્રિયા શી હોય છે એ સમજી લેશો તો તમામ સવાલના જવાબ તમને મળી જશે.

મતદાન ૨૦મી નવેમ્બરે થવાનું છે. પરિણામ ૨૩મી નવેમ્બરે આવશે. ૨૪મી નવેમ્બરે ચૂંટણી પંચ તરફથી ગવર્નરને પરિણામની કોપી સુપરત કરવામાં આવશે.

૧૪મી વિધાનસભાની મુદત ૨૬મી નવેમ્બર સુધીની જ છે. આને કારણે જ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી આ લોકપ્રતિનિધિત્વ કાયદાની કલમ ૫૧ અનુસાર રાજ્ય વિધાનસભા સ્થપાવી જોઇએ એવું નોટિફિકેશન ૨૭મી નવેમ્બરના રોજ કાઢશે. તે અનુસાર વિધાનસભા સ્થપાવી જોઇએ. આ માટે તાત્કાલિક વિધાનસભાનું અધિવેશન લેવાની જરૂર છે. ત્યાર બાદ નવા પ્રધાનમંડળની શપથવિધિ થશે. ત્યાર બાદ ગવર્નર વિધાનસભાનું અધિવેશન બોલાવશે. આ અધિવેશનમાં નવા વિધાનસભ્યની શપથવિધિ હશે. ■

## રાજ્યમાં પરિણામ બાદ રાષ્ટ્રપતિશાસન લાગશે કે કેમ?

જો ચૂંટણીનાં પરિણામમાં સ્પષ્ટ બહુમતી મળશે નહીં કે પછી કોઇ પણ પક્ષ તાત્કાલિક સરકાર સ્થાપવાનો દાવો નહીં કરે કે પછી આવો દાવો કર્યા પછી પણ સંબંધિત રાજકીય પક્ષ રાજ્યને સ્થિર સરકાર આપી શકશે નહીં, એવું જો ગવર્નરને જણાશે તો રાજ્યમાં અમુક દિવસ માટે રાષ્ટ્રપતિશાસન લાગુ થઇ શકે છે. એટલે જ વિધાનસભા સ્થાપવી એ ફરજિયાત બની રહેશે. ■

# ૭૫ બેઠક સત્તાનું પલડું નમાવવામાં રહેશે નિર્ણાયક

મુંબઈ: મુંબઈ સહિત મહારાષ્ટ્રનો શાંત સાગર કિનારાનો પટ્ટો આવતા મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિ અને એમવીએ ગઠબંધન વચ્ચે અને ખાસ કરીને બે પ્રતિસ્પર્ધી શિવસેના વચ્ચે જોવા મળનારા મુકાબલા માટે રસપ્રદ ચિત્ર રજૂ કરે છે.

આગામી ચૂંટણીમાં રત્નાગિરી - સિંધુદુર્ગ લોકસભા બેઠક પર વિજય મેળવનાર માજી કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણે કોંકણ વિસ્તારમાં ભાજપ માટે નિર્ણાયક ભૂમિકા ભજવવાની સંભાવના છે. થાણા શહેરમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો કોપરી - પચપખાડી મતવિસ્તાર અને મુંબઈમાં વરલી વિસ્તારમાં શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે ફરી ચૂંટણી લડવા ઉત્સુક છે તે મુખ્ય મુકાબલાના કેન્દ્ર બનશે. આ ૭૫ બેઠકો આદિવાસી બહુમતી ધરાવતા પાલઘર (૬ બેઠકો), થાણા શહેરના છ વિભાગ સહિત થાણા જિલ્લાની ૧૮ બેઠક ઉપરાંત મુંબઈની ૩૬ બેઠકનો સમાવેશ થાય છે. આ સિવાય રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગ જિલ્લાઓમાં ૧૫ બેઠકો છે. રાજ્યના ચૂંટણી નકશામાં વિદર્ભ, ઉત્તર મહારાષ્ટ્ર, મરાઠવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રના જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે. પ્રાદેશિક દ્રષ્ટિકોણથી ૬૨ વિધાનસભા બેઠક ધરાવતું વિદર્ભ રાજકીય રીતે મહત્વપૂર્ણ છે. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવાર, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલે અને તેમના ભાજપના સમકક્ષ ચંદ્રશેખર બાવનકુળે જેવા મુખ્ય નેતાઓનો આ મતવિસ્તાર છે.

ડુંગળીના પટ્ટા તરીકે ઓળખાતો ઉત્તર મહારાષ્ટ્ર પ્રદેશમાં ૪૭ બેઠક છે. ■

# મોબાઈલ સ્વીચ ઓફ કરીને પણ મતદાન કેન્દ્રમાં લઈ જવાશે નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરના વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે મુંબઈગરા પોતાનો કિંમતી મત વેડફી નહીં દેતા અચૂક મતદાનની ફરજ બજાવે અને રાજકીય પક્ષના કાર્યકરો વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદાન કેન્દ્રના સ્થાન બાબતે મતદારોમાં જાગૃતિ ફેલાવે એવી અપીલ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ

(જુઓ પાનું ૪) ▸▸

## ચૂંટણી લગતી ફરિયાદો અહીં કરી શકાશે

Cvigil એપ્લિકેશનનો ઉપયોગ કરીને મતદારો આચાર સંહિતાનો ભંગ સંબંધિત ફરિયાદો નોંધાવી શકશે છે. આ ઍપ પર કરવામાં આવેલી ફરિયાદો ૧૦૦ મિનિટમાં ઉકેલવામાં આવશે એવો દાવો કરવામાં આવ્યો

(જુઓ પાનું ૪) ▸▸

# ટોલ મુક્તિના પહેલા જ દિવસે 'ફાસ્ટેગ'માં ગડબડ

મુંબઈ: વિધાનસભા ચૂંટણીની જાહેરાતના પહેલા રાજ્ય સરકારે મુંબઈના પાંચેય ટોલ બૂથ પર હળવાં વાહનો માટે ટોલ મુક્તિ આપી હતી અને તેનો અમલ મધરાતથી શરૂ થઈ ગયો હતો. જો કે, 'ફાસ્ટેગ' સિસ્ટમ અપડેટ ન થવાને કારણે, ઘણા મુસાફરોએ ફરિયાદ કરી હતી કે એકબીજા પાસેથી પૈસા કપાયા છે. ત્યાર બાદ ટોલ ફ્રી વાહનો માટે અલગ લેન રાખવા અને હળવાં વાહનો માટે ટોલ ન વસૂલવાના આદેશ આપવામાં આવ્યા છે.

મુલુંડ, ઐરોલી, દહિસર, વાશી, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, આ પાંચ નાકા પરથી નાનાં વાહનો અને એસ. ટી. અને સ્કૂલ બસોને ટોલમાંથી મુક્તિ આપવાનો નિર્ણય સરકારે સોમવારે લીધો હતો. જો કે, મંગળવારે સવારે જ ફાસ્ટેગમાંથી પૈસા કપાયા હોવાનો મેસેજ કારચાલકોને આવ્યો હતો. બાદમાં ઘણા લોકોએ ટોલ બૂથ સ્ટાફ અને પર તેમની નારાજગી વ્યક્ત કરી હતી.

એમએસઆરડીસીના મેનેજિંગ ડિરેક્ટર અનિલ ગાયકવાડે કહ્યું કે સંબંધિત ટોલ કંપનીને મધ્યરાત્રિથી હળવાં વાહનોને ટોલમાંથી મુક્તિ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે પાંચેય ટોલ બૂથ પર કાર્યપાલક ઈજનેરોની નિમણૂક કરવામાં આવી છે અને ટ્રાફિક જામ ન થાય તેની ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. સંબંધિત કંપનીને ટોલ બૂથ પર ટોલ ફ્રી વાહનો માટે અલગ લેન રાખવા અને ત્યાંથી 'ફાસ્ટેગ' સિસ્ટમ હટાવવાના આદેશ આપવામાં આવ્યા છે, એમ અનિલ ગાયકવાડે કહ્યું હતું. ■

એરપોર્ટ પહોંચવું હવે વધુ આસાન

# મેટ્રો-૩ના ટી-ટૂ સ્ટેશનથી ટર્મિનલ-ટૂ માટે ફ્રી બસસેવા

## ૭-એ લાઈનનું કામ પૂરું ન થાય ત્યાં સુધી મળશે સુવિધા

મુંબઈ: મેટ્રો-૩થી એરપોર્ટ જનારા પ્રવાસીઓ માટે આનંદના સમાચાર છે, કેમ કે મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને (એમએમઆરસી) મેટ્રો-૩ના એરપોર્ટ સ્ટેશનથી ટર્મિનલ-ટુ (આંતરરાષ્ટ્રીય ટેકઓફ માટે વપરાશમાં લેવામાં આવતા) સુધી ફ્રી બસસેવા સર્વિસ શરૂ કરી છે. આ બસ ૨૧ સીટરની છે અને આમાં ભારે સામાન પણ લઈ જઇ શકાય છે. આ બસ સોમવારથી શનિવાર સુધી સવારે સાડાછ વાગ્યાથી રાતે ૧૧ વાગ્યા સુધી દર ૧૫ મિનિટ સુધી દોડશે. એ જ સુવિધા સવારે સવાઆઠથી રાતે ૧૧ વાગ્યા સુધી દોડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ મેટ્રો લાઈન-૩નો પહેલો તબક્કો ૮મી ઓક્ટોબરે જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પહેલો તબક્કો બીકેસીથી આરે કોલોની સુધી ૧૨.૬૯ કિમીનો છે, જ્યારે બીજા તબક્કાનું કામ પણ ગતિપૂર્વક ચાલી રહ્યું છે. ૩૩.૫ કિમીની આ પૂરી લાઈન શરૂ થયા બાદ લોકોનો પ્રવાસ વધુ આરામદાયક થઇ જશે. ■

## ૮ દિવસમાં લાખથી વધુ પ્રવાસીઓએ કર્યો પ્રવાસ

આ લાઈન શરૂ થઇ તેને ૮ દિવસ વીતી ગયા છે અને ૧૫મી ઓક્ટોબર સુધી રાતે ૯ વાગ્યા સુધી અંદાજે ૧.૯૧ લાખ પ્રવાસીઓ પ્રવાસ કર્યો છે. ૧૫મી ઓક્ટોબરે જ ૧૮૨૫૧ પ્રવાસીઓએ આમાં પ્રવાસ કર્યો હતો. એમએમઆરસીનું કહેવું છે કે મેટ્રો લાઈન શરૂ થયાના બે દિવસ બાદ પ્રવાસીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. ■

સ્ટેમ્પ ડ્યૂટીની કિંમતમાં મોટો વધારો

# ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પ માટે હવે ગણવા પડશે ₹૫૦૦

મુંબઈ: દરરોજ વપરાશમાં આવતી તમામ વસ્તુની કિંમતમાં હાલમાં મોટો વધારો થઇ રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. ખાવાની વસ્તુ, શિક્ષણ અને આરોગ્ય સંદર્ભના ઉપચાર સહિત તમામ વસ્તુઓના ખર્ચમાં બમણો વધારો થતાં સામાન્ય નાગરિકોની કમર ભાંગી ગઇ છે. આ મોંઘવારીનો માર સહન કરનારી જનતાને માથે સરકારે વધુ એક ઝટકો આપ્યો છે. હવે પછી રૂ. ૧૦૦ અને ૨૦૦ની સ્ટેમ્પ ડ્યૂટી માટે તમારે રૂ. ૫૦૦ ગણવા પડશે. આને કારણે સામાન્ય જનતાના ખિસ્સાં પર ફરી એક વાર સરકારે કાતર ફેરવી છે. ખાતરની ખરીદી અને દાવાની પતાવટ માટે હવે પછી રૂ. ૫૦૦ની સ્ટેમ્પ ફી ગળવી પડશે. આ પહેલાં રૂ. ૧૦૦ અને ૨૦૦ સ્ટેમ્પ ડ્યૂટી થતી હતી. જોકે હવે સીધા રૂ. ૫૦૦ની સ્ટેમ્પ ડ્યૂટી પર વ્યવહાર કરવો પડશે. આની અમલબજાવણી ૧૬મી ઓક્ટોબરથી જ કરી દેવામાં આવી છે. ■

ચૂંટણીનો શંખનાદ

# જરાંગેની આસપાસ આંટા-ફેરા મારતા રાજકારણીઓ

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બાદ વિવિધ પક્ષના નેતાગણ મરાઠા આરક્ષણ માટે લડત ચાલવતા આંદોલનકારી મનોજ જરાંગેને મળવા તલપાપડ દેખાઈ રહ્યા છે. આ આંટાફેરા રાજકીય ટેકો મેળવવા અથવા ચૂંટણી લડવાની ટિકિટ મેળવવા માટેના છે. હજી વર્ષ પહેલા જરાંગેને જૂજ લોકો ઓળખતા હતા, પણ હવે મધમાખી મધ પાસે મંડરાય એ રીતે જરાંગે આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં મરાઠાઓને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની કેટેગરી હેઠળ અનામત મેળવવા આંદોલન ચલાવી ખ્યાતિ મેળવી હતી. ત્યારબાદ તેમણે મરાઠવાડા વિસ્તારના જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામમાં અડધો ડઝનથી વધુ ભૂખ હડતાલ કરી અનામત આંદોલન અંગે જાગૃતિ લાવવાની કોશિશ કરી હતી.

વિશ્લેષકોના જણાવ્યા અનુસાર મરાઠા આરક્ષણની માગણીના મુદ્દાએ લોકસભાની ચૂંટણીમાં મહાયુતિને નુકસાન પહોંચાડ્યું હતું. આજની તારીખમાં પણ આ મુદ્દો નોંધપાત્ર મતદારો માટે મહત્ત્વ ધરાવે છે. જરાંગેએ કહ્યું છે કે જો સરકાર મરાઠા સમુદાયની માગણી પૂરી નહીં કરે તો ૨૦ નવેમ્બરે યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં પરિણામ ભોગવવું પડશે. સરકાર અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વિરુદ્ધ જરાંગેએ આકરી ટીકા કરવા છતાં તાજેતરમાં અનેક નેતાઓ અને વિવિધ પક્ષોના ચૂંટણી ઇચ્છુક લોકો તેમને મળ્યા છે. એમાંથી અનેકોએ તેમના આંદોલનને ટેકો પણ આપ્યો છે. એક રાજકીય વિશ્લેષકના જણાવ્યા અનુસાર શિવસેના અને એનસીપીમાં ભાગલા પડવાને કારણે આગામી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી રસાકસીપૂર્ણ રહેવાની છે. ■




# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'અંકલ, તમે જલદી એપોલો હોસ્પિટલ પહોંચો. જાદવને કહેજો...' વિક્રમનો અવાજ તરડાતો હતો.

'વ્હોટ હેપન્ડ... વિક્રમ, શું થયું?' જગ્ગે સલામત છે ને?' કબીર વિહ્વળ થઈ ગયો.

'કબીર અંકલ... ગાયત્રીએ પપ્પાને ગોળી મારી દીધી છે...! '

'કબીર અંકલ, અમે કોઈએ ધાર્યું નહોતું કે ગાયત્રી પપ્પાનું ખૂન કરવાનો વિચાર કરી શકે...'

એપોલો હોસ્પિટલના પહેલે માળે આવેલા ઑપરેશન થિયેટરની બહાર કબીરના ખભા પર માથું ઢાળીને રડતાં રડતાં વિક્રેમ બોલ્યો.

'જગમોહન કેમ છે?' કબીર હવે મિત્ર મટીને પોલીસ ઑફિસર બની ગયો હતો.

'પપ્પાને થોડીવાર પહેલાં જ ઑપરેશન થિયેટરમાં લઈ ગયા છે.' વિક્રમને બોલવામાં તકલીફ પડતી હતી.

કબીરે એક નજર આસપાસ દોડાવી. પ્રભા અને પૂજા બેન્ચ પર બેઠાં હતા. પ્રભા પાસે ઊભા રહીને રેવતી માને સાંત્વન આપતી હતી. એની પાસે ઊભેલી વ્યક્તિ રેવતીનો વર લાગે છે. શું નામ છે એનું? હા, યાદ આવ્યું, જતીન! કબીર વિચારતો હતો, કરણ કેમ દેખાતો નથી?

'ડોક્ટર શું કહે છે?' વિક્રમ સામે જોયા વિના કબીરે પૂછ્યું.

'પેટમાં શું ગોળી વાગી છે અને પુષ્કળ લોહી વહી ચૂક્યું છે. ડોક્ટર કહે છે કે એકવાર ગોળી કાઢી લઈએ એ પછી જ કંઈ કહી શકાય... પણ ડોક્ટરને જોઈને તો એમ જ લાગે કે પપ્પાની સ્થિતિ ગંભીર છે.' વિક્રમ સ્વસ્થ થવાની કોશિશ કરતો હતો પણ એની આંખમાં વારંવાર આંસુ ઊભરાઈ જતાં હતાં.

'હં... અ... અ' કબીર કંઈ બોલી ન શક્યો.

ઍરપોર્ટથી હોસ્પિટલ સુધીની સફર એણે ઉચાટમાં કાઢી હતી. વિક્રમે ફોનમાં ફક્ત એટલું જ કહ્યું હતું કે 'હોસ્પિટલ પહોંચો... ગાયત્રીએ પપ્પાને ગોળી મારી દીધી છે....!' જાધવે ગાડી તો મારી મૂકી હતી પણ ટ્રાફિકને લીધે વચ્ચે અટકી જવું પડતું હતું.

'કરણ કેમ દેખાતો નથી?' કબીરે પૂછ્યું.

'અમે પોલીસ સ્ટેશને ફોન કરી દીધો હતો અને ડોક્ટર પટેલને પણ તુરંત જ આવી જવા કહ્યું હતું. પોલીસ હજી આવી નહોતી અને પપ્પાની હાલત બગડતી જતી હતી. એટલે કરણને ઘરે ગાયત્રી પાસે રહેવા કહ્યું અમે ડોક્ટર પટેલ સાથે હોસ્પિટલ આવી ગયાં.' વિક્રમે હવે સ્વસ્થ થઈ ચૂક્યો હતો.

'પોલીસને શું બયાન આપ્યું છે?' કબીરે પૂછ્યું.

દૂર બેઠેલી પ્રભાનો ચહેરો ભાવવિહીન લાગતો હતો, જાણે કોઈ ઊંડા વિચારમાં હોય એવું લાગતું હતું.

'પોલીસને ફોનમાં જ કહી દીધું છે કે ગાયત્રીએ પપ્પાની હત્યા કરવાની કોશિશ કરી છે... હમણાં સુધી ગાયત્રીને એરેસ્ટ પણ કરી લીધી હશે.'

'આઈ...સી... કોઈએ ગાયત્રીને ખૂન કરતાં જોઈ હતી? આઈ મીન, કોઈ આઈ વિટનેસ?' કબીરનું દિમાગ ઝડપથી કામ કરી રહ્યું હતું. રેવતી પાસે ઊભેલો એનો વર કોઈ અજાણ્યા યુવક સાથે વાતે વળગ્યો છે. આ યુવાનને પહેલાં ક્યારેય નથી જોયો. પૂજા રડી રહી છે, રેવતી પણ હીબકાં ભરે છે પણ પ્રભાની આંખ સુક્કી લાગે છે. કદાચ એટલો જબરદસ્ત આઘાત લાગ્યો છે કે બધી લાગણીઓ સુકાઈ ગઈ છે.

'કોઈએ પપ્પાનું ખૂન થતાં તો નથી જોયું પણ સાંજના પાંચની આસપાસ અમે બધાંએ બે ચીસ સાંભળી હતી. પહેલી ચીસ તો પપ્પાની હતી અને બીજી ચીસ ગાયત્રીની હતી. સૌથી પહેલાં રૂમમાં પૂજા પહોંચી હતી, ત્યાર બાદ હું અને મારી પાછળ લખુકાકા દોડતા આવ્યા હતા.' વિક્રમે એકીશ્વાસે વાત પૂરી કરી.

અચાનક ઑપરેશન થિયેટરનો દરવાજો ખૂલ્યો અને એક નર્સ ઝડપથી બહાર નીકળી. વિક્રમ એને કંઈ પૂછવા જતો હતો પણ કબીરે એને અટકાવી દીધો.

'રહેવા દે, વિક્રમ, એને એનું કામ કરવા દે. એને પૂછીને કોઈ અર્થ નહીં સરે...'

વિક્રમ પાછો ફર્યો.

'અંકલ,' વિક્રમે ફરી કબીરને ઘટના વિશે માહિતી આપવાનું શરૂ કર્યું:

'પૂજાના કહેવા પ્રમાણે એ પપ્પાના કમરામાં દાખલ થઈ ત્યારે એણે પપ્પાને ફલોર પર ફસડાયેલા જોયા. એમના પેટમાંથી લોહી નીકળતું હતુ. ગાયત્રી હાથમાં રિવોલ્વર લઈને બારી સામે જોઈને બૂમ મારતી હતી - કોઈ રોકો... ખૂની ભાગી જશે.'

'ઓહ, બારીની બહાર કોણ ભાગ્યું હતું?' કબીરે પ્રશ્નોત્તરી ચાલુ રાખી.

'ખબર ન પડી. પૂજાની પાછળ હું દાખલ થયો ત્યારે ગાયત્રીએ મને પણ આ જ વાત કહી. હું દોડીને બારી પાસે પહોંચ્યો પણ બહાર તો કોઈ દેખાતું નહોતું. અંકલ, મને લાગે છે કે ગાયત્રી ખોટું બોલતી લાગે છે. બારી વાટે પપ્પાનો ખૂની નાસી ગયો એવું કહીને એ બધાંને ગેરમાર્ગે દોરવા માગતી હતી.'

'તમે કહો છો કે ગાયત્રીએ રિવોલ્વરની ગોળી ચલાવી તો કોઈએ ગોળીબારનો અવાજ ન સાંભળ્યો?' કબીરે પૂછ્યું.

'ના, અંકલ, કદાચ રિવોલ્વરમાં સાઈલેન્સર લગાવેલું હતું.'

વિક્રમે વાત પૂરી કરી ત્યારે રેવતીનો વર અને પેલો અજાણ્યો યુવક કબીર પાસે આવીને ઊભા રહી ગયા હતા. કબીરે જમાઈ સાથે હાથ મિલાવ્યો. તમે જતીનકુમાર, ખરુંને?' કબીરે નમ્રતાપૂર્વક પૂછ્યું. એના અવાજમાં ઉમળકો નહોતો પણ શુષ્કતા પણ નહોતી.

'તમે ઠીક ઓળખ્યો. આખરે પોલીસવાળા ખરા ને...!' જતીનકુમારે હસતાં હસતાં કબીરને કહ્યું.

કબીરને યાદ આવ્યું કે જમાઈને એ પહેલીવાર મળ્યો હતો ત્યારે પણ એને આ માણસ નહોતો ગમ્યો. આ માણસના વ્યક્તિત્વમાં કંઈક એવું હતું જે એના મનમાં કારણ વગર અણગમાનો ભાવ જગાડતું હતું.

'આ છે જય, વિક્રમભાઈનો સાળો...' જતીનકુમારે જયની ઓળખાણ કરાવી.

'ઓહ, હાય!' કબીરે ઔપચારિકતા દાખવી. જયે કબીર સાથે હાથ મિલાવતી વખતે સ્મિત ફરકાવ્યું. ઓ છોકરો સમજદાર લાગે છે. કદાચ જતીનકુમારની પડખે ઊભો છે એટલે વધુ ઠરેલ લાગતો હશે.

'તમે કહો છો કે તમે બે ચીસ સાંભળી...' કબીરે વાતનું અનુસંધાન મેળવતાં કહ્યું.

'હા... હા, અમે બધાંએ બે ચીસ સાંભળી, બીજી ચીસ તો ગાયત્રીની હતી એ તો ખાતરીપૂર્વક કહી શકાય...' જતીનકુમારે વાતચીતનો દોર હાથમાં લઈ લીધો એ વિક્રમને ન ગમ્યું.

'ઓ.કે.' જતીનકુમારને સંબોધતાં કબીરે કહ્યું, તો જમાઈબાબુ. તમે મને કહો કે તમે કોઈનું ખૂન કરો તો શું ચીસ પાડીને ગામ આખું ભેગું કરીને બધાને જણાવો કે તમે ખૂન કર્યું છે કે પછી ચૂપચાપ પોતાનું કામ પતાવીને ઘટનાસ્થળેથી રવાના થઈ જાઓ?' બોલતી વખતે કબીરના ચહેરા પર કોઈ ભાવપલટો ન આવ્યો. પણ બીજા બધાના મોઢાં પડી ગયાં.

'મારું બેટું આ પણ સાચું...' જતીનકુમાર વિચારમાં પડી ગયા,

'ગાયત્રી શું કામ ચિલ્લાવે... એને ક્યાં ગોળી વાગી હતી? એણે તો ખુદ બુલેટ છોડી હતી.'

'તમે શું કહેવા માગો છો, કબીર અંકલ?' વિક્રમે ગંભીર વદને પૂછ્યું.

'નથિંગ... કંઈ જ નહીં. આ તબક્કે કંઈ પણ કહેવું પ્રીમેચ્યોર ગણાશે. ગંભીર વાત તો એ છે કે હત્યાનો પ્રયાસ થયો ત્યારે ગાયત્રીના હાથમાં ગન હતી. હવે પ્રશ્ન એ થાય છે કે એણે ચીસ શા માટે પાડી? શું એણે કોઈ બીજાને ગોળી મારતાં જોયો કે પછી સાચે જ એ બધાને ગેરરસ્તે દોરવા માગતી હતી...' કબીરને અચાનક જગમોહનના બેડરૂમમાં જવાની ઈચ્છા થઈ આવી. પછી યાદ આવ્યું કે જગમોહનનું ઑપરેશન ચાલી રહ્યું હતું.

'તમે ગમે તે કહો, પણ આ ખૂન કરવાનો પ્રયાસ તો ગાયત્રીએ જ કર્યો છે.' જતીનકુમારથી મૌન જીરવાયું નહીં એટલે એ બોલી પડ્યા :

'જમાઈબાબુ,' કબીરને થયું કે આ માણસ સાથે વધુ વાત કરવી ન પડે તો સારું. 'અમારી લાઈનમાં પુરવાર ન થાય ત્યાં સુધી બધા નિર્દોષ અને હા, ત્યાં સુધી બધા ગુનેગાર પણ ખરા... કારણ કે કોઈ પણ નિર્દોષ લાગતી વ્યક્તિ પણ ખૂની હોઈ શકે અને ગુનેગાર દેખાતી વ્યક્તિ નિર્દોષ... એની વે, જગમોહન ભાનમાં આવે તો કેસનો ઉકેલ મિનિટોમાં આવી જાય...' કબીરે ઓ.ટી.ની. બહાર લગાડેલા લાલ બલ્બ પર દૃષ્ટિ ટેકવતાં કહ્યું.

'હા, ભાનમાં આવે તો...' જમાઈબાબુથી સહજતાથી બોલાઈ ગયું કે એ જાણી જોઈને બોલ્યા એ સમજાયું નહીં.

'જતીનકુમાર, પ્લીઝ એવું નહીં બોલો, પપ્પા જરૂર ભાનમાં આવશે.' વિક્રમે જમાઈ સામે હાથ જોડ્યા. રેવતી વાતચીત સાંભળીને પાસે આવી ગઈ. કબીરે એના માથે હાથ રાખ્યો અને રેવતીની આંખમાંથી દડ... દડ... આંસુ પડવા માંડ્યા.


'અંકલ, પપ્પા જરૂર બચી જશે.' રેવતી કબીરને નહીં પણ ખુદને દિલાસો આપતી હોય એવું લાગતું હતું.

'અરે, બચી જશે એટલું જ નહીં, મારી સાથે દાર્જિલિંગ પણ આવશે, બેટા, ડોન્ટ વરી.' કબીરે એને દિલાસો આપ્યો.

વિક્રમનો સેલ રણકી ઊઠ્યો.

'હા, બોલ,' વિક્રમે કંઈ પણ બોલ્યા વિના વાત સાંભળી લીધી. ફોનની લાઈન કાપ્યા બાદ એ કબીર તરફ વળીને બોલ્યો. 'કરણનો ફોન હતો. ઘરે પોલીસ આવીને ગાયત્રીને એરેસ્ટ કરી ગઈ છે. કરણ પણ થાણામાં સાથે ગયો હતો. હવે એ સીધો હોસ્પિટલ આવે છે. ત્યાંના રિપોર્ટ આપ્યા બાદ એ બોલ્યો કે પ્લીઝ... પપ્પાના ખબર મને નહીં આપતો હું ત્યાં આવીને જ સાંભળીશ, નહીંતર હું ત્યાં સુધી પહોંચી જ નહીં શકું...' વિક્રમના અવાજમાં છુપાયેલું ડૂસકું વરતાતું હતું.

'પિતા મરણપથારીએ પડ્યો હોય ત્યારે સંતાનોને તો લાગી આવે જ ને...' એમાંય આવી સેવાભાવી અને માયાળુ દીકરા...'




જતીનકુમાર ટહુક્યા. વિક્રમે એક ધારદાર નજર જમાઈબાબુ તરફ કરી. રેવતીએ એમને કોણી મારીને ચૂપ રહેવા ઈશારો કર્યો.

'જમાઈબાબુ,' કબીરથી ન રહેવાયું. જમાઈને તમાચો મારવાની ઈચ્છા પર માંડ માંડ કાબૂ મેળવતાં એણે કહ્યું, હોસ્પિટલના બેડને કે પછી કોઈપણ પથારીને મરણપથારી ન કહેવાય.'

'ના... ના... હું ક્યાં કહું છું કે સસુરજી મરી જશે. આ તો શું એમના પેટમાં ગોળી ધરબાયેલી છે એટલે ઝેર તો ફેલાતું જ હશે ને?' જતીનકુમારને મૌન રહેવું ગમતું નહોતું.

'એ કામ ડોક્ટરનું છે. એમને જ કરવા દો ને... પેટમાં બુલેટ જેટલું વિષ ફેલાવે એના કરતાં વધુ ઝેર તમે તમારા શબ્દોથી ફેલાવીએ છીએ.' વિક્રમે પોતાનો અણગમો છતો કર્યો.

વાત વણસી ન જાય એ હેતુથી કબીરે વાતચીતનો દોર પોતાના હાથમાં લઈ લીધો. 'આમેય આપણે નેગેટિવ વિચારો કરીએ તો હંમેશાં નેગેટિવ જ થાય. એટલે મહેરબાની કરીને આપણે બધા એ જ પ્રાર્થના કરીએ કે જગમોહન જીવી જાય.'

'હા, હા, કેમ નહીં, સસુરજી બચી જતા હોય તો અહીંયા ક્યાં વાંધો જ છે...' જતીનકુમારનો જવાબ સાંભળીને કબીરને થયું કે આ હોસ્પિટલ ન હોત તો આ જડસુ માણસ માર ખાત.

'એની વે, આપણે આડીઅવળી વાત કરવાને બદલે કામની વાત કરીએ.' વાત કરતી વખતે કબીરે કરડાકીભરી નજર જતીનકુમાર પર રાખે. જતીનકુમાર શિયાંવિયાં થઈ ગયા.

'હા, તો આપણે પહેલેથી શરૂ કરીશું. કોઈએ ગોળી છોડવાનો અવાજ નથી સાંભળ્યો, કેમ કે રિવોલ્વરને કદાચ સાઈલેન્સર લગાડેલું હતું. બધાંએ બે ચીસો સાંભળી હતી, અને પૂજા જ્યારે રૂમમાં દાખલ થઈ ત્યારે ગાયત્રી બારી તરફ ઈશારો કરીને બૂમ પાડતી હતી. જાણે કોઈ જગમોહન પર ગોળી ચલાવીને નાસી ગયું હોય... રાઈટ?'

'રાઈટ...!' વિક્રમે કહ્યું. બીજાં બધાએ હકારમાં માથું હલાવ્યું.

'ઓ.કે. આપણે માની લઈએ કે ગાયત્રીએ જ કોઈ કારણસર જગ્ગે પર ગોળી ચલાવી હોય, પણ એનો અર્થ એ તો નથી કે એની વાતને નજરઅંદાજ કરવી જોઈએ. હવે માની લ્યો કે સાથે કોઈ માણસ જગ્ગેનું ખૂન કરવા ઈચ્છતો હોય અને એ જ ગોળી મારીને ભાગ્યો હોય તો?'

હોસ્પિટલના કોરિડોરમાં મૌન છવાઈ ગયું. કોઈ કંઈ બોલતું નહોતું. કબીરના પ્રશ્નને બધાને વિચારતા કરી મૂક્યાં હતાં.

એ જ પળે કરણ આવી પહોંચ્યો.

'પપ્પાને કેમ છે?' કરણે ચિંતાતુર અવાજે પૂછ્યું. જતીનકુમાર કંઈ બોલવા જતા હતા પણ કબીરે એને અટકાવીને કહ્યુંઃ કરણ, ઑપેરશન ચાલે છે. હમણાં કંઈ કહી શકાય નહીં.' કરણ ગંભીર થઈ ગયો.

'કરણ, ગાયત્રી શું કહેતી હતી?' કબીરે પૂછ્યું.

'કબીર અંકલ, એ બિચારી ભાંગી ચૂકી હતી, કોણ જાણે કેમ મને એમ લાગ્યા કરે છે કે ગાયત્રી આવું ન જ કરીશકે, પણ અંકલ, અમે બધાએ એના હાથમાં રિવોલ્વર જોઈ હતી. એણે પોતે પોલીસ સમક્ષ કબૂલ્યું કે ગોળી એણે છોડી હતી પણ...' કરણ અટકી ગયો.

'પણ શું... કરણ?' કબીરનું કુતૂહલ ઊછળી પડ્યું.

ગાયત્રી કહેતી હતી કે એક દાઢીવાળો માણસ પપ્પાનું ખૂન કરવા માગતો હતો. ગાયત્રીએ એના પર ગોળી ગોળી છોડી હતી. કમનસીબે એ બુલેટ પપ્પાને લાગી અને પેલો દાઢીવાળો નાસી ગયો.' કરણે પોતાની વાત પૂરી કરી ત્યારે વિક્રમનો ચહેરો કાળો પડી ચૂક્યો હતો.

દાઢીવાળો? તો શું કુમાર ચક્રવર્તી અહીં આવ્યો હશે? પણ એ પપ્પાનું ખૂન શા માટે કરવા ઈચ્છે? ઈન્સ્પેક્ટર પ્રમાણિકના કહેવા પ્રમાણે તો કુમાર વિક્રમની હત્યા કરવા ઈચ્છતો હતો. વિક્રમના મનમાં જાણે વિચારોનો હુમલો થઈ રહ્યો હતો.

'ઓ.કે. કોણ છે આ દાઢીવાળો? જગ્ગે કોઈ દાઢીવાળાને ઓળખે છે?' કબીરે પૂછ્યું.


'અંકલ, જો ગાયત્રીની વાત સાચી હોય તો એક એવી દાઢીવાળી વ્યક્તિ છે જે આપણા પરિવારનો દુશ્મન હોઈ શકે...' વિક્રમે કહ્યું.

'યસ... યસ... વિક્રમ, હવે આપણે એ માણસની નજીક પહોંચી રહ્યા છીએ. નાઉ લીસન, મારે એ માણસનું બેકગ્રાઉન્ડ નથી જોઈતું. એનું નામ અને એના દેખાવ વિશે થોડીક માહિતી આપો તો કદાચ કામ થઈ જાય...' કબીર ઉત્સાહમાં આવી ગયો હતો. ગાયત્રી ખૂની હોય એ વાત એના મગજમાં ફીટ નહોતી બેસતી.

'એનું નામ કુમાર ચક્રવર્તી છે.'

વિક્રમે વાત શરૂ કરી. (ક્રમશઃ)■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| पावसाळा | મહેમાન |
| पाषाण | અવલોકન |
| पाहणी | ગુપ્ત દેખરેખ |
| पाहुणा | પથ્થર |
| पाळत | ચોમાસું |

## ઓળખાણ પડી?

મહારાષ્ટ્રના આ પ્રતિષ્ઠિત લોકનૃત્યની ઓળખાણ પડી? મહિલાઓ આ નૃત્ય પરંપરાગત નવ વારી સાડી પહેરી કરતી જોવા મળે છે. ફિલ્મોમાં પણ આ નૃત્ય અનેક વાર જોવા મળ્યું છે.



અ) કોળી નૃત્ય બ) લેઝીમ નૃત્ય ક) લાવણી નૃત્ય ડ) વારકરી નૃત્ય

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સો | ન | ૨ વ | ર | ણી | ■ | ૩ કુ | દ | ૪ ર | ૫ ત |
| ગ | ■ | ઢ | ■ | ■ | ૬ જી | ણ | ■ | ૭ વ | ડા |
| ૮ ઠાં | ૯ સ | વું | ■ | ૧૦ ઈ | વ | ■ | ૧૧ જ | ■ | ફ |
| ૧૨ બા | ર | ■ | ૧૩ શ્રુ | ત | લે | ખ | ન | ■ | ડી |
| ૧૪ જી | ગ | ૧૫ ર | ■ | ૧૬ વા | ણ | ■ | ૧૭ ક | ળ | ■ |
| ■ | ૧૮ મ | જે | ૧૯ દા | ર | ■ | ૨૦ અ | લ્યા | ■ | ૨૧ મ |
| ૨૨ સ | ■ | ૨૩ ર | ગ | ■ | ૨૪ પ | ■ | ણ | ■ | ર |
| ૨૫ જ | હા | જ | ■ | ૨૬ કો | લા | બો | ■ | ૨૭ હા | જી |
| ધ | ■ | ■ | ૨૮ વ | લ | ય | ■ | ૨૯ ગ | ર | વા |
| ૩૦ જ | ખ | મ | ■ | ૩૧ મ | ન | ગ | મ | તાં | ■ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | | | | ■ | ૧૦ | ■ | ૧૧ | | |
| | ■ | | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | |
| ■ | ૧૮ | ૧૯ | | | | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ | | | ■ | ૨૪ |
| ૨૫ | | ■ | ૨૬ | ૨૭ | ■ | ■ | ૨૮ | ૨૯ | |
| | ■ | ૩૦ | | | | ■ | ■ | ૩૧ | |
| | ■ | | ■ | | ■ | ૩૨ | ૩૨અ | | ■ |
| ■ | ૩૩ | | | | | ■ | ૩૪ | | |

### આડી ચાવી

૧. છૂટક છૂટક (૫)
૫. પ્રવાહની મધ્ય ધારા (૪)
૯. નકામો લવારો (૪)
૧૧. સિંચાઈની એક પદ્ધતિ (૩)
૧૨. ઉનું, ઉષ્ણ (૩)
૧૩. ---- મુંડો, ટાંઉં ટાંઉં (૨)
૧૫. જાણીતું ગુજરાતી ફરસાણ (૩)
૧૬. દરેક, પ્રત્યેક (૩)
૧૮. રમતમાં કાબેલ (૫)
૨૦. બુદ્ધિ (૨)
૨૨. સ્ત્રી (૨)
૨૩. તીવ્ર (૩)
૨૫. ઠંડું (૨)
૨૬. જમા ઉધારનો હિસાબ (૨)
૨૮. દરદી, એક ગઝલકાર (૩)
૩૦. ઘામ, કઠારો, સંતાપ (૪)
૩૧. આ ----માં તેલ નથી (૨)
૩૨. સુગંધ (૩)
૩૩. સતત, નિરંતર (૫)
૩૪. આનંદ, હર્ષ (૩)

### ઊભી ચાવી

૧. મોકળાશ (૪)
૨. તોલ-મોતી તોળવાનું વજન (૨)
૩. જાળ, દાવપેચ (૩)
૪. વાચા, વાણી (૨)
૬. ફટાફટ, ત્વરિત (૨)
૭. ચોરી, થાપ, ભૂલ (૨)
૮. ખેંચાખેંચી, તકરાર (૪)
૧૦. પગની ધૂળ (૫)
૧૨. પસંદ પડવી (૩)
૧૪. કિનાર (૨)
૧૫. જોખમી (૫)
૧૬. મિત્ર, દોસ્ત (૪)
૧૭. વાલુકા, પથ્થરનો ઝીણો ભૂકો (૨)
૧૯. ના પાડવી તે (૨)
૨૧. શુભાશિષ (૪)
૨૪. એક કાવ્ય પ્રકાર (૩)
૨૭. કક્કો (૪)
૨૯. વ્યવસ્થિત રીતે (૪)
૩૦. પગરખું, જોડો (૩)
૩૨અ. શાબાશ (૨)

## ગુજરાત મોરી મોરી રે

પુરુષના એકમાત્ર સગા સાળાની એક માત્ર સગી બહેનના જેઠનો પુત્ર પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) દીકરો બ) ભત્રીજો ક) કાકા ડ) ભાણેજ

## જાણવા જેવું

અંબોડાની વ્યાખ્યા સ્ત્રીઓના માથાના વાળ ગૂંથીને પાછળ વાળવામાં આવતી ગાંઠ, વેણીગૂફ, કેશપાશ કે ચોટલો તરીકે કરવામાં આવે છે. વાળના અર્થમાં મઉડી અને મોટો તથા અમોડો શબ્દો આપ્યા છે, તે ઉપરથી અંબોડો, અંબોડી બોલ ઊતરી આવ્યાં છે. અંબોડો લેવો - વાળવો એટલે માથાની પછવાડેના ભાગમાં ગાંઠના આકારમાં વાળ ઓળીને બાંધવા.

## સુડોકુ-૭૦૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૬ | ૪ | ૨ | | |
| | ૭ | | | | ૫ | ૧ | | |
| ૬ | | | | | | | | ૫ |
| | | | ૯ | | | | ૩ | |
| ૧ | | | | | | | | ૪ |
| | ૬ | | | | ૩ | | | |
| ૯ | | | | | | | | ૭ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | | ૩ | ૪ | ૭ | | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ | ૪ | ૬ | ૨ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૭ | ૧ | ૪ | ૨ | ૮ | ૫ | ૯ | ૩ |
| ૨ | ૫ | ૯ | ૮ | ૪ | ૧ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૮ | ૭ | ૨ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૯ | ૩ | ૬ | ૧ | ૨ | ૭ | ૮ | ૫ |
| ૮ | ૧ | ૫ | ૯ | ૩ | ૭ | ૨ | ૪ | ૬ |
| ૭ | ૨ | ૬ | ૫ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક કપટ સંતાઈને બેઠું છે એ શોધી કાઢો.
નાવ તરી જાય કે ડૂબે એવું છલોછલ તળાવ ભરેલું છે.

## નોંધી રાખો

જીવનમાં ઘણી બાબત આપણને ગમતી થાય તો ક્યારેક એવી બાબત પણ બને જે આપણે ગમાડવી પડે. ગમા અને અણગમાનું ગણિત જો સમજાઈ જાય તો જીવનમાં વધુ સરળતા રહે છે.

## માઈન્ડ ગેમ

સૂર્યના કિરણોના આગમનથી ધરતી પર પ્રકાશ મળે છે. અંધારાને ભગાવતા પ્રકાશના કિરણની ઝડપ પ્રતિ સેકન્ડ કેટલી છે એ કહી શકશો?

અ) ૯૯૦૦૦ માઈલ બ) ૧,૪૭,૦૦૦ માઈલ ક) ૧,૮૬,૦૦૦ માઈલ ડ) ૧,૯૮,૦૦૦ માઈલ

## ગયા ગુરુવારના જવાબ

### ભાષા વૈભવ

| A | B |
|---|---|
| તારા વિના શ્યામ | મને એકલડું લાગે |
| અંબા માના ઊંચા | મંદિર નીચા મોલ |
| અમે મહિયારા રે | ગોકુળ ગામના |
| સોના વાટકડી રે | કેસર ઘોળ્યાં વાલમિયા |
| માએ કનકનો ગરબો | લીધો રે, રંગમાં રંગતાળી |

**ઓળખાણ પડી?**
પાવાગઢ શક્તિપીઠ

**માઈન્ડ ગેમ**
કિંજલ દવે

**ગુજરાત મોરી મોરી રે**
રેશમી

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
ઓરા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નિખિલ બંગાળી (૮) અમીશી બંગાળી (૯) લજિતા ખોના (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) ભાવના કર્વે (૧૬) અશોક સંઘવી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) હર્ષા મહેતા (૨૬) ભારતી બુચ (૨૭) શિલ્પા શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) પ્રવીણ વોરા (૩૩) રજનીકાંત પટવા (૩૪) સુનીતા પટવા (૩૫) શીરીન ઔરંગાબાદવાલા (૩૬) પુષ્પા ખોના (૩૭) નિતીન બજરિયા (૩૮) નૂતન વિપીન (૩૯) ખુશરૂ કાપડિયા (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) ધીરેન્દ્ર ઉદેશી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) જગદીશ ઠક્કર (૪૬) મહેશ સંઘવી (૪૭) કિશોર બી. સંઘરાજકા

# લાડકી



કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

## યુવા વયે સલામતીની ખેવના ઓછી ને સાહસની ઝંખના વધુ હોય છે

નામઃ સોનલ માનસિંહ
સ્થળઃ સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સ, ન્યૂ દિલ્હી
સમયઃ ૨૦૨૪
ઉંમરઃ ૮૦ વર્ષ

નૃત્ય મારું જીવન છે. નર્તન મારા પગમાં નથી, મારી નસોમાં રક્ત બનીને વહે છે. હું નર્તન શ્વસું છું, નર્તન જીવું છું! આજે જીવનના આઠ દાયકા ભરપૂર જીવી લીધા પછી પાછી વળીને જોઉં છું તો મને સમજાય છે કે, મેં નૃત્ય માટે જ અવતાર લીધો છે. કેટલીક વ્યક્તિઓને એના જન્મ પહેલાં જ એનું અવતાર કાર્ય પ્રાપ્ત થઈ જતું હોય છે, હું કદાચ એમાંની જ એક વ્યક્તિ છું. લોકો મને સોનલ માનસિંહના નામે ઓળખે છે કારણ કે એ મારું પ્રચલિત નામ છે, પરંતુ મારું સાચું નામ તો, ફક્ત ‘સોનલ’ છે... ન કંઈ આગળ, ન કંઈ પાછળ! જાણીતા ફિલ્મ દિગ્દર્શક પ્રકાશ ઝાએ જ્યારે મારા જીવન પર દસ્તાવેજી ફિલ્મ (ડોક્યુમેન્ટરી) બનાવી એનું નામ એમણે ‘સોનલ’ આપ્યું. યુટ્યુબ પર આ ઉપલબ્ધ છે-એ ડોક્યુમેન્ટરીમાં મેં મારા વિશે ઘણી વાતો કહી છે, પરંતુ મારા વિશેની એક વાત, સૌથી મહત્ત્વની, એ છે કે હું ‘કૃષ્ણપ્રિયા’ છું. કૃષ્ણમય, નૃત્યમય છું. સ્વભાવે સ્વતંત્ર છું અને પ્રકૃતિએ સંવેદનશીલ! આ બહુ વિચિત્ર સંયોગ છે, કારણ કે મારો જન્મ જ એક એવા પરિવારમાં થયો જે સ્વતંત્રતાના રંગે રંગાયેલો હતો.

મારા દાદાજી મંગળદાસ પકવાસા ગાંધીજીના નિકટના અંતેવાસી હતા. એમણે પોતાની વકીલાતનું શિક્ષણ પૂરું કરીને સોલિસિટરની પ્રેક્ટિસ શરૂ કરી હતી. પૂરજોશમાં ચાલતી પ્રેક્ટિસ છોડીને એમણે સ્વતંત્રતાના જંગમાં ઝંપલાવ્યું. અસહકાર આંદોલન વખતે જેલમાં પણ ગયા. મારી મા, પૂર્ણિમા પકવાસા એમની પુત્રવધૂ... લોકો એને ‘ડાંગની દીદી’ તરીકે ઓળખે. નાની વયે દારૂબંધી માટે પિકેટિંગ કરવા મોડી રાત્રે હિંમતભેર ઊભી રહે. પોતાની પાસે નાની કટારી રાખે. બાપુને આવું હથિયાર રાખે એ નહીં ગમે એવું જાણતી હોવા છતાં મારી માએ બાપુને પૂછેલું, ‘બાપુ, સ્વરક્ષણ માટે હું કટાર રાખું તે ગુનો છે?’ બાપુએ આ યુવતીને અભિનંદી અને કહ્યું, ‘બેટા, મને તારી વાત ગમી. તમારે બહેનોએ સ્વરક્ષણની કલા શીખી લેવી જરૂરી છે. પરંતુ મને આનંદ ત્યારે થાય કે તું, સમાજની બહેનોને પણ આવી તાલીમનું મહત્ત્વ સમજાવે’.

મારી માએ કસ્તુરબા સાથે જેલમાં પણ સમય વિતાવેલો. જેલમાં મારી મા, પૂર્ણિમાબેન કસ્તુરબાને ભણાવતાં, બાપુએ આપેલું લેસન કરાવતાં. ૧૯૩૮ની હરિપુરા કોંગ્રેસમાં મહાત્મા ગાંધીએ મારી માને આદિવાસી વિસ્તારમાં જે કન્યાઓને શિક્ષણથી વંચિત રહેવું પડે છે એમને માટે કામ કરવાનો માર્ગ સૂચવ્યો. આથી ડાંગ વિસ્તારને પસંદ કરીને કન્યા શિક્ષણમાં પહેલ કરી. બાપુ માનતા કે સ્ત્રીઓએ પોતાના જીવનમાં પારિવારિક જવાબદારીઓનું મહત્ત્વ પણ નિભાવવું જોઈએ,



આથી એમના નિકટના મિત્ર કહી શકાય તેવા મંગળદાસ પકવાસાના પુત્ર અરવિંદ પકવાસા સાથે મારી માના લગ્ન કરવાનું સૂચન બાપુએ જ કરેલું. એ પછી પૂર્ણિમા પકવાસા બનીને એણે સાપુતારામાં ઋતંભરા વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી. ત્યાં બાર ધોરણ સુધીની કન્યાશાળા, પુસ્તકાલય, ઔષધિ-વન અને મેદાની તાલીમ આપતાં કેન્દ્રો વિકસાવ્યાં.

૧૯૫૫માં નાશિકની ભોંસલે મિલિટરી સ્કૂલમાં કૅમ્પકમાન્ડર તરીકે સેવા આપવાની શરૂઆત કરી અને ૧૯૭૫ સુધીમાં આવા ૨૦ કૅમ્પમાં કમાન્ડર તરીકે માનદ સેવા આપી. સંગીતનાં રસિયા અને રાગોનાં જાણકાર પૂર્ણિમાબહેને નૃત્યનાટિકાઓને પ્રોત્સાહન પૂરું પાડીને આદિવાસી સંસ્કૃતિની જાળવણીમાં પણ સક્રિયતા દાખવી. ૧૦૦ વર્ષની વયે પણ તેમની સક્રિયતા અચંબામાં ડુબાડી દે તેવી હતી. ‘પદ્મશ્રી’ ઍવોર્ડથી સન્માનિત ડાંગની દીદી’ પ્રજાની પ્રેરણામૂર્તિ હતાં.

મારા દાદા, મંગળદાસ પકવાસા એમના સમયમાં અનેક યુવાનોની પ્રેરણા બની રહ્યા. એ માઈસોર, મુંબઈ, મધ્ય પ્રદેશના ગવર્નર રહી ચૂક્યા હતા. મારા દાદા જ્યારે માઈસોર હતા ત્યારે મારી માએ નૃત્ય શીખવાનું શરૂ કર્યું. બે-ત્રણ મહિના થયા હશે અને એને જાણ થઈ કે એ ગર્ભવતી છે. વળી એ જ દિવસોમાં એણે પ્રખ્યાત નૃત્યકાર ઉદયશંકરનો નૃત્ય કાર્યક્રમ જોયો, એના મનમાં એક ‘દોહદ’ જાગી કે એનું સંતાન નૃત્ય શીખે તો કેટલું સરસ!

દાદાજી નાગપુરમાં હતા ત્યારે મારી માએ મને મણિપુરી નૃત્ય શીખવા માટે મારા પ્રથમ નૃત્ય શિક્ષક પાસે મૂકી. મારી બેન આરતી પણ મારી સાથે નૃત્ય શીખતી, પરંતુ એને એટલો રસ ન પડ્યો. મને એટલી નાની ઉંમરે પણ જાણે કે જીવનનો ઉદ્દેશ્ય જડી ગયો હોય એમ હું નૃત્ય સાધનામાં વધુને વધુ ઊંડી ઊતરવા લાગી. એ પછી દાદાજી મુંબઈના ગવર્નર બન્યા અને હું ફેલોશિપ સ્કૂલમાં ભણવા લાગી. હું ભણવામાં હોંશિયાર હતી, પરંતુ નૃત્ય જ મારું પરમ લક્ષ્ય હતું. મેં આગ્રહ કર્યો એટલે શ્રી કુમાર જયકર પાસે મારી ભરત નાટ્યમની વ્યવસ્થિત તાલીમ શરૂ થઈ. મને લાગતું હતું કે મારે હજી વધુ આગળ વધીને નૃત્યને જ મારી કારકિર્દી બનાવવી છે, પરંતુ મારાં માતા-પિતા માનતાં હતાં કે મારે શિક્ષણમાં રસ લેવો જોઈએ. વ્યવસ્થિત ડિગ્રી લેવી જોઈએ અને સરકારમાં ઊંચી પદવી પર નોકરી કરવી જોઈએ. ભારતીય વિદ્યાભવનમાં મેં હિન્દી અને સંસ્કૃતની પરીક્ષાઓ આપી જેમાં પણ હું ખૂબ સારી રીતે ઉત્તીર્ણ થઈ. મારો રસ કલા અને સંસ્કૃતિ પ્રત્યે વધતો જતો હતો. એ સમયે મારાં માતા-પિતા થોડાંક રૂઢિચુસ્ત અથવા વધુ ચિંતિત હતાં એમ કહી શકાય. એમને લાગતું હતું કે નૃત્યને કારકિર્દી ન બનાવી શકાય... ૧૯૬૧માં કદાચ એમની જગ્યાએ એ સાચાં હતાં, પરંતુ એમને મારી લગન અને નૃત્ય પ્રત્યેનું સમર્પણ હું સમજાવી શકું એમ નહોતી.

શ્રી કુમાર જયકરને ત્યાં હું નૃત્ય ગુરૂ શ્રી યુ.એસ. કૃષ્ણારાવ અને શ્રી ચંદ્રભાગાદેવીને મળી હતી. ત્યારથી જ મારા મનમાં એમની પાસે નૃત્યની શિક્ષા લેવાનો દ્રઢ નિશ્ચય થઈ ગયો હતો. મેં મારા ઘરના સૌને સમજાવવાનો પ્રયત્ન કર્યો. મેં કહ્યું કે, મારે નૃત્ય કરવું છે.

૧૮ વર્ષની ઉંમરે બીજી તો શું સમજણ હોય, પરંતુ મેં ઘર છોડીને બેંગલોર જવાનો નિર્ણય કરી લીધો. હું જે રીતે પરિવારમાં આર્થિક અને વહાલની સલામતી સાથે ઉછરી હતી એ પછી આ નિર્ણય મને કેટલો મોંઘો પડશે, મારે શું-શું પ્રશ્નોનો સામનો કરવો પડશે આવું કંઈ વિચારવાની એ ઉંમર જ નહોતી, કદાચ! આપણે જેમ મોટાં થતાં જઈએ તેમ તેમ સલામતીના ગુલામ થતાં જઈએ છીએ. બાળપણની કે યુવાવસ્થાની એ વય વખતે સાહસનો ભય નથી લાગતો! બેંકમાં હતા એટલા પૈસા ઉપાડ્યા અને પૂનાની ટ્રેન પકડી. એ વખતે મુંબઈથી બેંગલોર સીધી ટ્રેન નહોતી, પૂના થઈને જવું પડે... પરંતુ ઝાઝું વિચારવાનો સમય નહોતો અને ધીરજ પણ નહોતી જ, એટલે હું તો ગુરુજીને ત્યાં પહોંચી ગઈ. ગુરુજી આશ્ચર્યચકિત!

એ પછી ઘરે ફોન કરીને બધી માહિતી આપી, પરિવાર નારાજ હતો તેમ છતાં મારી લગન અને પ્રબળ ઈચ્છાશક્તિની સામે સૌએ મંજૂરી આપી. મેં શ્રી યુ.એસ. કૃષ્ણારાવને ત્યાં ભરતનાટ્યમની તાલીમ લેવાની શરૂઆત કરી. મને લાગ્યું કે હું મારા લક્ષ્ય સુધી પહોંચી ગઈ છું, પરંતુ આ તો જીવનનો પહેલો પડાવ હતો... હજી તો બહુ લાંબો પ્રવાસ કરવાનો બાકી હતો! (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com


## ટીનએજઃ સંજોગો સામે ઝૂકવું કે ઝઝૂમવું?

ખટાકકક.. જોરથી અવાજ આવ્યાની બીજી જ ક્ષણે અનોલીની ચીસ સંભળાય. મેદાનમાં બેસેલા લોકો ઊભા થઈને એ દિશામાં જોવા લાગ્યા. જૂનિયર ગ્રુપમાં રમતી આશાસ્પદ એથ્લિટ અનોલી છેલ્લા છ મહિનામાં ત્રીજી વખત ઈજાગ્રસ્ત થયેલી. ક્યારેક કાંડુ તો ક્યારેક કોણી.....પણ આ વખતે સીધો પગનો વારો નીકળ્યો.અનોલીના પેરેન્ટ્સે ત્વરિત નિર્ણય લઈ લીધો : નો સ્પોર્ટસ ફોર અનોલી.... એ હવેથી સ્પોર્ટ્સ નહીં રમે.

અનોલી પોતે પણ થાકી હતી એટલે એણે સહર્ષ એમના નિર્ણયને વધાવી લીધો. આ બધામાં દુઃખી હોય તો એક માત્ર એના કોચ.એને અનોલીની કાબેલિયત પર કોઈ શંકા નહોતી. માટે જ, એક વખત જો અનોલી માને તો સ્કૂલના કાઉન્સેલર મેડમ પાસે એને લઈ જવાની ઈચ્છા વ્યકત કરી. એકાદ મહિનામાં થોડું સારું થાય પછી જવાનું નક્કી થયેલું એ મુજબ અંતે અનોલીને કાઉન્સેલિંગ માટે બેસાડવામાં આવી. સાથે પેરેન્ટ્સ તો ખરા જ. થોડી આડી-અવળી વાત પછી સુજાતા મેડમ મુદ્દા પર આવ્યાં : .

જુઓ, ક્યારેક અમુક નાની અમસ્તી ઈજાના કારણે પણ લોકો પોતાની કે પોતાના બાળકની કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકી દેતા અચકાતા નથી હોતા. મૃત્યુના ડર થકી જીવન જીવવાનું ભૂલી જતા લોકોએ નામની અમેરિકાની જાણીતી સર્ફરના જીવનમાં બનેલી કડવી છતાં વાસ્તવિક ઘટના એકવાર અચૂક જાણવી જોઈએ. અસ્તિત્વ માટે ઝઝૂમતા મનુષ્યો કુદરત સામે લાચાર હોય છે, પણ તરુણવયની બેથનીએ કુદરત સામે મેળવેલી જીતના કેટલાંક ઉદાહરણ યાદગાર છે માટે અનોલી, અહીં આજે મારે તારી નહીં, પણ બેથનીની વાત કરવી છે....’ કહી સુજાતા મેડમે આગળ ચલાવ્યું.

અમેરિકાના હવાઈ ટાપુ પર સમુદ્રતટથી એકદમ નજીક વસતા હેમિલ્ટન પરિવારમાં સૌથી નાની એવી બેથની માટે દરિયો એટલે એનો સૌથી પ્રિય દોસ્ત. આમ તો, આખો હેમિલ્ટન પરિવાર ‘સર્ફિંગ’ નામથી જાણીતી રમતમાં કુશળ. પશ્ચિમના દેશોમાં દરિયાઈ કાંઠે વસેલા શહેરોમાં અતિ લોકપ્રિય એવી ઉછળતા વિશાળકાય મોજાઓ પર સેર-સપાટા કરવાની રમત એટલે સર્ફિંગ. બેથની માટે પા-પા પગલી જ પાણી પર કરવાની આવી હતી. ટીનએજર બેથની માટે સર્ફિંગ એ માત્ર રમત કે શોખ જ નહી, પરંતુ એનું જીવન હતું. સર્ફિંગમાં માત્ર આઠ વર્ષની વયે પોતાનું પહેલું મેડલ જીતનારી બેથનીએ બાર વર્ષની વયે રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી લીધેલો, પણ નસીબ બે ડગલા આગળ ચાલતું હોય તેમ એક ગોઝારા દિવસે પ્રેકટિસ



બેથની હેમિલ્ટન

દરમિયાન ટાઈગર શાર્ક એના પર જીવલેણ હુમલો કરે છે.

શાર્કના મજબૂત જડબાં બેથનીનો ખભ્ભા નીચેનો ડાબો હાથ આખેઆખો ચાવી જાય છે. આ જીવલેણ હુમલામાં બેથની માત્ર હાથ, નહીં પરંતુ શરીરનો લગભગ સાઈઠ ટકા જેટલો લોહીનો જથ્થો પણ ગુમાવી બેસે છે અને મેડિકલ ભાષામાં જેને ‘વોલ્કેનિક શોક’ કહે છે એમાં સરી પડે છે. બેથનીનો જીવ તો બચી જાય છે, પરંતુ સર્ફિંગ એ શારીરિક સંતુલન અને સ્થિરતા પર આધારિત રમત હોય છે,પણ એક હાથના અભાવે તોફાની સમુદ્રના ઉછળતા મહાકાય મોજાઓ પર તો કઈ રીતે જીત મેળવી શકાય? અનોલી, સાંભળ હવે શરૂ થાય છે ઈશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધાની વાત... પોતાની નબળાઈઓ પર જીત મેળવવાના એક તારા જેવડી ટીનએજરના અથાગ પ્રયત્નો, વિચારતા પણ ભયનું લખલખું પસાર થઇ જાય એવી વિષમ પરિસ્થિતિમાં અમાપ સહનશક્તિથી સંજોગો સામે ના ઝુક્વાની એક તરુણીની પ્રબળ ઝંખના.... અનોલીના પેરેન્ટ્સ સામે જોઈ મેડમ બોલ્યાઃ

તમારી જિંદગીમાં બની ચુકેલી ખરાબ ઘટનાઓને વાગોળવાને બદલે આગળ સફળતા મેળવવાના પ્રયત્નો કરતાં શીખો. અકસ્માત બન્યાના માત્ર એક મહિના જેવા ટૂંકાગાળામાં બેથની ફરીથી સર્ફિંગ શરૂ કરે છે. એક હાથે ‘સર્ફ બોર્ડ’ પકડવાની મહેનત કરતી બેથની વારંવાર નિષ્ફળતાનો સામનો કરે છે, પરંતુ ધીરે-ધીરે હાથ વગર પણ સર્ફિંગ કરવામાં પક્કડ જમાવતી જાય છે. અને માત્ર એક જ વર્ષમાં ફરીથી સર્ફિંગની સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કરે છે...!

ઓહો! અનોલીના આશ્ચર્યજનક ઉદગારમાં હામી ભરી એણે કહ્યું : ‘હા, એટલું જ નહીં, પરંતુ પ્રથમ સ્થાન પણ પ્રાપ્ત કરે છે અને એ પણ કોઈપણ પ્રકારની વધારાની મદદ સિવાય. બેથનીનું જીવન અનેક એવા લોકો માટે પ્રેરણારૂપ છે જે થોડી વિષમ પરિસ્થિતિઓ આવતા જ સંજોગો સામે ઝૂકી જાય છે. આપણને આવી પરિસ્થિતિઓ સામે ઝૂકવાને બદલે ઝઝૂમવાની તાકાત આપે છે આ બેથની!’

સુજાતા મેડમની વાત તો અહીં પૂરી થાય છે ,પરંતુ બેથનીની જીવન સફર અહીં પૂરી થતી નથી. બેથની ત્યારબાદ અત્યાર સુધી સર્ફિંગની દુનિયામાં ખૂબ કુશળ સર્ફર તરીકે જાણીતી બની છે. એક પછી એક અનેક સ્પર્ધાઓમાં વિજેતા બની ચુકી છે, અનેક ટીવી સિરિયલ્સ, ડોક્યુમેન્ટરી , ટોક શો , પ્રેરણાત્મક સેમિનાર્સ વગેરેમાં ભાગ લઇ ચુકી છે. ઉપરાંત અનેક એવી ચેરિટી સંસ્થાઓ સાથે સંકળાયેલી છે, જે લોકોને પોતાના ડર, પોતાની હાર સામે પડકાર ફેંકી જીવનમાં કંઈક હાંસલ કરવા દરેક પ્રકારની મદદ કરવા તૈયાર હોય છે.

અનોલીને આખી વાતમાંથી જો કઈ સ્પર્શી ગયું તો એ હતું માત્ર તેર વર્ષની ઉંમરે પોતાનું બધું જ ગુમાવી ચુકેલી બેથની ફરી બેઠી થઈ એ.... પોતાના જેવડી એ છોકરી આત્મવિશ્વાસ કેળવે અને વિજેતા પણ બને. એટલુંજ નહીં સંજોગો સામે લડવાની તાકાત થકી અનેક લોકોને પ્રેરણા પૂરી પાડે, અનેક એવોર્ડ્સ મેળવે, સફળતા મેળવે, લોકપ્રિય બને, લગ્ન કરી સંતાનોને ઉછેરે અને કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતી જાય...

અનોલી વિચારે છેઃ મને તો અત્યારે માત્ર ફ્રેકચર આવેલું છે અને કારકિર્દી પર વિરામચિહ્ન મુકી દેવાયું છે. અનોલીએ પ્રશ્નસૂચક નજરે એના પેરેન્ટ્સ સામે જોયું.

સુજાતા મેડમે પણ એટલું ઉમેર્યું :

જો, અનોલી જીવનમાં જોયેલાં સપનાંને સાકાર કરવાની પ્રબળ ઝંખના આપણને આગળ ધપાવતી હોય છે. નજીવાં કારણોસર સમાધાન કરવા કરતાં આપણા સહુએ બેથની જેવા તરુણોનો આત્મવિશ્વાસ વધે એ દિશામાં પ્રયાસ કરવા જ રહ્યા....’

આ વાતચીત પછી પોતાની સ્પોર્ટ્સ કેરિયર છોડી દેવાની કાગારોળ કરી રહેલી અનોલીને પોતે એકદમ ફીટ એન્ડ ફાઈન છે એવો અહેસાસ ભાંગેલા પગે પણ થઈ આવ્યો. ■

ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com



## ભારતનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ
# પ્રતિભા પાટીલ

ટેબલ ટેનિસના ખેલમાં જે નિપુણ હોય અને જે કૉલેજ ક્વીન પણ રહી ચૂકી હોય એ યુવતી આગળ ઉપર પ્રસિદ્ધ ખેલાડી બને અથવા તો ભારતસુંદરી બને તો નવાઈ ન લાગે, પણ આ બે ક્ષેત્રને બદલે એ રાજકારણના ક્ષેત્રમાં કાઠું કાઢીને ભારતનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનવા સુધીની સફર ખેડે...

પ્રતિભા પાટીલને મળો. ભારતીય પ્રજાસત્તાકનાં સર્વપ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ. ભારતનાં પહેલાં મહિલા રાષ્ટ્રપતિ. એ પહેલાં રાજસ્થાનનાં સર્વપ્રથમ મહિલા રાજ્યપાલ રહ્યાં. પ્રાથમિક, માધ્યમિક અને એમ.એ. સુધીનું શિક્ષણ મહારાષ્ટ્રના ખાનદેશ સ્થિત જળગાંવ ખાતે. ત્યારબાદ એલએલ.એમ. પદવી સુધીનું કાયદાશાસ્ત્રનું શિક્ષણ મુંબઈની સરકારી લૉ કૉલેજમાં લીધું અને જન્મસ્થાન જળગાંવ ખાતે વકીલાત શરૂ કરી. મૂળ રાજસ્થાનના પરંતુ જળગાંવ ખાતે લાંબા સમયથી કાયમી ધોરણે સ્થાયી થયેલા દેવીસિંગ રામસિંગ શેખાવત સાથે ૭ જુલાઈ ૧૯૬૫ના રોજ વિવાહબદ્ધ... ભારતીય રાજકારણમાં એમણે વિવિધ પદ શોભાવ્યાં, એમાં ‘પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ’ તરીકેનો હોદ્દો શિરમોર રહ્યો !

રાજકારણ ઉપરાંત સામાજિક કાર્યકર તરીકે પણ તેઓ મહારાષ્ટ્રના ખાનદેશના જળગાંવ જિલ્લામાં જાણીતાં બન્યાં. જળગાંવ ખાતે સ્થાપવામાં આવેલ ‘પ્રતિભા મહિલા સહકારી બેંક’નાં તેઓ સંસ્થાપક છે. વળી જળગાંવ ખાતેના ખાંડના કારખાનાનાં તેઓ સંસ્થાપક અધ્યક્ષ છે. જળગાંવ ખાતે વિચરતી જાતિનાં બાળકો માટે જે શાળા ચલાવવામાં આવે છે તથા ઇતર પછાત કોમોનાં બાળકો માટે જે નર્સરી સ્કૂલો ચલાવવામાં આવે છે તેનું સંચાલન પણ પ્રતિભા પાટીલ કરે છે. પતિ દેવીસિંહ સાથે મળીને તેમણે શૈક્ષણિક સંસ્થા, વિદ્યા ભારતી શિક્ષણ પ્રસારક મંડળની સ્થાપના કરી, જે જળગાંવ અને મુંબઇમાં શાળાઓ અને કૉલેજોની શ્રેણીનું સંચાલન કરે છે. તેમણે શ્રમ સાધના ટ્રસ્ટની પણ સ્થાપના કરી જે દિલ્હી, મુંબઇ અને પૂણેમાં કામ કરતી મહિલાઓ માટે હોસ્ટેલ અને જળગાંવમાં એન્જિનિયરિંગ કૉલેજ ચલાવે છે. સાથે જ સંત મુક્તાબાઇ સહકારી સાકર કારખાના નામે જાણીતી સહકારી સુગર ફેક્ટરીની સ્થાપના કરેલી.

પ્રતિભાશાળી પ્રતિભા પાટીલ મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાના નંદગાંવમાં ૧૯ ડિસેમ્બર ૧૯૩૪ના રોજ જન્મેલાં. માતા શકુંતલા અને પિતા નારાયણ રાવ પાટીલ આઝાદીના પ્રખર લડવૈયાઓ. દેશપ્રેમના સંસ્કારો વારસામાં મેળવીને પ્રતિભાએ જળગાંવમાં નગરપાલિકાની પ્રાથમિક કન્યાશાળામાંથી ચાર ધોરણ સુધીનું શિક્ષણ લીધું. પછી, અત્યારે આર.આર. વિદ્યાલય તરીકે જાણીતી અંગ્રેજી શાળામાં પાંચમા ધોરણમાં પ્રવેશ મેળવ્યો. ત્યાર બાદ જળગાંવની એમ.જે. કોલેજ તરીકે જાણીતી મૂળજી જેઠા કોલેજમાં દાખલ થઈ. વર્ષ ૧૯૬૨માં સૌંદર્ય સ્પર્ધામાં એમ.જે. કૉલેજના કૉલેજ ક્વીન પણ બન્યાં. ચીનના આક્રમણ વખતે ૧૯૬૨માં જળગાંવ જિલ્લામાં મહિલા ગૃહરક્ષકદળ સંગઠિત કરવામાં તેમણે મોખરાની ભૂમિકા ભજવી. પ્રતિભા સામાજિક કાર્યોમાં આગળ પડતો ભાગ લેતાં. વકીલાત શરૂ કર્યા પછી પણ સામાજિક કાર્યો સાથે જોડાયેલાં રહ્યાં. કૉંગ્રેસના નેતા અન્ના સાહેબ કેળકરે પ્રતિભામાં છુપાયેલી રાજનૈતિક પ્રતિભા પારખી. એમણે પ્રતિભાને કૉંગ્રેસમાં જોડાવાનું સૂચન કર્યું. પ્રતિભાનો ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પ્રવેશ થયો. એ પછીના ઘટનાક્રમમાં એદલાબાદ મતદારક્ષેત્ર પરથી પ્રતિભાએ વિધાનસભાની ચૂંટણીમાં વિજય હાંસલ કર્યો. પ્રતિભા રાજકારણમાં સિદ્ધિનાં સોપાનો સર કરતાં રહ્યાં. પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનવું તે આ સિદ્ધિનું અંતિમ સોપાન !

રાજકારણી તરીકેનો પ્રતિભા પાટીલનો અનુભવ વિશાળ રહ્યો. એ વિવિધ હોદ્દે કાર્યરત રહ્યાં. વર્ષ ૧૯૬૨-’૮૫ના ગાળામાં મહારાષ્ટ્ર રાજ્ય મંત્રીપરિષદનાં સભ્ય. ઉપર્યુક્ત ગાળા દરમિયાન તેમણે નગરવિકાસ અને ગૃહનિર્માણ, શિક્ષણ, પર્યટન, સંસદીય કાર્ય, આરોગ્ય, સમાજકલ્યાણ અને સાંસ્કૃતિક કાર્ય જેવા જુદા જુદા વિભાગોના મંત્રીપદે કાર્ય કરેલું. જુલાઈ ૧૯૭૯માં મહારાષ્ટ્રમાં શરદ પવારના નેતૃત્વ હેઠળ પુરોગામી લોકશાહી આઘાડી-પુલોદના નેતૃત્વ હેઠળ રચવામાં આવેલ મંત્રીમંડળના કાર્યકાળ દરમિયાન પ્રતિભા પાટીલ વિરોધ પક્ષના નેતા રહ્યાં. વર્ષ ૧૯૮૫માં મહારાષ્ટ્રમાંથી રાજ્યસભાના સભ્ય બન્યાં અને એ રીતે સંસદીય કારકિર્દીનો પ્રારંભ કર્યો. માત્ર એક વર્ષમાં રાજ્યસભાની ઉપસભાપતિની સૂચિમાં સ્થાન મેળવ્યું. આ જ સમયગાળા દરમિયાન તેમણે સંસદીય અધિકાર ભંગ જેવી મહત્ત્વની સમિતિના અધ્યક્ષપદે કામ કર્યું. વર્ષ ૧૯૮૮-’૯૦ દરમિયાન મહારાષ્ટ્ર કૉંગ્રેસનાં પ્રદેશાધ્યક્ષ.

વર્ષ ૧૯૯૧માં મહારાષ્ટ્રના અમરાવતી મતદાર વિભાગમાંથી પ્રતિભા લોકસભામાં પ્રથમવાર નિર્વાચિત થયાં. વર્ષ ૧૯૯૬થી ૨૦૦૪ના ગાળા દરમિયાન પ્રત્યક્ષ રાજકારણમાંથી સ્વૈચ્છિક રીતે અલગ રહ્યાં. વર્ષ ૨૦૦૪થી ૨૦૦૭ દરમિયાન રાજસ્થાનનાં રાજ્યપાલ રહ્યાં.

પ્રતિભા પાટિલે રાષ્ટ્રપતિપદની ઉમેદવારીને કારણે ૨૧ જૂન ૨૦૦૭ના રોજ રાજસ્થાનનાં રાજ્યપાલ તરીકે રાજીનામું આપ્યું. કેન્દ્રના સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન દ્વારા રાષ્ટ્રપતિની ચૂંટણી માટે નામાંકન દાખલ કર્યું. ઉપર્યુક્ત નામાંકન કૉંગ્રેસ, સાથી પક્ષો અને ડાબેરી જૂથ વચ્ચેની રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પસંદ કરવામાં ઊભી થયેલી મડાગાંઠના ઉકેલ રૂપે તેમને છેલ્લી ઘડીએ પ્રાપ્ત થયેલું; જેમાં ડાબેરી પક્ષો અને રાષ્ટ્રીય કૉંગ્રેસના તથા યુ.પી.એ.નાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ અગત્યની ભૂમિકા ભજવેલી. ૨૧ જુલાઈના રોજ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ-એનડીએ સમર્થિત સ્વતંત્ર ઉમેદવાર અને તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ ભૈરોસિંહ શેખાવત સામે ૩,૦૬,૮૧૦ જેટલા મતોની બહુમતીથી રાષ્ટ્રપતિપદ માટે નિર્વાચિત ઘોષિત થયાં. ૨૪ જુલાઈ ૨૦૦૭ના રોજ ભારતીય પ્રજાસત્તાકના વિધિવત્ રાષ્ટ્રપતિનું તેમણે પદ ગ્રહણ કર્યું. તેમણે નિવૃત્ત થતાં રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામ પાસેથી આ હોદ્દાનાં સૂત્રો સ્વીકારેલાં.

રાષ્ટ્રપતિ તરીકે પ્રતિભા પાટીલે ભૂમિદળ અને વાયુસેનાના સંયુક્ત યુદ્ધ અભ્યાસ સુદર્શન શક્તિ દરમિયાન મુખ્ય યુદ્ધ ટેન્ક ટી-૯૦ પર સવારી કરીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધેલાં. ટેન્ક પર સવાર થનારા જવાનોની જેમ સંપૂર્ણ કાળાં કપડામાં સજ્જ થઇને છોતેર વર્ષીય પ્રતિભા પાટીલે મુખ્ય યુદ્ધ ટેન્ક ટી-૯૦માં સેનાધ્યક્ષ વી.કે.સિંહ સાથે સવાર થઇને ટેંકની રજેરજની માહિતી મેળવેલી. એ સાથે જ પ્રતિભા પાટીલ કોઇ યુદ્ધ ટેન્ક પર સવાર થનારાં ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ બની ગયેલાં.... પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનવાની સાથે યુદ્ધ ટેન્ક પર સવાર થનાર પણ પ્રથમ રાષ્ટ્રપતિ...! ■

ફેશન
ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ફેસ્ટિવ વેરમાં નવું શું છે?

ફેસ્ટિવ વેર એટલે જે કપડાં ફેસ્ટિવલમાં પેહરવામાં આવે.એટલે કે, તેહવારોમાં પહેરવામાં આવે. પહેલા ફેસ્ટિવ વેરમાં માત્ર સાડી પહેરવામાં આવતી. પરંતુ, ઘણા વખતથી ટ્રેન્ડ બદલાયો છે. મહિલાઓ સાડી તો પેહેરે જ છે પરંતુ સાડીમાં ઘણા વેરિએશન સાથે પેહરે છે. તેમ જ જુદી જુદી પેટર્નના ડ્રેસ,કે જે ટ્રેડિશનલલી મોડર્ન હોય. ટ્રેડિશનલી મોડર્ન એટલે કે જે ડ્રેસમાં ટ્રેડિશનલ લૂક સાથે એક મોડર્ન ટચ પણ આવી જાય. ચાલો જાણીયે ટ્રેડિશનલી મોડર્ન એટલે શું અને કઈ રીતે પેહરી શકાય.






સાડી - સાડીમાં ઘણા પ્રકાર આવે છે. સાડીને અલગ લૂક આપવા માટે તેની ડ્રેપિંગ સ્ટાઇલ બદલી શકાય અથવા તો તેમાં કોઈ એક્સેસરી એડ કરી શકાય.જેમકે રેગ્યુલર પેટીકોટ ન પહેરીયે અને તેની બદલે ગોલ્ડન ફ્લેર વાળો પેટીકોટ પેહરી તેની પર સાડી ડ્રેપ કરવી. જેમકે,હાલ્ફ સાડીની પ્લીટ્સ સ્પ્રેડ કરીને રાખવી અને પછી બેંગોલી સ્ટાઇલ કે પછી ગુજરાતી સ્ટાઈલમાં છેડો રાખવો.જેથી સાડીની સ્ટાઇલ પણ દેખાય અને ગોલ્ડન ઘાઘરો પણ દેખાય. વધારે ફિનિશ લૂક માટે ગોલ્ડન કે સિલ્વર બેલ્ટ પણ પેહરી શકાય. હાલ્ફ સાડી અને ઘાઘરા સાથે બ્લાઉઝ અલગ પેટર્નનું પહેરવું જેમકે, ફ્લેરી સ્લીવ્ઝ કે બલૂન સ્લીવ્ઝ. બ્લાઉઝની પેટર્નની પસંદગી તમે તમારા બોડી ટાઈપ અને હાઈટ પ્રમાણે કરી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો આ સાડીની સ્ટાઇલ ન પહેરવી. જેમનું શરીર ભરેલું હોય તેમણે રેડી ટુ વેર સાડી પહેરવી કે જે ફ્લોઈ ફેબ્રિકમાં હોય. જેમકે, નેટ, રેયોન કે પછી સ્ટ્રેચેબલ શિમર. આ ફેબ્રિકની સાડી પહેરવાથી થોડા પાતળા હોવાનો આભાસ થાય છે કારણકે ફ્લોઈ ફેબ્રિક શરીરથી અળગું નથી રહેતું અને શરીર પર બરાબર બેસે છે. રેડી ટુ વેર સાડીમાં ઘણા ફેન્સી બ્લાઉઝના ઓપશન અવેલેબલ હોય છે. તમારા બોડી ટાઈપ મુજબ તમે સાડી અને બ્લાઉઝની પસંદગી કરી શકો.



બોટમ - ટોપ સાથે તમે જે કોમ્બિનેશનમાં પહેરો તેને બોટમ વેર કહેવાય. જેમકે, પ્લાઝો, ધોતી, પટિયાલા વગેરે. ટોપની ડિઝાઇન મુજબ તમે પ્લાઝો અથવા પેન્ટનું સિલેકશન કરી શકો. તમે એન્કલ લેન્થ પેન્ટ સાથે લુઝ કુર્તી પેહરી અને પગમાં હાઈ હિલ્સ પેહરી એક સિમ્પલ અને એલિગન્ટ ફેસ્ટિવ લુક આપી શકો. જો રેગ્યુલર પેન્ટ કે પ્લાઝો ન પહેરવું હોય તો ધોતી પેહરી શકાય. ધોતી સાથે તમે અનઇવન હેમલાઇન વાળું ટોપ પેહરી શકો. અથવા ધોતી સાથે લોન્ગ ટોપ પેહરી શકાય કે જેમાં સાઈડ પર લોન્ગ સ્લીટ્સ હોય. કફતાન પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. કફતાન સાથે તમે સિગાર પેન્ટ અથવા પ્લાઝો પેહરી શકાય. તમારા બોડીને આધારે પ્લાઝો કે સિગાર પેન્ટની પસંદગી કરવી. કંઈક અલગ જ લૂક આપવા માટે તમે શરારા પણ પેહરી શકો. શરારા ડ્રેસમાં થાઈ સુધી ફિટિંગ હોય છે અને પછી ફ્લેર હોય છે. આ બોટમ સાથે ટોપ અલગ અલગ પેટર્નના હોય છે જેમકે, ફ્લેરવાળા ટોપ્સ કે, સ્ટ્રેટ કટ કે પછી એ લાઈન. શરારા પહેરવાથી ટ્રેડિશનલી ડિફરન્ટ લુક આવે છે. લાંબી પાતળી યુવતીઓ પર શરારા ખૂબ જ શોભે છે. પ્યોર બનારસી પેન્ટ સાથે પ્લેન શિફોનની કુર્તી એક અલગ જ લૂક આપશે. બોટમમાં બનારસી ફેબ્રિકમાંથી બનાવેલો પ્લાઝો અને તેની પર પ્લેન કુર્તી કે જેમાં માત્ર સ્લીવ પર થોડું કામ થયેલું હોય કે પછી નેકલાઈનમાં માત્ર એક બુટ્ટો હોય. આ લુકને મિનિમલ લૂક કહેવાય કે જેમાં હેવી વર્કવાળા કપડાં નથી હોય પરંતુ ફેબ્રિક જ એટલો ભારે લૂક આપે કે વધારે કઈ કરવાની જરૂર જ નથી પડતી. આ લૂક સાથે તમે એક સ્ટેટમેન્ટ નેકલેસ પેહરી શકો. અથવા તો જામેવાર કે બનારસી ફેબ્રિકનું જમ્પ સૂટ પેહરી શકો. અને તેની સાથે ટ્રાન્સપેરન્ટ શિફોનનું કેપ ટોપ. ટ્રેડિશનલ લૂક એડ કરવા માટે પર્લની ઈઅર રિંગ પેહરી શકો. હાથમાં ફેન્સી બેન્ગલ્સ પેહરી આ લુક કમ્પ્લીટ કરી શકાય. પટોળાની સાડીમાંથી સ્કર્ટ ટાઈપ પ્લાઝો બનાવી તેની પર શોર્ટ કે લોન્ગ ટોપ પેહરી શકાય. ટોપની બદલે શર્ટ પેહરી શકાય. નવું તો ઘણું નીકળે છે પરંતુ ફેશનનું આંધળું અનુકરણ કરવું નહિ. તમારા બોડી, હાઈટ અને સ્કિન ટોનને આધારે જ કપડાંની પસંદગી કરવી. ■

વિશેષ
નિધિ ભટ્ટ
feedback.ladki@bombaysamachar.com

# ટૅટુમાં પણ થઈ AIની એન્ટ્રી



ટૅટુની દુનિયામાં નિત-નવા ટ્રેન્ડ આવ્યા જ કરે છે. સમયની સાથે લોકો પણ એનો સ્વીકાર કરતા થયા છે. એવામાં ટૅટુ પણ લોકોમાં અલગ ક્રેઝ ધરાવે છે. છેલ્લાં પાંચ વર્ષમાં ટૅટુનો ટ્રેન્ડ વધી ગયો છે. આવું અગાઉ કદી પણ નહોતું જોવા મળ્યું. ભારતના લોકોમાં ટૅટુ પડાવવાની દીવાનગી વધી ગઈ છે. જોકે આ તો આદિવાસી સમાજની જૂની પરંપરા છે. હડપ્પા સભ્યતાથી જ ટૅટુ મુકાવવાની શરૂઆત થઈ છે. છત્તીસગઢમાં એવું માનવામાં આવે છે કે જો ટૅટુ ન મુકાવ્યું તો મોક્ષ નહીં મળે. તો બીજી તરફ ભીલ સમાજના લોકોનું માનવુ છે કે ટૅટુથી અનેક બીમારીઓમાંથી મુક્તિ મળે છે. આમ વિવિધ સમાજના લોકોની ટૅટુ વિશે અલગ આધ્યાત્મિક અને સામાજિક માન્યતાઓ છે.

આજે મહિલાઓ અને યુવતીઓની સાથે યુવાન છોકરાઓ પણ ફેશનેબલ ટૅટુ મુકાવતા થઈ ગયા છે.

**ટૅટુનો સુવર્ણકાળ**

ટૅટુ ઇન્ડસ્ટ્રીમાં વિવિધ પરિવર્તનો આવ્યાં છે. આજે એનો સુવર્ણકાળ આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે. યુરોપમાં ટૅટુ ઇન્ડસ્ટ્રી દસ વર્ષ પહેલાં જ પૂરી રીતે સ્થાપિત થઈ ચૂકી છે. અગાઉ ભારતમાં અમુક ઠેકાણે જ ટૅટુ આર્ટિસ્ટ્સ મળતાં હતાં. હવે તો આજે દેશભરમાં નાનાં-મોટાં શહેરોમાં ટૅટુ બનાવવા માટે સેંકડો સ્ટુડિયોઝ મળી રહે છે.

**લૉકડાઉન બાદ વધ્યો ટૅટુનો ક્રેઝ**

૨૦૨૦માં લાગેલા લૉકડાઉને આખી દુનિયા પર બ્રેક લગાવી દીધી હતી. એને કારણે અનેક પરિવર્તનો પણ જોવા મળ્યાં હતાં. લોકો તો ઘરમાં પુરાઈ ગયા હતા. એથી તેઓ વિચારતાં હતાં કે એવી તે કઈ કળા શીખવામાં આવે જેને કારણે પૈસા પણ રળી શકાય. કેટલાકે ટૅટુ બનાવવાની ટ્રેઇનિંગ લીધી. એમાં કેટલાક ફાઇન આર્ટસના સ્ટુન્ટ્સ પણ હતા. ટૅટુ આર્ટિસ્ટ્સની સંખ્યામાં વધારો થતાં હવે લોકોને ઘણાં ઑપ્શન્સ મળી ગયાં છે. યુવાઓ માટે હવે મનપસંદ ટૅટુ બનાવવું સરળ બની ગયું છે.

**કૉસ્મેટિક ટૅટુનું વધતું ચલણ**

ટૅટુની અંદર હવે કૉસ્મેટિક ટૅટુનો ટ્રેન્ડ સામેલ થયો છે. ટૅટુ એક્સ્પર્ટ કહે છે કે જે લોકોના વાળ ખરી ગયા છે એવા લોકો કૉસ્મેટિક ટૅટુ દ્વારા આર્ટિફિશિયલ વાળ બનાવે છે. કેટલીક મહિલાઓ આ ટેક્નિક મારફત નકલી આઇ-બ્રો બનાવે છે. તો કેટલાક એવા લોકો પણ છે જેઓ આંખની અંદર અલગ-અલગ રંગોની ઇન્ક નાખીને આંખોનો કલર જે-તે ઇન્ક જેવો કરે છે. તો કેટલાક એવા લોકો પણ છે જે ટૅટુ તો બનાવવા માગે છે, પરંતુ કોઈને દેખાડવા નથી માગતા.

**લાગણી દેખાડવાનું માધ્યમ છે ટૅટુ**

ટૅટુ દ્વારા દિલમાં રહેલી લાગણીને વ્યક્ત કરી શકાય છે. કેટલાક લોકો પોતાના પ્રિયજનોના નામનું ટૅટુ બનાવીને તેમના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરે છે. કેટલાક લોકો પોતાના માતા-પિતા, પતિ કે પત્નીનું પોટ્રે બનાવે છે. તો કેટલાક પોતાના બાળકોનું પોટ્રે બનાવે છે.

**ટૅટુની ઇન્ડસ્ટ્રીમાં આર્ટિફિશિયલ ઇન્ટિલિજન્સની એન્ટ્રી**

ટૅટુ બનાવતી વખતે આર્ટિસ્ટ્સને વ્યક્તિની પર્સનાલિટી, પ્રોફેશન, વિચારો અને ભાવનાઓને સમજવું ખૂબ જરૂરી બની જાય છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને આર્ટિસ્ટ્સ એક એવી ડિઝાઇન તૈયાર કરે છે જે લોકોને પસંદ પણ આવે. જોકે આર્ટિફિશિયલ ઇન્ટિલિજન્સની એન્ટ્રીથી આ ઇન્ડસ્ટ્રીમાં પણ બદલાવ આવ્યો છે. એનાથી અનેક ડિઝાઈન બનાવી શકાય છે. જેથી નાના કલાકારોનું કામ સરળ બની ગયું છે.

**રિલ્સ બનાવવા માટે મૂકાય છે ટૅટુ**

આજે સોશિયલ મીડિયાના વધતા ચલણને કારણે યુવાઓમાં રિલ્સ બનાવવાનો પણ ક્રેઝ છે. એના માટે પણ યુવાનો ટૅટુ બનાવે છે. યુવાનોની ડિમાન્ડ હોય છે કે જ્યારે તેઓ ટૅટુ મુકાવતા હોય ત્યારે એ આખી પ્રક્રિયાનો વીડિયો રૅકોર્ડ કરવામાં આવે.

**ટૅટુ આવારાપણાની નિશાની નથી**

અગાઉ ટૅટુ મુકાવવાને આવારાપણાની નિશાની ગણવામાં આવતી હતી. તેમના પ્રત્યેનો દ્રષ્ટિકોણ સન્માનનીય નહોતો. જોકે હવે એવી માન્યતા નથી રહી. હવે ટૅટુ બનાવવાનો ક્રેઝ લોકોમાં વધી ગયો છે. ટૅટુ મુકાવેલી વ્યક્તિ અલગ તરી આવે છે.

**ટૅટુ બનાવતી વખતે રાખવું ખાસ ધ્યાન**

ટૅટુ મુકાવતી વખતે અમુક બાબતોનું ચોક્કસ ધ્યાન રાખવાનું હોય છે. શોખમાં ટૅટુ મુકાવવું ક્યારેક ઘાતક બની શકે છે. અનુભવી ટૅટુ આર્ટિસ્ટ્સની પસંદ કરવી ખૂબ જરૂરી છે. ટૅટુની ઇન્કને સોયના માધ્યમથી સ્કીનના ઉપરના લૅયરમાં નાખવામાં આવે છે. જો આર્ટિસ્ટ્સ અનુભવી નહીં હોય તો એ સોયને સ્કીનની એકદમ અંદર ઉતારી શકે છે, જે બાદમાં જોખમી બની શકે છે. સાથે જ સાફ-સફાઈનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ. સોય નવી હોવી જોઈએ અને મશીન સ્ટરલાઇઝ હોવું જોઈએ.

**ટૅટુ બનાવવા કરતાં કાઢવાનો ખર્ચ વધી જાય છે**


લોકો ટૅટુ બનાવવામાં એટલા તો ઘેલા બની જાય છે કે બાદમાં પસ્તાવાનો વારો આવે છે. એને કારણે ટૅટુ સ્ટુડિયોઝની બહાર ટૅટુ મુકાવવા કરતા હટાવવાની લાંબી લાઇનો લાગે છે. જેનો ખર્ચ પણ વધુ હોય છે. લેઝર ટેક્નિકથી ટૅટુ કાઢવામાં આઠથી ચૌદ સીટીંગ્સની જરૂર પડે છે. બીજી રીત એ છે કે ટૅટુને કવર-અપ કરવામાં આવે. જેમાં ઓછો ખર્ચ આવે છે, કેમ કે એમાં જૂના ટૅટુ ઉપર જ નવું ટૅટુ બનાવવામાં આવે છે.

**સમજી વિચારીને બનાવવું ટૅટુ**

લોકોએ કોઈપણ પ્રકારનું ટૅટુ મુકાવતા પહેલા વિચાર કરવો જોઈએ. આ એક એવી વસ્તુ છે જે મૃત્યુ બાદ પણ સાથે રહે છે. આ કપડાં કે શૂઝ જેવું નથી કે એક વખત પહેર્યા અને બાદમાં પસંદ ન આવ્યા તો બદલી દીધા. કેટલીક સરકારી નોકરીમાં ટૅટુ અડચણ પેદા કરે છે. આ જ કારણ છે કે ટૅટુની પસંદગી સમજી-વિચારીને કરવી જોઈએ. ■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback.ladki@bombaysamachar.com

# મહારાષ્ટ્રની મોતી ને ગુજરાતની ગૌરીનો સંવાદ!



‘ભોંઓઓં ભૌંઓઓં’ ગુજરાતની ગૌરી ભાંભરી.

ભોઓઓ ભૌંઓઓં.’ મરાઠી મોતીએ સામું ભાંભરીને પ્રતિસાદ દીધો.

‘અભિનંદન, ગૌમાતા.. સોરી રાજયમાતા.’

ગુજરાતના રાજ્યની સરહદના છેલ્લા શૂલસંમ્બા ગામની ગાય ગૌરીએ મહારાષ્ટ્ર રાજ્યની સરહદના પ્રથમ સાંમ્ભા (પાલઘર જિલ્લો) ગામની ગાયને અભિનંદન આપ્યા.

‘અલી, તારા શબ્દોમાં ઉમળકો ઓછો જણાય છે. તારા શબ્દો ઇર્ષાના નમકમાં ઝબકોળેલા જણાય છે.કયાંકથી બળવાની બદબૂ આવે છે.’ મરાઠી મોતીએ નાક શિકોડી કશુંક સૂંઘતા સૂંઘતા ટકોર કરી.

‘ના..ના..એવું નથી, રાજયમાતા મોતીધેનુજી.’ ફિક્કું હસીને ગૌરીએ સ્પષ્ટતા કરી.

‘ગૌરી, રહેવા દે... જો તને હરખ થયો હોત તો હરખના કપાસિયા-ગોળ કે મકાઇના રાડા લાવી ન હોત.’ મોતીએ મોં પર ચોપડાવ્યું.

‘મોતીધેનુજી, હું અલ્પાહાર લાવવાની હતી. પણ આખર તારીખ છે એટલે પગ ભીંસમાં છે. ઘરમાં બે દિવસ ચાલે એટલું જ ઘાસ છે. એ પણ સૂકું ઘાસ છે. જેમ તેમ પહેલી તારીખ આવશે એટલે ડાયરેકટ બેનિફિટથી સરકારની સબસીડી બેંક ખાતામાં જમા થશે. નહીંતર પ્લાસ્ટિક ખાવાના દિવસો આવશે.’ ગૌરીએ બળાપો કાઢ્યો.

‘અચ્છા, તમારે ત્યાં ગૌમાતાને આવી તકલીફ છે?’ મોતીએ શીંગડા અને કાન આમતેમ હલાવી પૂછયું. જીવાત ગૌપીઠ પર બેસી ચટકતી હોવાથી પૂંછડું પછાડી જીવાત ભગાવવાનું કામ ચાલુ જ રાખ્યું.

‘હેં બુન, તમે રાજયમાતા જાહેર થયા એટલે તમારે તો ચાંદી હી ચાંદી થઇ ગઇને?’ ગૌરીએ બે કાન ઊંચા કરી પૂછયું.

‘બોન, આ તો રાજનો મામલો છે. કોથળામાંથી કબૂતર કાઢે. ઘોડાને ચંદી ખાવા મળે છે તેમ ચંદી ખાવા મળે તો પણ ગનીમત છે.પેલું કહે છે ને કે ઘોડા ઘાસ થાય છે અને ગધેડા ચ્યવનપ્રાશનું પ્રાશન કરે છે. હું તો હવાડાનું ગંદું પાણી પીને કંટાળી છું. ચોખ્ખું મિનરલ પાણી પીવા મળે તો હાઉં.’ મોતીએ દિલી ખ્વાહિશ દર્શાવી.

‘હવે તો તમે વિધાનસભામાં બિરાજમાન થશો કે સચિવાલયમાં ? તમને એસી ચેમ્બર અને કાર મળશે કે નહીં? તમે કાગળિયામાં કયા પગનો અંગૂઠો પાડશો? ડાબા કે જમણા કે પછી આગલા કે પાછલા પગનો અંગૂઠો લગાવશો ?’ ગૌરીનું કુતૂહલ શમતું ન હતું. પરંતુ, વધતું જતું હતું.

‘ગૌરીબુન, કચેરી મળે કે ન મળે રોડ પર અડીંગો જમાવતા કયો કોઇ માઇનો લાલ રોકી શકવાનો છે? એકાદી એસી ગમાણ મળે તો સારું . હવે ગરમી સહન થતી નથી.’ મોતીએ મહેચ્છા જણાવી.

‘મોતીબેન, તમે રાજયમાતા થયા. હવે તો બે શીંગડા વચ્ચે રાણી એલિઝાબેથની જેમ સોનાહીરા જડિત મુકુટ ધારણ કરશો ને? ગાઉનના છેડા કોણ ઝાલશે? તમે રાજયમાતા થયા. અમારા જીજાજી રાજયપિતા ગણાશે કે નહીં? વાછરડા રાજકુમાર અને વાછરડી રાજકુમારી બનશે કે નહીં? હવે વાછરડા કે વાછરડીને ધૂડી નિશાળમાં ભણાવતા નહીં. એમનું એડમિશન રાજકુમાર કોલેજમાં જ લેજો.’ ગૌરીએ હોદા મુજબ જીવન ગોઠવવા સલાહ આપી.સાથે પૂછી પણ લીધું :

‘હે મોતીબોન, તમને તમારી સરકારે રાજયમાતા બનાવ્યા તો તમને શું ફાયદો થશે?’ ગૌરીએ ગુણિયલ સવાલ પૂછયો.

‘બોન, હજી સરકારનો હુકમ ચાવવા માટે મળેલ નથી એટલે ફાયદા-ગેરફાયદાની ક્યાંથી ખબર પડે?’ મોતીએ માથું ઉછાળી કહ્યું.

‘હઅમ’ કહી ગૌરીએ માથું હલાવ્યું .

‘ગૌરી, એક વાત પૂછું?’ મોતીએ અચકાતા અવાજે પૂછયું.

‘એમાં શું પૂછવાનું હોય? પૂછો . તમારે જે પૂછવું હોય તે પૂછો. તમે કયાં પત્રકાર છો કે મારું જીવતર ખોદી નાખશો!’ ગૌરીએ પ્રશ્ન પૂછવા પરમિશન આપી.

‘ખોટું ન લગાડશો. તમારા ગુજરાતમાં તો આપણું રક્ષણ કરવાનો કાયદો છે. લોકો આપણી પૂજા કરે છે. તો તમારી સરકારને અમારી સરકાર જેવું ઐતિહાસિક પગલું લઇ તમનેય રાજયમાતા જાહેર કેમ ન કર્યા?’ મોતીએ જનોઇવઢ પ્રહાર જેવો પ્રશ્ન પૂછયો.

‘બુન, બળ્યું અમારું નસીબ . અમે તમારા રાજ્યમાં જન્મ્યા હોત તો અમે પણ રાજયમાતા ગૌરીકુમારીબા કહેવાતા હોત.’ ગોરીએ મકાઇ ડોડા જેવડા આંસુ સારતા અફસોસ વ્યક્ત કર્યો.

‘બેન, આમ મનમાં ઓછું ન લાવશો. સુખદુ:ખ મનમાં ન આણીએ એમ સંતો કહી ગયા છે.’ મોતીએ કાનથી ગૌરીને પસવારતા આશ્વાસન આપ્યું .

આપણી બુદ્ધિ તો પગની ખરીએ કહેવાય, પણ તમારા ભાઇ એના ભાઇબંધને કહેતા હતા કે ગુજરાતની ગાયને રાજયમાતા જાહેર કરવાથી સરકારને શું ફાયદો થાય? કંકોડા ફાયદો થાય? ગોવંશ ચૂંટણીમાં કયા શાસકપક્ષને મત આપવાનો છે? પાછી અમારે ત્યાં હમણા વિધાનસભાની ચૂંટણી પણ થવાની નથી.’ ગૌરીએ કારણ જણાવ્યું.

‘હેએએ સત્યવચન ...સત્યવચન ભોંઓઓ ભોંઓઓ’ કરતી મોતી મુંબઇ તરફ વળી.

‘ભૌંઔઓ ભોંઓઓ ..’ કરતી ગૌરી ગાંધીનગર તરફ વળી. ■

# પુરુષ



# બિઝી રહેવું ને સ્ટ્રેસ્ડ રહેવું એ બંનેમાં ફરક છે..

## જરા સમજોને, યાર

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

પુરુષોમાં હૃદયની બીમારી અને હવે તો માનસિક બીમારોનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. એનું એક સામાન્ય કારણ સ્ટ્રેસને માનવામાં આવી રહ્યું છે અને આ સ્ટ્રેસ વિશે મોટાભાગના પુરુષો કહેવું છે કે એ બહુ બિઝી બિઝી રહે છે.... પણ ભાઈ, વ્યસ્ત રહેવું અને તાણમાં રહેવું એ બંને જુદીજુદી બાબત છે. બિઝી તો સ્વ. રતન તાતા પણ રહેતા અને હાલમાં નરેન્દ્ર મોદી પણ રહે જ છે, પરંતુ એ સ્ટ્રેસ્ડ હતા કે છે એવું ક્યારેય જોવા- સાંભળવા મળ્યું છે ખરું?

આટઆટલા પ્રવાસ, આટઆટલી મિટિંગ્સ અને આટઆટલા સમારંભો હોવા છતાં એમની સેન્સ ઑફ હ્યુમર હંમેશાં ધારદાર હોય છે, એ હંમેશાં મલકતા- હસતા-હસાવતા હોય છે અને સાવ નાની નાની વાતથી પ્રભાવિત થઈ એનાથી ખુશ થઈ જતાં પણ હોય છે.

આ તો માત્ર ઉદાહરણ આપ્યા, જે સમાચારોમાં હતા એટલે મારું ધ્યાન ગયું, પરંતુ આવા અનેક લોકો હોવાના જે વાસ્તવમાં અત્યંત મોટા રિસ્કના, અત્યંત મોટી જવાબદારી ધરાવતા કે પછી અત્યંત વ્યસ્ત રહેવું પડે એવા ક્ષેત્રમાં કામ કરતા હશે, પરંતુ એ હંમેશાં તાજગીસભર લાગશે, હંમેશાં હસતા દેખાશે અથવા તો હંમેશાં હળવા દેખાશે.

બીજી તરફ એક મોટો વર્ગ એવો છે, જે આમ દિવસનો અડધો ભાગ સોશિયલ મીડિયા પર બગાડી દેતો હશે અને બાકીના સમયમાં પણ પોતાનું જે કામ છે એ દિલથી, પૂરી એકાગ્રતાથી નહીં કરતા હોય, પરંતુ જે મળે એને એમ જરૂર કહેતા હોય કે એ બહુ બિઝી છે અને કામનું એમના પર બહુ દબાણ છે.

જો ખરું જોવા જઈએ તો કામનો સ્ટ્રેસ કંઈ દરેક કિસ્સામાં હોતો નથી. મોટાભાગના કિસ્સામાં બાકી રહી ગયેલા કે ઢકેલ પંચા દોઢસોની નીતિએ કરેલાં કામોનો મન પર સ્ટ્રેસ આવતો હોય છે, કારણ કે કામને લઈને મૂળે દાનતનો જ અભાવ હોય ત્યાં વળી કામને પ્રેમ કોણ કરે? અને કામને પ્રેમ ન થાય એટલે સ્વાભાવિક જ સ્ટ્રેસ ઊભો થાય, કારણ કે કામને વળતર સાથે પણ નિસ્બત છે અને કામના જ ઠેકાણા ન હોય તો વળતરના થોડા હોય ? એટલે સ્ટ્રેસનાં કારણ મોટાભાગે દાનતનો અભાવ અને ઢસરડાના ભાગરૂપે થયેલું કામ છે માટે વ્યસ્ત રહેવાનું ખોટું બહાનું ન કાઢી શકાય. એ સમયની બરબાદી અથવા સમયના યોગ્ય અયોજનના અભાવને કારણે ઊભી થઈ છે. અને ભાઈ, માન્યું કે માણસ વ્યસ્ત પણ હોય. બીજા ઘણા લોકો પણ ખરેખર અત્યંત વ્યસ્ત રહેતા હોય છે, પરંતુ એ બધા કંઈ સ્ટ્રેસ્ડ નથી હોતા. કારણ એ જ કે એ ક્રમાનુસાર દિવસના કે મહિનાઓના કરવાજોગા કામ- કે મિટિંગ્સ કરતા રહે છે. એમનાં કામની જવાબદારી કે સંખ્યા બીજા કરતાં વધુ હોય એની ના નહીં ...એટલે એમણે પોતાનાં કામને સમય વધુ આપવો પડતો હશે. બાકી કામ એવા લોકોના માટે બોજ નહીં, બલ્કે પોતાનાં કામથી જ એમને આરામ પણ મળતો હોય છે, કારણ કે કામની વ્યસ્તતા એમને ફાલતુ વાત- ફાલતુ ધંધા- ફાલતુ લોકો કે ફાલતુ વિચારોથી દૂર રાખે છે.

ઈનશોર્ટ, પુરુષે આ વિશે ચિંતન કરવાનું થાય ત્યારે એણે તાગ મેળવી લેવાનો છે કે એને સ્ટ્રેસ કેમ છે? કામને કારણે? કે બાકી રહેલાં કામને કારણે ? જો એને બાકી રહેલા કામને કારણે સ્ટ્રેસ થાય છે તો એણે પોતાની વર્કિંગ સ્ટાઈલમાં આમૂલ પરિવર્તન આણવું પડશે અને કામને લઈને અત્યંત ટકોરાબંધ રહેવું પડશે, નહીંતર નુકસાન એનું જ છે. કામ તો એણે આમેય કરવાનું જ છે, પરંતુ કામની જગ્યાએ જો એ ઢસરડા કરતો રહેશે તો સ્ટ્રેસ થવાનો જ અને જો સ્ટ્રેસ થશે તો હૃદયરોગ શું કે સ્ટ્રોક શું કે ડાયાબિટીસ શું કે પ્રેશર , ઈત્યાદિ બધી જ બીમારી એના દ્વારે ટકોરા મારી શકે છે.



# ડિયર હની... તારો બન્ની

## પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## તું મઈકે મત જઈયો....

ડિયર હની,

પરણીને યુવતી માવતરથી સાસરે આવે પછી પાછા પગ કરવાની વિધિ હોય છે. એ બે ત્રણ
દિવસનો જ મામલો હોય છે. સાસરિયાઓ વહુને તેડી આવે છે અને પતિ-પત્નીનું સહજીવન ફરી શરૂ
થઇ જાય છે, પણ તું તો માવતર ગઈ છો - એક બે દિવસ માટે નહિ , પણ આખો મહિનો રોકાવાની
છો. શાળા- કોલેજમાં વેકશન પડે છે એમ જ આપણા સહજીવનનું આ વેકેશન પડ્યું છે. સામાન્ય
રીતે વેકેશન પડે તો છોકરા- છોકરીઓ રાજી થતાં હોય છે , પણ હું આ 'વેકેશન'થી જરા ય રાજી
નથી.

હા, તને માવતર જવાનું મળ્યું એટલે તું રાજી હોય એ સ્વાભાવિક છે. પણ મારું શું? હવે તારી
આદત પડી ગઈ છે. સવારે ઊઠું ત્યારથી દરેક વાતમાં તું આવી જાય છે... તે રાત્રે સૂવું ત્યાં સુધી.
એક સમય હતો હું એકલો હતો. બેચલર હતો. ત્યારે એકલા જીવવાની આદત હતી. હવે તારી સાથે
જીવવાની આદત પડી છે. તને મારી યાદ નથી આવતી? હું તો પળપળ તને યાદ કરું છું. તારા
વિનાના આ સમયમાં કબાટમાં પડેલા પેલા પત્રો હાથ આવી ગયા. જે મેં લગ્ન પહેલાં તને લખ્યા હતા
અને તેં કેટલાકના જવાબ પણ લખ્યા હતા. કેટલીક વાર ફોન પર વાત થઇ જતી હતી અને એ કારણે
તું કેટલાક પત્રના જવાબ આપવાનું બાકી રાખી દેતી હતી. તું આગ્રહ રાખતી કે, બપોરના સમયે ફોન
કરવો જેથી પુરુષો નોકરીએ ગયા હોય અને બાકીના સભ્યો આરામમાં હોય. કેટકેટલી વાતો થતી
હતી, પણ પત્ર લખવાની મજા કૈક ઓર હોય છે. કેટલા પત્રો લખેલા મેં તને અને તેં મને. એ આપણા
સંબંધનો એક પ્રકારે દસ્તાવેજ પણ છે. મેં તને રસાળ પત્રો લખવા કેટલાય શાયરોને વાંચી લીધા
હતા. હાલ તું નથી તો આ પત્રોમાંથી એક એક પત્ર રોજ વાંચું છું. તારા જવાબ પણ...છતાં મન
ધરાતું નથી...યે દિલ હૈ કિ માનતા નહીં... તું નથી ને તને લખાયેલા અને તારા લખાયેલા પત્રો
ઓછા પડે છે. કયારેક મનમાં સવાલ થાય છે કે, પત્નીને પિયર મોકલવાની પ્રથા પાડી કોણે? પત્ની
પિયર જાય એટલે પતિઓને ટેસડા એવી જોક છે. પત્ની ટ્રેનમાં પિયર જતી હોય , પતિ મૂકવા
આવ્યો હોય ત્યારે પત્ર લખવા માટે આગ્રહ થતો હોય ત્યારે બાજુવાળો કહે કે, એ નહિ લખે તો હું
લખીશ.... ! આ જોક હસાવી જાય છે, પણ વાસ્તવિકતા એ છે કે, બે- ચાર દિવસ સારું લાગે છે
પણ પછી દરેક પતિને પત્ની યાદ આવવા લાગે છે.

રાતે સૂતા હોઈએ અને હાથ બાજુની જગ્યામાં ફેલાય ત્યારે ખાલીપાનો અહેસાસ થાય છે. ઊંઘ
ઊડી જાય છે. અને સવારે ઊઠીએ ત્યારે સુસ્તી રહે છે. તૈયાર થઇ જાઉં પછી ઓફિસે પહોંચું ત્યારે
યાદ આવે છે કે, પેલી ચીજ તો રહી ગઈ....તું હોય છે ત્યારે કોઈ ચીજ ભુલાતી નથી. કારણ કે હું
ભૂલું તો તું યાદ કરાવી દે છે. ઘણીવાર તો હું જાણીજોઇને ભૂલી જતો, તું યાદ કરાવ ને એટલે! પછી
'આટલું ય યાદ તો રહેતું નથી' એવો તારો એ મીઠો ઠપકો સાંભળવો બહુ ગમે.

તું તારા માવતરમાં માં -બાપ સાથે કે ભાઈ -ભાંડું સાથે મજા કરતી હશે કે પછી જૂની સહેલીઓ
સાથે બેસતી હશે, પણ અહીં મને સોરવતું નથી. અને ઘરના સભ્યો ખાસ કરીને તારી નણંદ એટલે
કે મારી બહેન મારી બહુ મજાક ઉડાવે છે. મને લાગે છે કે, આપણે ફરી પત્રો લખવાનું શરૂ કરવું
જોઈએ. મોબાઈલ ફોનથી વાત તો થાય જ છે. વીડિયો કોલમાં તારી રૂબરૂ પણ થવાય છે, પણ પત્રો
લખવાની એક મજા અનેરી છે. આ પત્ર તને મળે પછી એનો જવાબ જરૂર લખજે. આવ, આપણી
પાસે લગ્ન પહેલાના પત્રોનો અસબાબ છે એને વધુ સમૃદ્ધ બનાવીએ.

મને તો અમિતાભ બચ્ચને 'પુકાર' ફિલ્મમાં ગાયેલું પેલું ગીત યાદ આવી જાય છે. જેમાં આખા
વર્ષની વાત છે. અને છેલ્લે કહે છે ...

हाय नवम्बर और दिसम्बर
का तू पूछ न हाल
सच तो ये है अरे पगली सच तो ये है
सच तो ये है पगली हम ना बिछडें पूरा साल

मइके मत जइयो
मत जइयो मेरी जान
मइके मत जइयो...

હું કાંઈ અમિતાભ નથી. એના જેવો અવાજ નથી એટલે
આ ગીત ગાઈ શકતો નથી, પણ આ તારું વેકેશન આટલું
લાંબું તો ના જ હોવું જોઈએ. એકાદ અઠવાડિયું ઓકે છે, પણ
મહિનો. ના બાબા ના....! આ પત્ર મળે ત્યારે તને ગયાને
અઠવાડિયું તો થઇ જ ગયું હશે તો આ પત્ર મળ્યે પાછા
આવવાની તૈયારી શરૂ કરી દેજે. મારે પત્રનો જવાબ નથી
જોઈતો. પત્રના જવાબ રૂપે તું અહીં થઈ જા !

તારી રાહમાં ...

**તારો બન્ની.**

# સંધ્યા છાયા

# મા-દીકરી પામી સાચી સદગતિ

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

શાંતામાની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે, પણ જીવ જતો નથી. ડૉકટર કહે છે, 'માડીનો જીવ ક્યાંક કોઈ ચીજમાં કે કોઈક વ્યક્તિમાં અટકેલો છે.' ડોક્ટરની વાત સાંભળીને હંસા સમજી ગઈ :

'માને મારી ચિંતા છે. માનો જીવ મારામાં છે. મા હતી તો હું થોડી સચવાઈ રહેતી હતી. જોકે હું સચવાઉં એના કરતાં મા જ સચવાતી હતી, પણ એ બે આંખની શરમથી માની સામે ભાઈ-ભાભી થોડા તો થોડા પણ નરમ રહેતા. મા તો વર્ષોથી અપંગ થઈ ગઈ હતી. માને ઘૂંટણની તકલીફ હતી. લાઈટ અપાવી પણ કાંઈ ફેર ન પડ્યો. માના પગ કામ કરતા બંધ થઈ ગયા એટલે માની સારસંભાળ લેવાની જવાબદારી મારા પર આવી પડી. મોટી બહેનના લગ્ન થઈ ગયા હતા. નાનો ભાઈ હજુ ભણતો હતો. મા તો ઊભી જ થઈ શકતી ન હતી. ઘરમાં ઘસડાઈ ઘસડાઈને ચાલતી હતી. એટલે બધું જ મારે કરવું પડતું હતું - ઘરનું કામ, લાવવું મૂકવું....પણ માને મારી ચિંતા શા માટે હતી તે હજુ મેં તમને જણાવ્યું જ નથી ખરું ને?

'હું એક વર્ષની હતી ત્યારે બહુ જ તાવ આવ્યો અને તેમાંથી પોલિયો થઈ ગયો. હું બેસી પણ શકતી ન હતી. મને બેસાડવાની કોશિશ કરી ત્યારે બધાંને ખબર પડી. તે વખતે સંયુક્ત પરિવાર હતો. કાકા-કાકી વગેરે બધાંને સમજાઈ ગયું કે કાંઈક તકલીફ છે. ડૉકટરે કહ્યું પોલિયો થઈ ગયો છે. મારી મા બિચારી મને તેડી તેડીને છેક હાજીઅલી લઈ જતી. ખિસ્સામાં પૈસા હોય નહીં તેથી ધોમધખતા તાપમાં મને તેડીને બિચારીએ ચાલીને જ જવું પડે. માએ ખૂબ કષ્ટ સહન કર્યા મારી માટે. તેથી અત્યારે જ્યારે તે છેલ્લા શ્વાસ ગણી રહી છે ત્યારે તેને સ્વાભાવિક રીતે જ મારી ચિંતા હોય. માની બે વર્ષની તપસ્યા પછી હું ચાલતી થઈ ગઈ. મને પોલિયો છે તેવું નિદાન થયેલું, પણ હકીકતમાં એ પોલિયો નહીં, નાનપણમાં થયેલો પેરાલિસિસ હતો. હાલતી ચાલતી થઈ ગયેલી, પણ માની બીમારીને કારણે મારા માથે બહુ બધું કામ કરવાનું આવ્યું , જેના કારણે મારી તબિયત બગડી. રોગ વકરતો ચાલ્યો. તેવામાં ભાઈના લગ્ન થયા. ભાભીને હું ને મારી મા કણાંની જેમ ખૂંચતા હતા, પણ માને કારણે એ કાંઈ બોલી શકતા ન હતા તે મા જાણતી હતી. તેથી જ માને મારી બહુ જ ચિંતા હતી. માનો જીવ મારામાં અટકેલો હતો. મેં ડૉકટરને કહ્યું, 'સાહેબ, કદાચ માને મારી ચિંતા છે.' ડૉકટરે ભાઈની સામે જોયું. મારા ભાઈએ માથું હલાવ્યું અને મા પાસે જઈને બેઠો પછી માના કાન પાસે મોઢું લઈ જઈને બોલ્યો, 'મા, હંસાની ચિંતા કરીશ નહીં. હું છું ને એનો ભાઈ.... મારી બહેનને જીવનભર સાચવી લઈશ. મા, તું શાંતિથી જા. તારી સદગતિ કર મા.'

ભાઈના આવા શબ્દો સાંભળીને માએ આંખ મીંચી દીધી. મને બરાબર યાદ છે. માના ચહેરા પર સંતોષના ભાવ હતા. મા તો ગઈ અને શરૂ થઈ મારી કરુણ કહાણી.' આંખમાં આંસુ સાથે હંસા કહે છે.

પહેલાં પણ ઘરમાં હું બધું કામ કરતી હતી, પરંતુ હું પરિવારની વ્યક્તિ હતી. હું એક દીકરી હતી, એક બહેન હતી. માના સ્વર્ગસ્થ થયા બાદ પહેલાં કરતા પણ વધારે કામ હું કરતી હતી. ઘરનું બધું જ કામ - રસોઈ, ઝાડુપોતા, વાસણ, કપડાં બધું જ. બહારથી લાવવા મૂકવાનું કામ પણ હું જ કરતી હતી. ભાભીને તો મજા જ પડી ગઈ હતી. તે ફરતી રહેતી, કિટી પાર્ટીમાં જતી અને ઘરે હોય ત્યારે સૂઈ રહેતી. આટલું બધું કરવા છતાં આભારનો એક શબ્દ નહીં અને મારી સાથે નોકરાણી જેવું વર્તન.. પણ હું શું કરું? મારી પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. આટલા ઢસરડા અને સ્ટ્રેસને કારણે જૂના રોગે ઊથલો માર્યો. મારી તબિયત લથડવા લાગી. હવે હું વધારે કામ કરી શકતી ન હતી. હું અશકત થતી ચાલી. ધીમે ધીમે એવી સ્થિતિ આવી કે હું ફક્ત રસોઈ કરી શકતી હતી તે પણ નીચે બેસીને. મારી ભાભી મને ગેસ નીચે મૂકી દેતી હતી અને હું બેઠાં બેઠાં રસોઈ કરી દેતી હતી. ધીરે ધીરે મારા હાથના આંગળા પણ વાંકા વળવા માંડ્યા. આંગળામાં ગ્રીપ ન રહેવાને કારણે એક વાર તપેલું હાથમાંથી પડી ગયું અને બધું શાક ઢોળાઈ ગયું અને મારી ભાભીએ જે બૂમાબૂમ કરી છે કે ન પૂછો વાત. રાતે ભાઈ ઘરે આવ્યો ત્યારે મારી ફરિયાદ કરી કે, 'તારી બેનને જરાય કામ કરવાનું ગમતું નથી. એને કામ કરવું નથી એટલે નાટક કરે છે. 'ભાઈ થાકયો પાકયો આવ્યો હતો. ગુસ્સામાં આવીને મને બે તમાચા ચોડી દીધાં. હું રડી પડી અને બોલી, 'ભાઈ તેં તો મને સાચવવાનું માને વચન આપ્યું હતું અને આજે તું મને મારે છે? મારી આવી સ્થિતિમાં મારી સારવાર કરવાનું તો દૂર રહ્યું ઉપરથી કામની અપેક્ષા રાખે છે.' ભાઈ કાંઈ ન બોલ્યો. ભાભીનો ત્રાસ વધતો ચાલ્યો. ....હું ડિપ્રેશનમાં આવી ગઈ. હવે મારે ચાલવા માટે વોકરની જરૂર પડતી હતી. હાથની ગ્રીપ પણ છૂટી ગઈ હતી. ખરાબ સ્થિતિ હતી. મારા બનેવી મને અહીં વૃદ્ધાશ્રમમાં લઈ આવ્યા, પણ હજું હું ૫૮ વર્ષની થઈ નહોતી. તેથી એ લોકોએ કહ્યું કે અમે રાખી ન શકીએ. મારા બનેવીએ બધી હકીકત રજૂ કરી. અહીંના ટ્રસ્ટીઓને પણ મારી દયા આવી અને સ્પેશ્યલ કેસ તરીકે મને અહીં રાખી લીધી. ત્રણ વર્ષથી હું અહીં રહું છું. ચા-નાસ્તો, બંને ટાઈમ સરસ - સાત્વિક ખોરાક, રાતના દૂધ - ફ્રૂટ અને ડૉકટરની સારવાર મળવાને કારણે મને હવે ઘણું સારું છે. મારી બધી સગવડ સચવાય છે. અહીં મંદિરમાં અમે સાંજે સત્સંગ કરીએ છે. મને વાંચવાનો શોખ છે. સારા પુસ્તકોનું વાંચન કરું છું, આરામ કરું છું, સમયસર દવા લઉં છું. મારે કાંઈ જોઈતું હોય તો અહીંથી જે કોઈ માર્કેટમાં જાય એ લાવી આપે છે. નાનપણથી નહાઈને તરત ભગવદ્ ગીતાનો ૧૨મો અને ૧૫મો અધ્યાય વાંચવાની આદત છે, જેના કારણે મારા જીવનમાં ઘણો ફરક પડ્યો છે. પહેલાં તો વજન પણ બહુ વધી ગયું હતું પણ હવે ૧૬ કલાક ફાસ્ટિંગ કરું છું તેના કારણે વજન ઘટાડી શકી છું....સાચું કહું : મારી માની સાથે હવે મારી પણ સાચી સદગતિ થઈ છે..!'

# યુવાન ક્રિકેટરને વિરાટની ખાસ ભેટ




બેન્ગલૂરુ: અહીં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની સિરીઝની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસની રમત વરસાદને કારણે ન રમાઈ એટલે બન્ને ટીમના ખેલાડીઓ તેમ જ પ્રેક્ષકો અને અગણિત ટીવી દર્શકો નિરાશ થયા હશે, પરંતુ એક યુવાન ક્રિકેટર માટે આ દિવસ જરૂર યાદગાર બની ગયો.

સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઇરલ થયો છે જેમાં વિરાટ યુવા ખેલાડીને ખાસ ગિફ્ટ આપી રહેલો જોવા મળે છે.

વાત એવી છે કે વિરાટે બેન્ગલૂરુમાં એક યુવા ખેલાડીને પોતાના ઑટોગ્રાફવાળું બૅટ ગિફ્ટ આપ્યું હતું.

વીડિયોમાં વિરાટ મેદાન પર એ ખેલાડી સાથે વાતચીત કરી રહેલો જોવા મળે છે. યુવા ખેલાડીઓને વિરાટના હસ્તે મળતી આવી ભેટ તેમનો ઉત્સાહ ઘણો વધારી દે છે. વિરાટે આ ગિફ્ટ આપીને અનેક ક્રિકેટપ્રેમીઓના દિલ પણ જીતી લીધા છે.

દરમ્યાન વરસાદને કારણે પ્રથમ દિવસની રમત નહોતી થઈ શકી. ગુરુવારના બીજા દિવસે પણ વરસાદ પડવાની સંભાવના છે. ■

# બેન્ગલૂરુ ટેસ્ટનો પહેલો દિવસ ધોવાયો: બીજા દિવસનું શેડ્યૂલ જાહેર, પણ વરસાદની ફરી સંભાવના

બેન્ગલૂરુ: અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની ગઈ કાલની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસની રમતમાં ધાર્યા મુજબ મેઘરાજા વિઘ્નકર્તા બન્યા હતા. ટૉસ પણ નહોતો થઈ શક્યો અને આખા દિવસની રમત ધોવાઈ ગઈ હતી. આજના બીજા દિવસની રમત માટે ફેરફારવાળું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે આજે પણ વરસાદ પડવાની સંભાવના છે.

મંગળવાર રાતથી જ એકધારો વરસાદ હોવાને કારણે બુધવારે ટૉસ પણ શક્ય નહોતો બન્યો અને ઘણી રાહ જોયા બાદ છેવટે બપોરે ૨.૩૪ વાગ્યે પ્રથમ દિવસની રમતને રદ જાહેર કરવામાં આવી હતી. હવે આજે રમત ૧૫ મિનિટ વહેલી શરૂ થશે. ટૉસ સવારે ૮.૪૫ વાગ્યે ઉછાળવામાં આવશે અને રમત ૯.૧૫ વાગ્યે શરૂ કરાશે.

મંગળવારે બન્ને દેશની ટીમ વરસાદને લીધે મેદાન પર પ્રૅક્ટિસ પણ નહોતી કરી શકી.



બેન્ગલૂરુમાં ગઈ કાલે વરસાદને લીધે પહેલા આખા દિવસની રમત ધોવાઈ ગઈ હતી. (પીટીઆઇ)

આજના બીજા દિવસના પહેલા બન્ને સત્રમાં ૧૫-૧૫ મિનિટનો વધારો કરાયો છે અને આખા દિવસમાં નિર્ધારિત ૯૦ને બદલે ૯૮ ઓવર બોલિંગ કરવામાં આવશે.

ગઈ કાલે બપોરે વરસાદ અટકી ગયો હતો અને ત્યાર બાદ મેદાન રમવાલાયક બનાવી શકાય એટલો પૂરતો સમય નહોતો. ખાસ કરીને પિચની બન્ને બાજુએ એક-એક મોટા ખાડામાં પાણી ભરાયેલું રહ્યું હતું. જોકે ગ્રાઉન્ડ્સમેને મેદાન પરનું કામ ચાલુ રાખ્યું હતું ત્યાં ફરી વરસાદ શરૂ થઈ જતાં છેવટે રમતને રદ કરવામાં આવી હતી. ખાસ કરીને વહેલી સવારે પડેલા મુશળધાર વરસાદને લીધે મેદાન વધુ ખરાબ થયું હતું.

વિરાટ કોહલી અને યશસ્વી જયસ્વાલે સહાયક કોચ અભિષેક નાયરની મદદથી ઇન્ડોર પ્રૅક્ટિસ કરી હતી. ■

# ભારતની વિશ્વવિક્રમી મહિલા સ્પિનર નીતુ ડેવિડ 'આઇસીસી હૉલ ઑફ ફેમ'માં સામેલ

## ૫૩ રનમાં આઠ વિકેટનો વિશ્વવિક્રમ હજી પણ આ ચીફ સિલેક્ટરના નામે છે

દુબઈ: અહીં હેડ ક્વૉર્ટર ધરાવતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ એક મહત્ત્વનો નિર્ણય લીધો છે જેમાં એણે ભારતની ભૂતપૂર્વ સ્પિનર નીતુ ડેવિડનો 'આઇસીસી હૉલ ઑફ ફેમ'માં સમાવેશ કર્યો છે. તે આ સન્માન મેળવનાર ભારતની બીજી જ ક્રિકેટર છે. ગયા વર્ષે આ પ્રતિષ્ઠિત યાદીમાં ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન ડાયના એદલજીને સામેલ કરવામાં આવ્યા હતા.



આઇસીસી હૉલ ઑફ ફેમમાં સાઉથ આફ્રિકાના મહાન ક્રિકેટર એબી ડિવિલિયર્સનો તેમ જ ઇંગ્લૅન્ડના મહાન બૅટર ઍલિસ્ટર કૂકનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

૪૭ વર્ષની લેફ્ટ-આર્મ સ્પિનર નીતુ ડેવિડ ૧૯૯૫થી ૨૦૦૮ દરમ્યાન ભારત વતી ૧૦ ટેસ્ટ અને ૯૭ વન-ડે રમી હતી. તેણે કુલ ૧૮૨ વિકેટ લીધી હતી.

૫૩ રનમાં આઠ વિકેટ નીતુ ડેવિડની એક દાવની બેસ્ટ બોલિંગ તરીકે રેકૉર્ડ-બુકમાં અંકિત છે. એ સિદ્ધિ તેણે ૧૯૯૫માં જમશેદપુરમાં ઇંગ્લૅન્ડ સામે મેળવી હતી. મહિલા ટેસ્ટના ઇતિહાસમાં વ્યક્તિગત ટેસ્ટ ઇનિંગ્સની બેસ્ટ બોલિંગની રેકૉર્ડ-બુકમાં નીતુ ડેવિડનો આ વર્લ્ડ રેકૉર્ડ ૨૯ વર્ષ પછી પણ હજી અતૂટ રહ્યો છે.

નીતુ ડેવિડની ૧૪૧ વિકેટ ભારતીય વન-ડે ક્રિકેટર્સમાં બીજા સ્થાને છે. ઝુલન ગોસ્વામીની ૨૫૫ વિકેટ સમગ્ર મહિલા વન-ડે ક્રિકેટમાં હાઈએસ્ટ છે.

નીતુ ડેવિડ ભારતીય મહિલા ક્રિકેટરો માટેની ચીફ સિલેક્ટર છે. ■

# બેન ડકેટની સદી, પણ સાજિદ ખાને બાજી પાકિસ્તાનની તરફેણમાં પલટાવી

મુલતાન: અહીં બીજી ટેસ્ટમાં પાકિસ્તાને પ્રથમ દાવમાં નવા ખેલાડી કામરાન ગુલામના ૧૧૮ રનની મદદથી ૩૬૬ રન બનાવ્યા ત્યાર બાદ ઇંગ્લૅન્ડે બીજા દિવસની રમતના અંત સુધીમાં છ વિકેટે ૨૩૯ રન બનાવ્યા હતા. બેન ડકેટે ચોથી ટેસ્ટ સદી (૧૧૪ રન, ૧૨૯ બૉલ, ૧૮૪ મિનિટ, ૧૬ ફોર) ફટકારી હતી.

જોકે ઑફ-સ્પિનર સાજિદ ખાને ૮૬ રનમાં ચાર વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો અને બાજી થોડી પાકિસ્તાનની તરફેણમાં લાવી દીધી હતી.

ત્રીજા સત્રમાં ચાર વિકેટ ગુમાવનાર ઇંગ્લૅન્ડની ટીમ બુધવારે પાકિસ્તાનથી હજી ૧૨૭ રન પાછળ હતું.

ઇંગ્લૅન્ડનો બીજો કોઈ બૅટર ૩૫ રન પણ નહોતો બનાવી શક્યો.

ઇંગ્લૅન્ડની બાકીની બે વિકેટ નોમાન અલીએ લીધી હતી.

પ્રથમ ટેસ્ટમાં ઇંગ્લૅન્ડે પાકિસ્તાનને અનેક વિક્રમો રચ્યા બાદ એક દાવ અને ૪૭ રનથી હરાવ્યું હતું. ઑલી પૉપની ટીમ સિરીઝમાં ૧-૦થી આગળ છે. ■

# પારસ મ્હામ્બ્રે મુંબઈ ઇન્ડિયન્સનો નવો બોલિંગ-કોચ



મુંબઈ: આઇપીએલની ૨૦૨૫ની સીઝન તો હજી ઘણી દૂર છે, પરંતુ મેગા ઑક્શન નજીક આવી રહ્યું છે અને એ પહેલાં જ મુંબઈ ઇન્ડિયન્સે મોટો નિર્ણય લીધો છે. આ ટીમના ફ્રૅન્ચાઇઝીએ નવા બોલિંગ-કોચ તરીકે પારસ મ્હામ્બ્રેને જવાબદારી સોંપી છે.

મ્હામ્બ્રે તાજેતરમાં જ ટીમ ઇન્ડિયાને કોચિંગ આપી ચૂક્યો છે. જૂનમાં ભારતની જે ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ જીતી એ ટીમનો બોલિંગ-કોચ મ્હામ્બ્રે હતો.

ઉલ્લેખનીય છે કે મ્હામ્બ્રેની નિયુક્તિ પહેલાં મુંબઈ ઇન્ડિયન્સે શ્રીલંકાના ભૂતપૂર્વ કૅપ્ટન માહેલા જયવર્દનેને હેડ-કોચ તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપી હતી. ■

# વિખ્યાત ફૂટબોલર ઍમ્બપ્પે સામે બળાત્કારનો આક્ષેપ

## સૉકરવિશ્વમાં સનસનાટી મચી ગઈ, ફ્રેન્ચ ફૂટબોલર ખોટા આરોપ બદલ કાનૂની પગલાં ભરશે

પૅરિસ: ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપની રનર-અપ ટીમ ફ્રાન્સના સુપરસ્ટાર ફૂટબોલર અને લિયોનેલ મેસી તથા ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પછીના ત્રીજા નંબરના વિખ્યાત ખેલાડી કીલિયાન ઍમ્બપ્પેનું નામ સ્વિડનમાં એક મહિલા પરના બળાત્કારને લગતી તપાસમાં લેવામાં આવતાં સૉકર જગતમાં સનસનાટી મચી ગઈ છે.

જોકે ઍમ્બપ્પેએ બળાત્કારના કિસ્સાની તપાસમાં પોતાનું નામ કેવી રીતે આવ્યું એ વિશે આશ્ચર્ય વ્યક્ત કરવાની સાથે પોતાને ખોટી રીતે બદનામ કરવામાં આવ્યો એ બદલ કસૂરવાર સામે કાનૂની અને બદનક્ષીના પગલાં ભરવાનું નક્કી કરી લીધું છે.

ફ્રાન્સનો કૅપ્ટન અને રિયલ મૅડ્રિડનો સ્ટાર ફૂટબોલર ઍમ્બપ્પે નિશ્ચિંત છે,



કારણકે તેણે કંઈ જ ખોટું નથી કર્યું. તેણે પોતાના વકીલ મારફત કહેવડાવ્યું છે કે ગયા અઠવાડિયે તે કેટલાક મિત્રો સાથે સ્ટૉકહૉમ ગયો હતો અને એ જ અરસામાં (૧૦મી ઑક્ટોબરે) સ્વિડનના સ્ટૉકહૉમની 'બૅન્ક હોટેલ'માં બળાત્કારનો બનાવ બન્યો એ બાબતને ધ્યાનમાં રાખીને તેને શકમંદ બનાવવામાં આવ્યો છે.

સ્વિડનના સરકારી વકીલે જણાવ્યું હતું આ બળાત્કારના કિસ્સા સંબંધમાં પોલીસને રિપોર્ટ આપી દેવામાં આવ્યો છે.

ઍમ્બપ્પેના પ્રતિનિધિઓએ પત્રકારોને જણાવ્યું હતું કે બળાત્કારના બનાવમાં ઍમ્બપ્પેને બલિનો બકરો બનાવવામાં આવ્યો છે.

ઍમ્બપ્પેની ટીમે ખોટી અફવા ફેલાવવાનો સ્વિડિશ અખબારો સામે આક્ષેપ કર્યો છે.

૨૦૧૮માં ફ્રાન્સ ફિફા વર્લ્ડ કપ જીત્યું ત્યારે ઍમ્બપ્પે ફ્રાન્સની ટીમમાં હતો. તે સાત વર્ષ સુધી પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી) સાથે રહ્યા બાદ તાજેતરમાં જ રિયલ મૅડ્રિડની ટીમમાં જોડાયો છે. ■

# ખો-ખોની રમતનો સૌપ્રથમ વર્લ્ડ કપ દિલ્હીમાં યોજાશે



ખો-ખોની રમત સામાન્ય રીતે સ્કૂલની પિકનિકમાં કે સોસાયટીઓના ખો-ખોની રમત સામાન્ય રીતે સ્કૂલની પિકનિકમાં કે સોસાયટીઓના મેદાનમાં રમાતી હોય છે, પરંતુ આગામી જાન્યુઆરીમાં પહેલી વાર આ રમતનો વર્લ્ડ કપ યોજાશે અને એનું આયોજન દિલ્હીમાં થશે. ગઈ કાલે આ વિશ્વ કપ માટેની ટ્રૉફી ભારતીય ખેલાડીઓના હસ્તે લૉન્ચ કરવામાં આવી હતી. (પીટીઆઇ)

# વડોદરાના ગાયકવાડ પરિવારમાં આઠ મહિનામાં ત્રીજું નિધન

## અંશુમાનના માતાનું ૯૧ વર્ષની વયે અવસાન

વડોદરા: ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અંશુમાન ગાયકવાડના માતા ઉષાદેવી ગાયકવાડનું નિધન થયું છે. તેઓ ૯૧ વર્ષના હતાં. છેલ્લા આઠ મહિનામાં ગાયકવાડ પરિવારના ત્રીજા સભ્યનું અવસાન થયું છે.

ઉષાદેવી ગાયકવાડ થોડા દિવસથી અસ્વસ્થ હતાં. તેમને વડોદરાની ભાઈલાલ અમીન જનરલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં જ્યાં તેમણે છેલ્લાં શ્વાસ લીધાં હતાં.

ફેબ્રુઆરીમાં અંશુમાનના પિતા દત્તાજીરાવ ક્રિષ્ણરાવ ગાયકવાડનું ૯૫ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ એક વર્ષથી બીમાર હતા. તેઓ ૧૯૫૦ના દાયકા દરમ્યાન ભારત વતી ૧૧ ટેસ્ટ રમ્યા હતા. તેઓ 'ડીકે'ના હુલામણા નામે ઓળખાતા હતા.



દત્તાજીરાવ ગાયકવાડ અને તેમના પત્ની ઉષાદેવીની પુત્ર સાથેની થોડા વર્ષો પહેલાંની તસવીર.

જુલાઈમાં અંશુમાન ગાયકવાડનું કૅન્સર સામેની લડત બાદ નિધન થયું હતું. તેઓ ૭૧ વર્ષના હતા.

અંશુમાને લંડનમાં કૅન્સરની સારવાર લીધી હતી. તેમને જીવનના છેલ્લા દિવસોમાં પૈસાની ખૂબ જરૂર હતી. બીસીસીઆઇએ તેમને એક કરોડ રૂપિયાની સહાય કરી હતી.

અંશુમાનનો ૪૧ વર્ષીય પુત્ર શત્રુંજય ગાયકવાડ બરોડાની ટીમ વતી રણજી ટ્રૉફીમાં રમી ચૂક્યો છે. ■

# હૈદરાબાદ કદાચ આ પાંચ ખેલાડીને રીટેન કરશે, ક્લાસેનને ૨૩ કરોડ અપાશે?

## જાણો, સનરાઇઝર્સ બીજા કોને કેટલા રૂપિયામાં જાળવી રાખશે

હૈદરાબાદ: આઇપીએલ-૨૦૨૫ પહેલાંના મેગા ઑક્શનનો દિવસ હવે બહુ દૂર નથી ત્યારે ૨૦૨૪ની સીઝનની સૌથી દમદાર અને સૌથી લોકપ્રિય ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદના કૅમ્પમાંથી સમાચાર મળ્યા છે કે આ ફ્રૅન્ચાઇઝી હિન્રિચ ક્લાસેન, કૅપ્ટન પૅટ કમિન્સ તેમ જ ધમાકેદાર ઓપનર અભિષેક શર્માને રીટેન કરશે એ મોટા ભાગે નક્કી જ છે, બીજા દમદાર ઓપનર ટ્રેવિસ હેડ અને ઑલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને પણ સ્ક્વૉડ બનાવતાં પહેલાં જાળવી રાખવામાં આવશે એ પણ મોટી સંભાવના છે. એમાં પણ ખાસ કરીને ક્લાસેનને (પ્રથમ રીટેન્શન તરીકે) ૨૦૨૫ની સીઝન રમવાના ૨૩ કરોડ રૂપિયા જેટલા અપાશે એવું મનાય છે.

બીસીસીઆઇએ તાજેતરમાં જ જાહેર કર્યું હતું કે એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટના અહેવાલ અનુસાર કમિન્સને ૧૮ કરોડ રૂપિયા તથા અભિષેક શર્માને ૧૪ કરોડ રૂપિયા આપવામાં આવશે. અભિષેક છેલ્લી ત્રણ સીઝનમાં ૬.૫૦ કરોડ રૂપિયા કમાયો હતો.

કમિન્સને ૨૦૨૪ની આઇપીએલ પહેલાં ૨૦.૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. એ જોતાં, આગામી સીઝનમાં તેને ઓછી રકમ મળશે.

તમામ ફ્રૅન્ચાઇઝીએ ૩૧મી ઑક્ટોબર સુધીમાં પોતે કયા ખેલાડીઓને રીટેન કરવાના છે એની યાદી આપી દેવી પડશે. ટ્રેવિસ હેડ અને નીતિશ રેડ્ડીને પણ રીટેન કરવામાં આવશે એવી પાકી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે બીસીસીઆઇએ પાંચ રીટેન્શન માટે આ મુજબના કૉન્ટ્રૅક્ટ મની જાહેર કર્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો પહેલા પાંચ ખેલાડીને રીટેન્શન મની તરીકે ઓછામાં ઓછી આટલી રકમ આપવી જ પડશે: રીટેન થનાર પ્રથમ પ્લેયરને ૧૮ કરોડ રૂપિયા, બીજા પ્લેયરને ૧૪ કરોડ રૂપિયા, ત્રીજા પ્લેયરને ૧૧ કરોડ રૂપિયા. ત્યાર પછીના બે પ્લેયરને ૧૮ કરોડ રૂપિયા અને ૧૪ કરોડ રૂપિયા. ■

# કોહલીએ ડિવિલિયર્સને પત્રમાં લખ્યું, 'બિસ્કૉટી, હું જેમની સાથે રમ્યો છું એ બધામાં તું સૌથી ટૅલન્ટેડ'

બેન્ગલૂરુ: ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ઍલિસ્ટર કૂક ઉપરાંત સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ બૅટર એબી ડિવિલિયર્સને પણ આઇસીસી હૉલ ઑફ ફેમમાં સામેલ કરવામાં આવ્યો છે અને એ પ્રસંગે વિરાટ કોહલીએ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમમાં પોતાની સાથે રમી ચૂકેલા ગાઢ મિત્ર ડિવિલિયર્સ માટે સોશિયલ મીડિયામાં લાંબો પત્ર લખ્યો છે જેમાં કોહલીએ ખાસ ઉલ્લેખ કરતા જણાવ્યું છે કે 'બિસ્કૉટી, હું જેમની પણ સાથે રમ્યો છું એ બધામાં તું સૌથી ટૅલન્ટેડ છે. હૉલ ઑફ ફેમમાં સામેલ થવા બદલ તને અભિનંદન. તું ક્રિકેટના ગ્રેટેસ્ટ પ્લેયર્સમાંનો એક છે.'

૨૦,૦૦૦થી પણ વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવી ચૂકેલા ડિવિલિયર્સના નામે બે મોટા વર્લ્ડ રેકૉર્ડ છે: વન-ડે ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ફિફ્ટી અને ફાસ્ટેસ્ટ સેન્ચુરી.

કોહલીએ પત્રમાં લખ્યું છે, 'આઇસીસી હૉલ ઑફ ફેમમાં તેં



સ્થાન મેળવ્યું છે એ પ્રસંગે તારા વિશે આ લખવામાં હું ગર્વ અનુભવું છું. ક્રિકેટની રમત પર તેં જે દમદાર અસર પાડી છે એ બદલ હૉલ ઑફ ફેમમાં તારો સમાવેશ થયો છે. લોકો હંમેશાં તારી કાબેલિયતની વાતો કરતા હોય છે અને એ એકદમ યોગ્ય છે. હું જેમની પણ સાથે ક્રિકેટ રમ્યો છું એમાં તું નંબર-વન છે. ક્રિકેટના મેદાન પર તું જે પ્લાનનો અમલ કરવા ધારે એ કરીને જ રહે એટલે જ તું બધા માટે સ્પેશિયલ છે.'

કોહલીએ ડિવિલિયર્સ સાથેની (આરસીબીની) એક યાદગાર ઇનિંગ્સની યાદ તાજી કરતા જણાવ્યું, '૨૦૧૬ની કોલકાતા સામેની મૅચ મને બરાબર યાદ છે. આપણે નારાયણ, મૉર્ની મૉર્કલ, રસેલ અને શાકિબના બોલિંગ આક્રમણ સામે ૧૮૪ રનનો ટાર્ગેટ ચેઝ કરી રહ્યા હતા. કુલ ૭૦ રનના સ્કોરે તું મારી સાથે જોડાયો અને નારાયણ બોલિંગમાં હતો. તું તેને બરાબર રમી નહોતો શકતો એવું તેં મને ટાઇમઆઉટમાં જણાવ્યું હતું. મને તને કહેલું કે મને સ્ટ્રાઇક આપી દેજે. જોકે ટાઇમઆઉટ પછીની નારાયણની ઓવરના એક બૉલમાં તેં ૯૪ મીટર લાંબી સિક્સર ફટકારી હતી. હું તારી જગ્યાએ હોત તો મેં સાથી બૅટરને સ્ટ્રાઇક આપી દીધી હોત, પણ તેં તો નિર્ભય થઈને સિક્સર ફટકારી દીધી. આવી તો ઘણી યાદો હું તાજી કરી શકું એમ છું. રન દોડતી વખતે આપણી વચ્ચે ગજબનો તાલમેલ હતો. ટીમમાં ક્યારેય તેં હરીફાઈ નહોતી કરી, ટીમ માટે કેવું અસરદાર રમવું એના પર જ તેં ધ્યાન આપેલું. ટીમ માટે જીતવાની તારી ધગશને દાદ દેવી પડે. હું એ બાબતમાં તારી પાસેથી ઘણું શીખ્યો છું. પાછલી ચાર મૅચમાં કેવું રમ્યા એ નહીં, પણ વર્તમાન મૅચ માટે શું અપ્રોચ હોવો જોઈએ એવો તારો સકારાત્મક અભિગમ હતો. બધાને તારા આક્રમક શૉટ્સ જ યાદ હોય છે, પરંતુ ૨૦૧૫માં તેં દિલ્હીમાં સાઉથ આફ્રિકાને પરાજયથી બચાવવા ૨૯૭ બૉલમાં ૪૩ રન બનાવ્યા હતા એ ઇનિંગ્સ પણ મને બરાબર યાદ છે.

ઘણા ખેલાડીઓ આકર્ષક નંબર બદલ ઓળખાતા હોય છે, પણ તારા જેવા બહુ ઓછા હશે જેઓ પ્રેક્ષક-દર્શકના માનસ પર દમામદાર પર્ફોર્મન્સથી જોરદાર અસર પાડતા હોય છે.' ■

# વર્લ્ડ કપમાં ભારતનો અખિલ ચીનના ચૅમ્પિયનને હરાવી જીત્યો બ્રૉન્ઝ



દિલ્હીમાં શૂટિંગના વર્લ્ડ કપમાં ભારતનો અખિલ શોરેન ગઈ કાલે ૫૦ મીટર રાઇફલ-થ્રી પૉઝિશન્સ કૅટેગરીમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો. તેણે પૅરિસ ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ચીનના લિઉ યુકુનને બ્રૉન્ઝ માટેની હરીફાઈમાં હરાવી દીધો હતો.

# વિદેશી ફંડોના એકધારા ધોવાણને કારણે નિફ્ટીએ આખરે ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી, સેન્સેક્સમાં ૩૧૮ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નબળા સંકેત સાથે સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે મંગળવારે સેન્સેક્સમાં ૩૧૮.૭૬ પોઇન્ટનું મોટું ગાબડું પડ્યું હતું, જ્યારે નિફ્ટીએ સત્રમાં સતત સંઘર્ષ છતાં અંતે ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. સેન્સેક્સ સત્ર દરમિયાન ૪૬૧ પોઇન્ટ સુધી પટકાઇને અંતે ૩૧૮ પોઇન્ટ અથવા તો ૦.૩૯ ટકાના ઘટાડા સાથે ૮૧,૫૦૧.૩૬ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૮૬.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૩૪ ટકાના ઘટાડા સાથે ૨૪,૯૭૧.૩૦ની સપાટીએ પહોંચ્યો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ફોસિસ, કોટક મહિન્દ્રા બેન્ક, જેએસડબલ્યુ સ્ટીલ, અદાણી પોર્ટ, ટાટા મોટર્સ, આઇટીસી અને ટાઇટન ટોપ ગેઇનરમાં સામેલ હતાં. જ્યારે એચડીએફસી બેન્ક, ભારતી એરટેલ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એશિયન પેઇન્ટ અને સ્ટેટ બેન્ક ટોપ ગેઇનર શેરોની યાદીમાં હતા.

સોલર પેનલ બનાવતી વારી એનર્જીનો રૂ. ૪૩૨૧ કરોડનો આઇપીઓ ૨૧મી ઓક્ટોબરે ખૂલી રહ્યો છે અને તેની પ્રાઇસ બેન્ડ રૂ. ૧,૪૨૭થી રૂ. ૧,૫૦૩ નક્કી થઇ છે. એન્કર ઇન્વેસ્ટર બિડિંગ ૧૮મી ઓકોટબરે ખૂલશે અને ભરણું ૨૩મી ઓકટોબરે બંધ થશે. ફ્રેશ ઇશ્યૂનો હિસ્સો રૂ. ૩૬૦૦ કરોડનો અને ઓફર ફોર સેલનો હિસ્સો ૪૮ લાખ શેરનો છે.

સિક્યુરિટી સર્વિસ અને ટેલિકોમ ઓઇએમ પ્રોવાઇડર બીડી સિક્યુરિટી લિમિટેડે પ્રાથમિક બજારમાં પ્રવેશવાની યોજનાના ભાગરૂપે એનએસઇમાં ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઇલ કર્યું છે. કંપની ૪૪,૫૬,૦૦૦ ફ્રેશ ઇશ્યૂ કરવાની યોજના ધરાવે છે. ૩૧મી માર્ચે પૂરા થયેલા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૧૧,૮૫૯.૨૦ લાખની આવક, રૂ. ૧,૪૨૪.૬૯ લાખનો એબિટા અને રૂ. ૮૦૧.૮૭ લાખનો પીએટી નોંધાવ્યો છે.

ઓફર ફોર સેલ શરૂ થતાં કોચીન શિપયાર્ડનો શેર પાંચેક ટકા ટૂટ્યો હતો. પ્લાસ્ટિક ઇન્જેક્શન અને બ્લો મોલ્ડ કમ્પોનેન્ટ્સની એક અગ્રણી ઉત્પાદક પ્રીમિયમ પ્લાસ્ટ લિમિટેડ ૫૩,૪૬,૦૦૦ ઇક્વિટી શેરના રૂ. ૨૬.૨૦ કરોડનું બુક બિલ્ડીંગ ભરણું લાવી રહી છે. ઓટોમોટિવ પાર્ટસ ઉપરાંત, કંપની પ્લાસ્ટિકના ઇન્ડસ્ટ્રિયલ કોમ્પોનેન્ટ્સ અને પેકેજિંગ સોલ્યુશન્સનું પણ ઉત્પાદન કરે છે, જે ઉદ્યોગો અને એપ્લિકેશનોની વિશાળ શ્રેણીને સેવા પૂરી પાડે છે. કંપની ૬૦૦થી વધુ કોમ્પોનેન્ટ્સનું ઉત્પાદન કરે છે અને ૧,૯૭૫ મેટ્રિક ટન વાર્ષિકની સ્થાપિત ક્ષમતા ધરાવે છે.

લાર્સન એન્ડ ટૂબ્રોએ આગ્રા મેટ્રોની ડિઝાઇન અને કન્સ્ટ્રક્શનનો ઓર્ડર મેળવ્યો છે. ઇન્ફોર્મા માર્કેટ્સ દ્વારા આયોજિત વર્લ્ડ ઓફ કોન્ક્રીટ ઈન્ડિયાની દસમી એડિશનમાં કોંક્રિટ, બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોના ટોચના ૩૦૦થી વધુ એક્ઝિબિટર્સ અને મુખ્ય નીતિ ઘડવૈયા એકત્ર થયા હતા. ૧૮મીસુધીની આ ત્રણ દિવસીય ઇવેન્ટમાં જર્મની, ઇટાલી, યુએસએ, કુવૈત, દક્ષિણ કોરિયા, ફિનલેન્ડ અને જાપાન જેવા મુખ્ય બજારો સહિત વિશ્વભરમાંથી ૧૫,૦૦૦થી વધુ બિઝનેસ ડેલિગેટ્સ સહભાગી થઇ રહ્યાં છે.

એસએસી ઇસરો સાથે સંયુક્ત ભાગીદારીમાં સ્વદેશી જિઓસ્પેશિયલ સોફ્ટવેરની ડીઝાઇન અને ડેવલપમેન્ટનું કાર્ય કરનારી સ્કેનપોઇનટ જિયોમેટિક્સે બીટુસી સેગમેન્ટ માટે જીઆઇએસ આધારિત એપ્લિકેશન સર્વે ૩૬૦ને સક્ષમ બનાવી છે. ભારતમાં પહેલી બુલેટ ટ્રેન બનાવવાનો ઓર્ડર હાંસલ કર્યો હોવાની ચર્ચાએ બીઇએમએલમાં આઠ ટકાનો ઉછાળો હતો.




પ્રાઇમરી માર્કેટના ઇતિહાસના સોથી મોટા એવા હ્યુન્ડાઇના ભરણાંને સારો પ્રતિસાદ નથી મળી રહ્યો, બીજા દિવસે સાંજ સુધીમાં તે માત્ર ૪૭ ટકા ટકા ભરાયું હતું અને ગ્રે માર્કેટમાં રૂ. ૬૫ના પ્રીમિયમ સાથે ડાઉન ટ્રેન્ડ જોવા મળ્યો હતો. હ્યુન્ડાઇનું વેલ્યુએશન તેની પેરેન્ટ કંપની અને અન્ય ઓટો કંપનીઓ કરતા ઊંચું હોવા સાથે અમુક અમુક કાનૂની બાબતો તથા ક્ષમતા વપરાશ સહિતના કારણોસર તેનું જીએમપી નિરસ રહ્યું હોવાની બજારમાં ચર્ચા હતી.

નોંધવું રહ્યું કે ભરણું ખૂલતા પહેલા તેના ગ્રે માર્કેટ પ્રીમિયમમાં ૮૯ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. એક તબક્કે તેનું જીએમપી બે ટકાના ડિસ્કાઇન્ટ સુધી નીચે જઇ પાછું ફર્યું છે, આ શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થશે એવી બજારમાં ચર્ચા હતી. જોકે, અમુક ખેલાડીઓ શેર કોર્નર કરવા માગે છે એવી પણ ચર્ચા છે.

બજારના અભ્યાસુઓના મતે રોકાણકારો હાલ જટીલ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યાં છે, જેમાં ક્રૂડ ઓઈલના ઘટતા ભાવ સકારાત્મક સમાચાર છે, પરંતુ મહત્વની કંપનીઓના પરિણામો નબળા આવવાની ધારણ સાથે બીજી તરફ વિદેશી રફંડો એકધારી વેચવાલી કરી રહ્યાં છે.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, બ્રેન્ટ ક્રૂડ ઓઇલમાં તીવ્ર ઘટાડો ભારત માટે મેક્રો પોઝિટિવ છે, પરંતુ સપ્ટેમ્બરમાં સીપીઆઈ ફુગાવો ૫.૪૯ ટકાની અપેક્ષા કરતાં વધુ ખરાબ આવે તે ચિંતાનો વિષય છે, એમ જણાવતાં એનાલિસ્ટે કહ્યું હતું કે, એમપીસીને આને ગંભીરતાથી લેવાની અને વ્યાજદરમાં કાપને ૨૦૨૫ સુધી મુલતવી રાખવાની ફરજ પડશે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર શાકભાજીના ભાવમાં વધારો થવાને કારણે સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવાનો દર ૫.૪૯ ટકાની નવ મહિનાની ટોચે પહોંચી ગયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રી જેવી ઇન્ડેક્સ હેવીવેઇટ કંપનીનો શેર ગબડ્યો હોવાને કારણે બજારના સેન્ટિમેન્ટને નકારાત્મક અસર થઈ હતી. નોંધવું રહ્યું કે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરના ચોખ્ખા નફામાં પાંચ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીનો એકીકૃત ચોખ્ખો નફો જુલાઇ-સપ્ટેમ્બરમાં ઘટીને રૂ. ૧૬,૫૬૩ કરોડ અથવા રૂ. ૨૪.૪૮ પ્રતિ શેર થયો હતો, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં અનુક્રમે રૂ. ૧૭,૩૯૪ કરોડ અથવા શેરદીઠ રૂ. ૨૫.૭૧ના સ્તરે હતો.

એફઆઇઆઇએ મંગળવારે રૂ. ૧૭૪૮.૭૧ કરોડના શેરની વેચવાલી કરી હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈ) દ્વારા ઓક્ટોબર ૨૦૨૪ મહિનાના પ્રથમ ૧૨ દિવસમાં જ રૂ. ૫૮,૭૧૧ કરોડના શેરોની જંગી વેચવાલી કરવામાં આવી છે. એક અંદાજ પ્રમાણે એફઆઇઆઇની વેચવાલીનો ઓકટોબરનો આંકડો સાત અબજ ડોલરની સપાટી વટાવી ગયો છે, જે માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી મોટો આંકડો છે.

બજારની મુવમેન્ટને કોર્પોરેટ પરિણામ પણ અસર કરશે અને આ પરિણામ નબળા આવવાની ચર્ચા છે. આ અઠવાડિયે ત્રિમાસિક કમાણીના સ્કોરકાર્ડ જાહેર કરનારી અન્ય કંપનીઓમાં એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, બજાજ ઓટો, એક્સિસ બેંક, એલટીઆઇમાઇન્ડટ્રી, ટેક મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા, વિપ્રો અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ ઇન્ડેક્સમાં ૩૮ ટકાથી વધુ વેઇટેજ ધરાવે છે.

એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની, જિયો ફાઇનાન્સિયલ સર્વિસિસ, એલ એન્ડ ટી ફાઇનાન્સ, એન્જલ વન, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન રિન્યુએબલ એનર્જી, પીવીઆર ઈંગઘડ, આદિત્ય બિરલા મની, એલ એન્ડ ટી ટેક્નોલોજી સર્વિસ, એમફેસિસ, સીએટ, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, હેવેલ્સ ઇન્ડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, જિંદાલ સ્ટેનલેસ, પોલીકેબ ઈન્ડિયા, ટાટા કેમિકલ્સ, ટાટા કોમ્યુનિકેશન્સ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની, જિંદાલ સો, એલએન્ડટી ફાઈનાન્સ, ઓબેરોય રિયલ્ટી, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ, એમસીએક્સ ઈન્ડિયા અને આરબીએલ બેંક પણ પરિણામ જાહેર કરશે.

# ક્રૂડતેલના ભાવ ઘટતાં ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ અને ગઈકાલે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલો છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો આગળ ધપતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૮૪.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે અમુક અંશે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું બજારનાં સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૪ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૭ અને ઉપરમાં એક તબક્કે ૮૪.૯૮ સુધી સુધરી આવ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા વધીને ૮૪.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકતરફી વેચવાલી રહેતા ઑક્ટોબર મહિનામાં અત્યાર સુધીમાં તેઓની આઠ અબજ ડૉલર જેટલી વેચવાલી રહી હોવાથી અને ડૉલર ઈન્ડેક્સ વધીને ૧૦૩ની સપાટી પાર કરી ગયો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું આનંદ રાઠી શૅર્સ ઍન્ડ સ્ટોક બ્રોકર્સના કૉમૉડિટી અને કરન્સી વિભાગના વિશ્લેષક મનીષ શર્માએ જણાવ્યું હતું. દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧૮.૭૬ પૉઈન્ટનો અને ૮૬.૦૫ પૉઈન્ટનો ઘટાડો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૪૮.૭૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ હોવા છતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૧ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા જેટલો ઘટીને ૧૦૩.૨૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું.

# સોનું ₹ ૬૨૩ ઝળકીને ફરી ₹ ૭૬,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૭૧૨ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આવતીકાલે અમેરિકાના રિટેલ વેચાણ, ઔદ્યોગિક ઉત્પાદન અને બેરોજગારીના ડેટાની જાહેરાત પૂર્વે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડાતરફી વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઉછાળો આવ્યો હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૨૦થી ૬૨૩ ઉછળીને ફરી રૂ. ૭૬,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીએ કિલોદીઠ રૂ. ૧૭૧૨ના ઉછાળા સાથે રૂ. ૯૧,૦૦૦ની સપાટી કુદાવી હતી.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૧૨ ઉછળીને રૂ. ૯૧,૫૧૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ દરિયાપારના પ્રોત્સાહક અહેવાલે તેજીનું વલણ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૨૦ વધીને રૂ. ૭૬,૨૪૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૨૩ વધીને રૂ. ૭૬,૫૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હોવાથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં ધ્યાનમાં રાખે તેવા રિટેલ વેચાણ, ઔદ્યોગિક ઉત્પાદન અને સાપ્તાહિક ધોરણે જાહેર થતાં બેરોજગારી ભથ્થુ મેળવવા માટેની અરજીઓની સંખ્યા જેવાં ડેટાની આવતીકાલે થનારી જાહેરાત પૂર્વે આજે ડૉલર ઈન્ડેક્સ અને બૉન્ડની યિલ્ડમાં ઘટાડો આવતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધથી ૦.૫ ટકા વધીને વિક્રમ ભાવસપાટીથી માત્ર ૧૦ ડૉલર છેટે ઔંસદીઠ ૨૬૭૫.૨૫ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૫ ટકા વધીને ૨૬૯૧.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૮૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં અમેરિકી ફેડરલ રિઝર્વે અપનાવેલું હળવી નાણાનીતિનું વલણ સોના માટે ગેમચેન્જર પુરવાર થયું હોવાથી ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું છે. વધુમાં અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના રાજકીય-ભૌગોલિક તણાવને કારણે નીકળેલી સલામતી માટેની માગ તેજીને ઈંધણ પૂરું પાડી રહ્યા હોવાનું એએનઝેડ કૉમૉડિટીનાં સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો અમેરિકાના આર્થિક ડેટાઓ નબળા આવે તો આગામી ટૂંકા સમયગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૭૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા છે.

વધુમાં રોઈટર્સના વિશ્લેષક વૉન્ગ તાઓએ જણાવ્યું હતું કે જો હાજરમાં ભાવ ઔંસદીઠ ૨૬૬૬ ડૉલરની ટેકાની સપાટી વટાવે તો ભાવ પુનઃ ઔંસદીઠ ૨૬૮૫ ડૉલરની સપાટીએ પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, ગઈકાલે લંડન બુલિયન માર્કેટ એસોસિયેશનની વાર્ષિક સભામાં ઉદ્યોગ વર્તુળોએ આગામી ૧૨ મહિનામાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૯૪૧ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૬-૭ નવેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૭.૨ ટકા શક્યતા આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો મૂકી રહ્યા હતા. વધુમાં ગઈકાલે સાન ફ્રાન્સિસ્કો ફેડનાં પ્રમુખ મેરી ડેલેએ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતનું વલણ જાળવી રાખે તેવી ધારણા વ્યક્ત કરી હતી, જ્યારે એટલાન્ટા ફેડના પ્રમુખ રાફેલ બોસ્ટિકે શેષ વર્ષમાં વધુ એક ૨૫ બેસિસ પૉઈન્ટના ઘટાડાની શક્યતા વ્યક્ત કરી હતી.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ઘટ્યા મથાળેથી ₹ ૧૬નો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૭૦થી ૩૬૨૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સતત બે સત્ર સુધી નરમાઈનું વલણ રહ્યા બાદ આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી હાજર ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અને નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬ના સુધારા સાથે રૂ. ૩૭૩૬થી ૩૮૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૨થી ૩૯૪૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૫થી ૩૭૧૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૫થી ૩૮૦૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

### આયાતી તેલમાં મિશ્ર વલણ, કામકાજો છૂટાછવાયા

# ૧થી ૧૫ સપ્ટેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૫.૫૫ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના જાન્યુઆરી વાયદામાં ૭૪ રિંગિટનો અને શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૫૫ સેન્ટનો અને ૩૭ સેન્ટનો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહેતાં હાજરમાં આયાતી તેલમાં આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સોયા રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

દરમિયાન ગત તા. ૧થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑગસ્ટ મહિનાના સમાનગાળાના ૬,૯૫,૧૩૬ ટન સામે ૧૫.૫૫ ટકા વધીને ૮,૦૩,૨૫૨ ટનની સપાટીએ રહી હતી. તેમ જ આજે બાંગ્લાદેશે ખાદ્યતેલની આયાત જકાતમાં પાંચ ટકાનો ઘટાડો કર્યો હોવાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૯૪ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૨૭૦થી ૧૨૭૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સિંગતેલના રૂ. ૧૫૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૫૦ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૬૫થી ૬૬૭૫માં, સરસવ એક્સપેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૫થી ૧૩૬૧માં અને કચ્ચીઘાણીના રૂ. ૧૩૬૫થી ૧૩૭૧માં થયા હતા, જ્યારે સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૦૦થી ૨૫૦૫માં થયા હતા. આ સિવાય મધ્ય પ્રદેશનાં મથકો પર ચાર લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦૦થી ૪૫૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૫૦થી ૪૬૭૫માં થયાના અહેવાલ હતા.

# નિકલ સિવાયની ધાતુઓમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચીનના સ્ટિમ્યુલસ પેકેજની સ્પષ્ટતાઓના અભાવ વચ્ચે ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યા બાદ આજે ઘટ્યા મથાળેથી સુધારો આવ્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર નિકલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૧ સુધીનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ટનદીઠ ૯૫૮૬.૫૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓના ભાવમાં પણ ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૨૮૨૪, રૂ. ૧૩ વધીને રૂ. ૫૭૫ અને રૂ. સાત વધીને રૂ. ૨૮૯ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટો ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૩૭ અને રૂ. ૨૪૩, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૯૫, રૂ. ૭૭૭ અને રૂ. ૮૫૭, કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૦૬, રૂ. ૫૨૦ અને રૂ. ૧૯૮ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૮૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર નિકલમાં સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૪૭૮ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં અનેક તાલુકાઓમાં ધોધમાર વરસાદ


(તસવીરઃ હરેશ સોની)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા છ દિવસથી વરસી રહેલા મેઘરાજાએ સૌરાષ્ટ્રના અમરેલી, જૂનાગઢ સહિતના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. જોકે દક્ષિણ ગુજરાતમાં સુરત અને કેટલાંક સ્થળોએ જોરદાર ઝાપટાં વરસ્યાં હતાં.

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીમાં બુધવારે બપોરે એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. નીચાણાવાળા વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. તેમજ ખોરાસા ગામે વીજળી પડી હતી. જ્યારે બપોર બાદ જૂનાગઢ શહેર અને તાલુકામાં પંથકમાં વરસાદ શરૂ થયો હતો. વરસાદના કારણે મગફળી અને સોયાબીનના પાકને નુકસાન ગયું છે,આ વરસાદના કારણે ખેડૂતોના પાકને નુકસાન થયું છે, નદી નાળા ફરી એક વાર છલકાઈ ગયાં હતાં.

આ ઉપરાંત અમરેલીના ખાંભામાં પવન અને વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદના કારણે સોયાબીન, મગફળી, તલના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. દરમિયાન સુરત શહેરમાં વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. શહેરમાં બે દિવસના વિરામ બાદ ફરી વરસાદ વરસી રહ્યો છે. ઓલપાડ, અઠવા લાઈન્સ, પારલે પોઈન્ટ, સરોલી, સોસક, રિંગ રોડ, અડાજણ, ડુમસ રોડ પર વરસાદ વરસ્યો હતો. બીજી તરફ ભરૂચના ઝઘડિયા તાલુકામાં પણ વાવાઝોડાં સાથે વરસાદ નોંધાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં બે દિવસ સામાન્ય વરસાદની આગાહી વ્યક્ત કરવાં આવી છે. ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ, વડોદરા, છોટાઉદેપુર, નવસારી, તાપી, ડાંગ, વલસાડ રાજકોટ, જૂનાગઢ, અમરેલીમાં મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ■

# દ્વારકામાં પૂર્વ પ્રેમીના ત્રાસથી પરિણીતાનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકામાં પૂર્વ પ્રેમીના ત્રાસથી મહિલાએ આપઘાત કર્યો હોવાની ઘટના બનવા પામી છે. આરોપી યુવકે મહિલાના બીભત્સ ફોટા સાશિયલ મીડિયામાં વાયરલ કરતા મહિલાએ સમાજમાં બદનામીના ડરથી મહિલાએ આપઘાત કરી લીધો હતો.

દ્વારકાના મીઠાપુરમાં રહેતી એક યુવતીનો ઘણા સમય પહેલા ગાઝિયાબાદના યુવક રાજીવ ઉર્ફે વિકી સક્સેના સાથે પ્રેમસંબંધ હતો. ત્યાર બાદ યુવતીના લગ્ન બીજે થઈ ગયા હતા. યુવતી પરણીત હોવા છતાં તેનો પૂર્વ પ્રેમી તેના લગ્નજીવનમાં અડચણરૂપ બનતો હતો. પરિણીતાને તે અવારનવાર હેરાન કરતો હતો અને ધમકીઓ આપી બ્લેકમેઈલ કરતો હતો.

યુવતી જ્યારે પૂર્વ પ્રેમીના સંપર્કમાં હતી તે દરમિયાન પ્રેમીએ યુવતીને ભોળવીને તેના બીભત્સ ફોટા લઈ લીધા હતા. અને જ્યારે યુવતીના લગ્ન થઈ ગયા તે પછી પણ આ પૂર્વ પ્રેમી તેને મળવા આવવા અવારનવાર દબાણ કરતો હતો. અને જો તે મળવા ન આવે તો તેના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેવાની ધમકી આપતો હતો.

પૂર્વ પ્રેમીએ યુવતીને મળવા માટે દબાણ કરતા યુવતીએ મળવાની ના પાડી દીધી હતી. યુવતીએ મળવાની ના કહેતા પૂર્વ પ્રેમીએ યુવતીના બીભત્સ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા હતા. ત્યારબાદ સમાજમાં બદનામીના ડરથી યુવતીએ આખરે કંટાળીને ગળે ટૂંપો લગાવી આપઘાત કર્યો હતો.

મીઠાપુર પોલીસે દિલ્હી ગાઝિયાબાદ રહેતા આરોપી શખ્સ રાજીવ ઉર્ફે વિકી સક્સેના વિરુદ્ધ ગુન્હો નોંધી આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# તળાજાના જૂના સાંગાણા ગામના બે સિંહ મહેમાન બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકમાં સાવજ વિચરણ કરવા વારંવાર આવી રહ્યા છે.દરિયાઈ પટ્ટીના ઝાંઝમેર વિસ્તારમાં ત્રણ સિંહ પરિવારે હાલ ઘણા સમયથી વસવાટ કર્યો છે ત્યારે બુધવારે વહેલી સવારે જૂના સાંગાણા ગામની વાડીમાં સાવજોએ ડણક દેતા ખેડૂતોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ફોરેસ્ટ વિભાગની ટીમે સગડના પગલે ધામા નાખ્યા છે.

જૂના સાંગાણા ગામના અનિરુદ્ધસિંહ સરવૈયાની વાડીમાં બે સાવજોની ડણક સંભળાઈ હતી. સાવજો હુકવા, ગર્જવાના અવાજને પગલે ખેડૂતોએ ફોરેસ્ટ વિભાગને જાણ કરતા રેન્જ ફોરેસ્ટર સ્ટાફ સાથે દોડી ગયા હતા.

આર.એફ.ઓએ જણાવ્યું હતું કે, શેરડીના વાઢમાં ગયા હોવાના સગડને લઈ સ્થાનિક યુવાનો પણ સિંહ દર્શન કરવા દોડી આવ્યા હતા. ખેડૂતોને અપીલ કરતા જણાવ્યું હતું કે વાડીમાં ઇલેક્ટ્રિક કરંટ પસાર કરવો તે ગુન્હો બને છે. સિંહ દીપડા જેવા પ્રાણીને નુકશાન થાય તો વધુ ગંભીર ગુન્હો બને છે.આથી ખેડૂતોએ વીજ કરંટ પસાર કરવો નહીં. ■


કચ્છના કંડલા બંદરની નજીક આવેલી ઈમામી એગ્રોટેક નામની કંપનીના ખાદ્ય તેલના કદડાનો સંગ્રહ કરનારી ટાંકી જાણે મોતનો કૂવો બની હોય તેમ તેમાં ઝેરી ગેસના ગળતરના કારણે એક સાથે પાંચ-પાંચ કર્મચારીઓનાં ગૂંગળાઈને મોત નીપજ્યાં હતાં. (તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ.)

# વૈમનસ્ય ફેલાવનારા આરોપીને બચાવવા મુંદરાના પોલીસ મથકે ધસી આવેલા ટોળાંને ઈન્સ્પેક્ટરે હિન્દુત્વના સાચા પાઠ સમજાવ્યા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બિનસાંપ્રદાયિક ભારતમાં દેશમાં પાછલાં કેટલાંક વર્ષોમાં એક ચોક્કસ સમુદાય પ્રત્યે નફરત અને ધાર્મિક કટ્ટરતાનું ઝેર ભરીને ઊભા કરવામાં આવેલા કરોડો અંધભક્તો દ્વારા સોશિયલ મીડિયા પર ભ્રામક રાષ્ટ્રવાદ અને ધર્મ ગૌરવના નામે ચોક્કસ સમુદાયના લોકો પરત્વે નફરત ફેલાવામાં આવી રહી છે.

આવા અંધભક્તો દેશમાં શાંતિ અને ભાઈચારો જોખમાય એ રીતે ધર્મની આડ લઈને કાયદો અને વ્યવસ્થાને નુકશાન થાય તેવા ગુનાહિત કરતૂતો આચર્યા કરે છે.

તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર એકબીજા પ્રત્યે 'કીબોર્ડ વોર' છેડનારા બે જુદા જુદા સમુદાયના બે યુવકો સામે સુલેહશાંતિ ભંગ બદલ પગલાં લેવામાં આવ્યાં તે પ્રકરણમાં અટકમાં લીધેલા યુવકની તરફેણમાં મુંદરાના પોલીસ મથકમાં ધસી આવેલા અંધભક્તોના ટોળાંને અહીંના પી.આઈ હાર્દિક ત્રિવેદીએ હિન્દુત્વનો ખરો મતલબ શું? એમ પૂછીને અટકમાં લીધેલા યુવકના કરતૂત જણાવી સમર્થકોને બરાબરના ધમકાવી નાખ્યા હતા.

હાર્દિક ત્રિવેદીએ ટોળાને ઠપકો આપતાં જણાવ્યું હતું કે, તેઓ ખુદ નાનપણમાં આરએસએસ સાથે સંકળાયેલા હતા. હિન્દુત્વની મહાન વિચારધારા અન્ય સમુદાયના લોકોનું હિટ કરવાનું કે ગંભીર ગુના આચરવાનું નથી શીખવતી.

હાલ આ સમગ્ર બનાવની વીડિયો કલીપ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઇ રહી છે અને મોટાભાગના ભણેલા-ગણેલા અને જાગૃત નાગરિકો પી.આઈ ત્રિવેદીની પ્રસંશા કરી રહ્યા છે. ■

# મહુવાના વાઘનગર ગામના આધેડનું બાકી નાણાં મામલે ખૂન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા તાલુકાના તરેડી ગામના પાટિયાથી ખાટસુરા ગામ જવાના રસ્તા પરથી વાઘનગર ગામના આધેડનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા મહુવા ગ્રામ્ય પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે મૃતકના ભત્રીજાએ સથરા ગામના ત્રણ શખ્સોએ માથાના ભાગે ગંભીર ઇજા પહોંચાડી હત્યા કરી હોવાની ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત મુજબ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના વાઘનગર ગામમાં રહેતા આધેડ નાજાભાઇ સોલંકી ગામમાં રહેતા પેમાભાઇ વલ્લભભાઈ કાતરીયાની વાડીએ ઝૂંપડું બનાવવા માટે ગયા હતા અને મોડી રાત સુધી પરત ન ફરતા નાજાભાઇના પત્ની દયાબેને તેમના ભત્રીજા પંકજભાઈ રુખડભાઈ સોલંકીને ફોન કરીને જાણ કરી હતી અને તેમને પેમાભાઈની વાડીએ તપાસ કરવા માટે મોકલ્યા હતા. પંકજભાઈ પેમાભાઈની વાડીએ જઈને તપાસ કરતા પેમાભાઈએ જણાવ્યું હતું કે 'તારા કાકા ને કોઈ સથરા વાળાનો ફોન આવતા તેઓ મારી વાડીએ ઝૂંપડાનું કામ પૂરું કરીને મોટરસાઇકલ લઈને અહીંથી જતા રહ્યા છે'. પંકજભાઈએ ઘરે આવી તેમના કાકીને પૂછપરછ કરતા સથરાના અશોકભાઈ શામજીભાઈ સાંખટ હોવાનું જણાવ્યું હતું. પંકજભાઈ સોલંકી અને તેમના સંબંધીઓએ નાજાભાઇની શોધખોળ શરૂ કરતા રોજ વહેલી તરેડી ગામના પાટીયાથી ખાટસુરા ગામ તરફ જવાના રસ્તા પર રોડની સાઈડમાં આવેલ બાવળમાંથી નાજાભાઇ લોહીલુહાણ અને મૃત હાલતે મળી આવ્યા હતા. તેમની બાજુમાં તેમનું બાઈક પણ મળી આવ્યું હતું, પંકજભાઈ અને તેમના સંબંધીએ નાજાભાઇના મૃતદેહને મહુવા હોસ્પિટલ લઈ ગયા હતા.

હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અને પોલીસ કાર્યવાહી પૂરી થયા બાદ પંકજભાઈ તેમના ગામ તેમજ સથરા ગયા હતા, જ્યાં તેમને જાણવા મળ્યું હતું કે સથરા ગામના અશોક શામજીભાઈ સાંખટ, ચકુર વેલજીભાઈ મકવાણા અને રાહુલ મંગાભાઈ ભાલીયાએ ગઈકાલે રાત્રિના સથરા ગામમાં આવેલા વાઘાભાઈ માવજીભાઈ સાંખટની વાડીએ પાર્ટી કરી હતી અને તેઓએ તેમના કાકા નાજાભાઇને ત્યાં બોલાવી કોઈપણ બહાને તેમના કાકાને તેમની મોટરસાઇકલ સાથે તરેડી ગામના પાટીયા થી ખાટસુરા ગામ જવાના રસ્તે લઈ જઈ એક સંપ કરી કોઈ વસ્તુ વડે નાજાભાઇના માથાના ભાગે ગંભીર ઇજા કરી મોત નિપજાવી ફરાર થઈ ગયા હતા. ■

# અંતરિયાળ ગામો સુધી એફોર્ડેબલ અને હાઈક્વોલિટી મોબાઈલ એન્ડ ડિજિટલ સર્વિસ મળતી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં વધુને વધુ અંતરિયાળ વિસ્તારના ગામોને ડિજિટલ ભારત અન્વયે સાંકળી લઈ એફોર્ડેબલ અને હાઈક્વોલિટી મોબાઈલ એન્ડ ડિજિટલ સર્વિસિસ પૂરી પાડવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગે આ હેતુસર સુધારેલ ભારત નેટ પ્રોગ્રામ ફેઝ-૩ અંતર્ગત ભારત નેટ નેટવર્ક વધુ સુદ્રઢ કરવા માટે કેન્દ્ર સરકાર સાથે એક મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન કર્યા છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે યોજાઈ રહેલી ઇન્ડિયા મોબાઈલ કૉંગ્રેસમાં આ મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય સંચાર પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા, ગુજરાતના શિક્ષણ રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયા તથા સાયન્સ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ સુશ્રી મોના ખંધાર આ એમઓસી સાઇનિંગના અવસરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગુજરાતના ડિજિટલ કનેક્ટિવિટી લેન્ડસ્કેપમાં સમાન કવરેજ માટે રાજ્ય સરકારની આગવી પહેલરૂપ ભારત નેટ ફેઝ-૧ અને ફેઝ-૨ તથા જિલ્લા વચ્ચેના ડિજિટલ ડીવાઇડને દૂર કરી અંતરિયાળ ગામોમાં પણ ૯૮ ટકાથી વધુનો સર્વિસ અપટાઈમ હાંસલ કરવામાં આ એમઓસી ઉપર્યુક્ત બનશે. ■


**સાસણ ગીર નેશનલ પાર્કના દરવાજા ખૂલ્યાઃ સિંહ દર્શન માટે પ્રવાસીઓની પડાપડીઃ** એશિયાટિક લાયન માટે પ્રખ્યાત સાસણ ગીર નેશનલ પાર્કમાં સિંહ દર્શનની શરૂઆત થઈ ગઈ છે. સિંહના મેટિંગ પિરિયડને કારણે ચોમાસાના ચાર મહિના માટે બંધ રહેતાં સાસણ સફારી પાર્ક બુધવારથી ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સફારી પાર્ક ખૂલ્યાનાં પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં પ્રવાસીઓ સિંહદર્શન માટે પહોંચ્યા હતા. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ.)

# સુરત જિલ્લાના ઉમરગોટની આદર્શ નિવાસી શાળાના ૪૫ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ઉમરગોટ ગામે આવેલી આદર્શ નિવાસી શાળામાં શાક, દાળભાત આરોગ્યા બાદ ૪૫ વિદ્યાર્થીઓને ઝાડા-ઊલટી થવા લાગી હતી. જેને લઇને શાળાના સ્ટાફ એ તમામને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, સારવાર બાદ તમામની તબિયત સુધારતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઉમરગોટ ગામની આદર્શ નિવાસી શાળાઓ ૨૫૦-૩૦૦ જેટલા ૮થી ૧૨ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓએ શાળામાં બનાવવામાં આવેલા રીંગણનું શાક, દાળભાતની રસોઇ આરોગી હતી. બાદમાં થોડી કલાકો બાદ ૪૫ જેટલા વિદ્યાર્થીઓને ઝાડા અને ઊલટી થવા લાગી હતી. જેથી તુરંત નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કર્યા બાદ તબિયત સુધારા પર આવતા એકપછી એકને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા હતા. બાળકોને થયેલા ઝાડા ઊલટીનું કારણ જાણવા માટે હાલ ઉમરપાડા તાલુકા આરોગ્ય વિભાગની ટીમ કામે લાગી ગઈ હતી. જોકે વાતાવરણમાં આવેલા પલટો અને હલકી ગુણવત્તા વાળી રસોઈ બની હોવાની આશંકા હાલ સેવાઇ રહી છે. ચોક્કસ કારણ આરોગ્ય વિભાગની તપાસ બાદ જાણવા મળશે. ■

# લાખાપર ગામ પાસે સરકારી યુરિયા ખાતરની બોરીઓ ઠાલવવા જઈ રહેલી જીપ પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃકમોસમી માવઠાંની સતત હાજરીને કારણે તૈયાર પાકને થયેલી નુકસાનીનો માર ખમી રહેલા ખેડૂતો યુરિયા ખાતર મેળવવા માટે એક-એક કિલોમીટર લાંબી લાઈનો લગાવી રહ્યા છે અને લાચાર ખેડૂતોને કૃત્રિમ નેનો યુરિયાની બાટલીઓ પરાણે લેવાની ફરજ પડાવાઈ રહી છે. ખેતીવાડી વિભાગની મિલિભગતથી સીમાવર્તી કચ્છમાં સબ્સિડાઈઝ્ડ નીમ કોટેડ યુરિયાનો બિનધાસ્ત રીતે ઔદ્યોગિક એકમોમાં વપરાશ થઇ રહ્યો હોવાના વર્ષો જૂનો આરોપ જાણે સાચો પડ્યો હોય તેમ અંજાર તાલુકાના લાખાપર ગામ નજીક જાગૃત ખેડૂતોએ તેમના ક્વોટાની નીમ કોટેડ યુરિયાની ૪૫ કિલોગ્રામની એક એવી ૮૦ ગુણી ભરીને જતી બોલેરો જીપ પકડી પાડી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, કોઈ સહકારી સંઘમાં કાર્યરત ગઢશીશાના નીકુંજ ઓઝા નામના શખ્સે ભુજથી નીમ કોટેડ યુરિયાની ગુણીઓ ભચાઉના ભવાનીપુરના બોલેરો માલિક ચંદ્રેશ પ્રભુલાલ ઠક્કરને ભરી આપી હતી.આ યુરિયાની ગુણીઓ ભીમાસરની કોઈ પ્લાય કંપનીમાં ઠાલવવાની હતી પરંતુ કૃત્રિમ અછતથી ત્રસ્ત થઇ ગયેલા ખેડૂતોએ ગુણીઓ લઈને જતાં બોલેરો ચાલક તરસંગજી રણવાડિયાને રંગેહાથ પકડી પોલીસને હવાલે કર્યો હતો.

ખેડૂતોના કહેવા મુજબ સમગ્ર કૌભાંડમાં ખેતીવાડી કચેરીમાં વર્ષોથી પેંધી ગયેલાં ભ્રષ્ટ તત્ત્વો સામેલ છે અને આવા એકાદ બે ભ્રષ્ટ તત્ત્વોને કાયદાના સકંજામાં લેવાય તો કાયમ માટે નીમ કોટેડ યુરિયાના કાળા બજારનું દૂષણ બંધ થઈ જાય છે.ગરીબ ખેડૂતોના હક્કના સરકારી ખાતરના કાળાબજારનો પર્દાફાશ કરવા ગહન તપાસ હાથ ધરવામાં આવી હોવાનું અને ચંદ્રેશના ઘરમાં પડેલી નીમ કોટેડ યુરિયાની વધુ ૨૭ ગુણીઓ જપ્ત કરી છે તેમ પી.આઈ. એ.આર. ગોહિલે જણાવ્યું હતું. ■


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

# ભાવનગરના દેવળિયા ગામે વીજળી પડતાં મહિલાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાાના દેવળિયા ગામે વિજળી પડતાં મહિલાનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દેવળિયા ગામે ખેતમજૂરી કરતાં દયાબેન ભીમજીભાઈ મકવાણા ઊં.વ.૫૦ ઉપર વીજળી પડતા તેણીનું કરુણ મોત નિપજ્યું હતું. ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી રહ્યું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૮.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું . વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૧% રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૧૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■

# કચ્છમાં જુદા જુદા માર્ગ અકસ્માતમાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તહેવારોનાં ચાલી રહેલા સપરમા દિવસોમાં સીમાવર્તી કચ્છમાં અપમૃત્યુની બનેલી જુદી-જુદી દુર્ઘટનાઓમાં ત્રણ લોકોનાં અકાળે મોત નીપજ્યાં હતાં. બંદરીય મુંદરા તાલુકાના સાડાઉમાં અને ભચાઉમાં બનેલી હિટ એન્ડ રનના બનાવોમાં પગપાળા જઈ રહેલા અજમલ વાઘા ખાટ (ઉં.વ. ૪૬) નામના શ્રમિક તેમજ બંટુ કાનજી ગામોદ નામના ૩૧ વર્ષના યુવકને અજાણ્યા વાહને કચડી નાખતાં કાળ આંબી ગયો હતો, આ ઉપરાંત સીમાવર્તી રાપર તાલુકાના ફતેહગઢ નજીક રોંગ સાઈડમાં ધસી આવેલી મોટરકારે મોટરસાઈકલને હડફેટે લેતાં માંજુવાસ રાપરના ગજુભા લખુભા વાઘેલા (ઉં.વ. ૪૫)નું ગંભીર ઇજાઓને પગલે મોત થયું હતું અને અન્ય એક યુવાનને ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ, વોંધથી ભચાઉ આવતા માર્ગે શાકભાજી ખરીદવા પગપાળા જઈ રહેલા બંટુ કાનજી ગામોદને અજાણ્યા વાહને હડફેટમાં લેતાં તેનું ટૂંકી સારવાર દરમ્યાન મોત થતાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ હતભાગીના સહોદર ભાણજી ગામોદે પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. ■

# વડોદરાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર પાસેના તળાવમાંથી અજાણ્યા શખ્સનો મૃતદેહ મળ્યો

અમદાવાદઃ વડોદરાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર પાસેના તળાવમાં અજાણ્યા શખ્સનો મૃતદેહ તરતો મળતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર દોડી આવ્યા હતા, અને વધુ કાર્યવાહી અર્થે ફાયર અને પોલીસ વિભાગને જાણ કરવામાં આવતા તેઓ પણ દોડી આવ્યા હતા. તળાવની મધ્યમાં તરતા મૃતદેહને બહાર કાઢીને વધુ તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. આ સાથે જ આ ઘટના પાછળના કારણો જાણવા માટે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સમગ્ર ઘટના અંગે ફાયર જવાનએ જણાવ્યું હતું કે, કાશી વિશ્વનાથ મંદિર પાસેના તળાવમાં મૃતદેહ મળ્યો હોવાનો કોલ દાંડીયા બજાર ફાયર સ્ટેશનને મળતા અમારી ટીમ આવી પહોંચી હતી. તરાપાની મદદથી તળાવની મધ્યમાં તરતા મૃતદેહનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. બાદમાં તેને બાસ્કેટ સ્ટ્રેચર થકી બહાર કાઢવામાં આવ્યો હતો અને વધુ કાર્યવાહી અર્થે આગળ સોંપી દેવામાં આવ્યો હતો. અગાઉ પણ અજાણ્યા શખ્સનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો હતો. ■

# હિંમતનગરમાં અકસ્માતઃ બે બાઈક સામસામે ટકરાતા બેનાં મોત

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લામાં એક ભયાનક અકસ્માતની ઘટના ઘટી હતી, મંગળવારે મોડી રાત્રે હિંમતનગર નજીક આવેલા હાઇવે પર બે બાઇક સામસામે ટકરાતા બે લોકોનાં મોત થઇ ગયાં હતાં, જ્યારે એકને ગંભીર રીતે ઇજા પહોંચતા હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માત અંગે ગાંભોઇ પોલીસે તપાસ શરૂ કરી હતી.સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આવેલા હાઇવે પર રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. હિંમતનગરના ગાંભોઇ-ભિલોડા સ્ટેટ હાઇવે પર મોડી રાત્રે બે બાઇક આમનેસામને ટકરાયા હતાં જેમાં બે યુવાનો મોતને ભેટ્યાં હતાં, જ્યારે એકની હાલત ગંભીર થઇ ગઇ હતી. બાઇક પર જઇ રહેલા યુવાનનું હેલ્મેટ પહેરેલું હોવા છતાં ઇજા પહોંચતા અકસ્માતમાં મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનારા યુવકોમાં એક કૌશિક પંચાલ હતો, જે હિંમતનગરના બામણાનો રહેવાસી હતો, જ્યારે અન્ય યુવક મહેશ નીનામા હતો જે વિજયનગરના ચિત્રોડાનો વતની હતો. ■